بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)


**તા. ૦૧-ઓકટોબર-૨૦૧૧**

શવ્વાલુલ મુકર્રમ-ઝી કઅદા

હિજરી સન : ૧૪૩૨

વર્ષ : ૦૮, અંક : ૧૦, સળંગ અંક : ૯૪

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી (B.Sc.) દયાદરવી


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | બ્રિટીશ અભિનેત્રીનો ઈસ્લામ સ્વીકાર | ૦૨ |
| ૦૨ | **સૌથી બદ્તરીન બિદઅતી તથા ગુમરાહ કોણ ?!** | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૨ |
| ૦૪ | ઈન્ડિયન મુજાહિદીનના નામે આતંક | ૧૩ |
| ૦૫ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૪ |
| ૦૬ | શિફા શરીફ | ૧૬ |
| ૦૭ | હ઼દાઈકે઼ બખ્શિશ | ૧૮ |
| ૦૮ | અવલિયા અલ્લાહની કરામતો | ૨૨ |
| ૦૯ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૨૩ |
| ૧૦ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૨૫ |
| ૧૧ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૮ |
| ૧૨ | હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ | ૩૦ |
| ૧૩ | વિશ્વમાં પ્રસરતુ બેહયાઈનું ક઼ાબૂ બહાર પુર ! | ૩૩ |
| ૧૪ | અહલે સુન્નતનો સર્વમાન્ય અક઼ીદો...... | ૩૫ |
| ૧૫ | ચીનમાં આતંકવાદના નામે ધર્મ સ્વતંત્રતા..... | ૩૯ |
| ૧૬ | ઈસ્લામી જગતમાં જાગૃતિની નવી લહેરની ભીતરમાં | ૪૦ |
| ૧૬ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૭ |


## ઈબ્લીસ કા વહાબી સે સવાલ

- ★ મૈં ભી તૌહીદી તૂ ભી તૌહીદી
- ★ મૈં ભી નમાઝેં બહોત પઢ્હતા થા તૂ ભી બહોત પઢ્હતા હૈ
- ★ મૈં ભી અલ્લાહ કે સિવા કિસી કી તા'ઝીમ નહીં કરતા તૂ ભી નહીં કરતા
- ★ મૈંને અંબિયા કી તૌહીન કી તૂ ભી અંબિયા કા ગુસ્તાખ
- ★ મૈંને ભી રસૂલ કી અઝમત કો નહીં માના
- ★ તૂ ભી રસૂલ صلی اللہ علیہ وسلم કી અઝમત કા મુન્કિર
- ★ મૈંને રસૂલ કો સિર્ફ બશર કહા તૂ ભી રસૂલ કો સિર્ફ બશર કહતા હૈ
- ★ મુઝે ભી રસૂલ કી પૈદાઈશ પર દુઃખ હુવા, મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم પર ખુશ તૂ ભી નહીં

**ફિર ઈન્સાફ સે બતા ?**

**મૈં તો હો ગયા શૈતાન ! તૂ ફિર ભી મુસલમાન ?!!**

# બ્રિટીશ અભિનેત્રીનો ઈસ્લામ સ્વીકાર

કાર્યાલય

બ્રિટીશ અભિનેત્રી મરયમ ફ્રાન્કોઈસ–કેરાએ તાજેતરમાં ઈસ્લામ અંગીકાર કર્યો હોવાનું જાહેર કર્યું છે. તેણીએ ૧૯૯૦માં ફિલ્મ "સેન્સ એન્ડ સેન્સીબિલીટી"માં બાળ અભિનેતા તરીકે કામ કર્યું છે. હઝરત મુહમ્મદ ﷺથી પ્રેરિત શિર્ષકવાળા ઘણા આલ્બમમાં તેણીએ યોગદાન આપ્યો છે. ઈસ્લામ અંગીકાર કર્યા બાદ મરયમના પ્રત્યાઘાત **onislam.net** પર આ પ્રમાણે હતા :–

કેમ્બ્રીજમાંથી ગ્રેજ્યુએટ બની મેં ઈસ્લામ અંગીકાર કર્યો તે પૂર્વે હું કેથલિક ખ્રિસ્તી હતી. ગોડ (અલ્લાહ)માં શ્રદ્ધા ધરાવતી હતી પણ મનઘડત ધર્મમાં શ્રદ્ધા ધરાવતી ન હતી. મારા પરિવર્તનનું કારણ કુર્આન છે. પ્રારંભમાં મેં કુર્આનનું અધ્યયન આક્રોશપૂર્વક શરૂ કર્યું કે જેથી મારા મુસ્લિમ મિત્રોને ખોટા સાબિત કરી શકું, બાદમાં મેં વધુ ખુલ્લા મનથી કુર્આનનું અધ્યયન શરૂ કર્યું.

અલ્ ફાતિહાના પ્રારંભમાં સમગ્ર માનવજાત સાથે સંબોધને મારા વિચારોમાં રોક લગાડી. તેણે (કુર્આન) તે ગ્રંથો વિશે વાત કરી જે બંનેને હું જાણતી હતી. કુર્આને મને સમજણ આપી કે મારા નસીબ, મારા અમલ અને મારા પ્રત્યાઘાતો અંગે હું એકલી જ જવાબદાર ઠરાવવામાં આવીશ.

સગાવાદ શાસિત આ વિશ્વમાં કુર્આને નૈતિક સત્ય ઉજાગર કર્યું છે અને નૈતિક્તાનો પાયો નાખ્યો છે. જેને ફિલોસોફીમાં રસ હોય તેમને જણાશે કે કેન્ટ, હુમે, સારટ્રે, અરીસ્ટોટલની તમામ ફિલોસોફીથી સર્વોચ્ચ કુર્આન છે. માનવના અસ્તિત્વ અંગેના સદીઓ જૂના પ્રશ્નનો જવાબ કુર્આનમાં છે કે, "આપણે અહીં શા માટે છીએ ?" હઝરત મુહમ્મદ ﷺ એક અતિ મહત્વપૂર્ણ અભિયાન પર હતા જે મિશન પર હઝરત મૂસા, હઝરત ઈસા અને હઝરત ઈબ્રાહીમ હતા. (عَلَيْهِمُ السَّلَام) મેં મારા ધર્માંતરણને મારી પરંપરા વિરુદ્ધની પ્રતિક્રિયા તરીકે નથી જોયું. એનાથી વિપરિત હું જે છું તેને યોગ્ય રીતે સમજી છું અને મારા વિચારો પ્રશંસનીય છે. મને લાગે છે કે મસ્જિદોમાં જોઈએ તેવી દાવત (બિન મુસ્લિમો માટે) નથી અને જાણ્યું કે નિયમો તથા રિવાજ ગુંચવાડા અને મુંઝવણભર્યા છે જેથી હું તરત જ મુસ્લિમ સમુદાય સાથે ઓળખ સ્થાપિત ન કરી શકી. મુસ્લિમો અંગે મને ઘણી બાબતો પ્રતિકૂળ જણાયી અને તેમનું વલણ મુંઝવણમય લાગ્યું. બાતિન (આંતરિક)ને બદલે જાહેર (બાહ્ય) બાબતો પર મુસ્લિમોનું ધ્યાન આપવું મને ઘણુ પીડાદાયક લાગ્યું. *(મુસ્લિમોએ આ બાબતે ગંભીરતાથી વિચારી સ્વાગતમય વલણ અપનાવવું જોઈએ. –તંત્રી )*

ઈસ્લામ કોઈ અજાણ્યો (નવો) ધર્મ નથી. આપણે આપણી બધી ઓળખ ખોઈ બેઠા છીએ એવું ન લાગવું જોઈએ. આપણી અંદર રહેલી અચ્છાઈને ઈસ્લામ યોગ્ય ઠરાવે છે અને બુરાઈને પાક સાફ કરવાનું કહે છે. ઈસ્લામે હમેશાં સંતુલન જાળવ્યું છે અને મને લાગે છે હઝરત મુહમ્મદ ﷺનો મૂળ પયગામ છે કે આપણા દરેક કાર્યમાં સંતુલન તથા સમાનતા હોવી જોઈએ.

હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺએ ફર્માવ્યું છે કે, જે તમને તકલીફ આપે તેમને માફ કરો, જે તમારાથી સંબંધ તોડે તેનાથી સંબંધ જોડો, જે તમારી બુરાઈ કરે તેના પ્રત્યે સારો વર્તાવ કરો, હમેશાં સત્યોચ્ચાર કરો ચાહે તે તમારી વિરુદ્ધ હોય. ઈસ્લામની સુંદરતા તેના શુદ્ધ અમલીકરણમાં છે અને તેનું શુદ્ધ અમલીકરણ ત્યારે જ થઈ શકે છે જ્યારે તે સમાજ, માનવજાત અને વિશ્વના સુધારણાનું માધ્યમ બને. *(ફારૂક સાપ્તાહિક, ૯–૯–૨૦૧૧)*

# સૌથી બદ્‌તરીન

## બિદઅતી તથા ગુમરાહ કોણ....... (?!)

તંત્રી લેખ.....

**સૂના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હય**
**સોનેવાલો જાગતો રહીયો ચોરોં કી રખવાલી હૈ**

દારુલ ઉલૂમ કંથારીયા (જિ. ભરૂચ)થી પ્રગટ થતા "દારુલ ઉલૂમ" નામના માસિકના સપ્ટે. ૨૦૧૧ અંકના પેજ : ૩૫ ઉપર એક હદીષ ટાંકી છે, લખે છે :–

> *"આક઼ાએ દો જહાં હઝરત મુહમ્મદ મુસ્તફા (ﷺ)એ ફર્માવ્યું, દીનમાં સહેજ પણ વધારો કરશો નહીં.... કારણ કે........દીનમાં દરેક નવી વાત, નવો અમલ એ સદંતર ગુમરાહી ભર્યું છે. (પછી લખ્યું છે) અને દરેક ગુમરાહી દોઝખના અઝાબો માટે સબબરૂપ છે." (હવાલો નથી લખ્યો)*

ત્યારબાદ "૪૦ બિદઅતો" દર્શાવી છે જેમાં મોટા ભાગનાં કામો અહલે સુન્નત વ જમાઅતના ઉલમાનાં જ જાઈઝ ઠરાવેલાં છે, અને સેંકડો વરસોથી અહલે સુન્નતના મામૂલાતમાં સામેલ છે. અને અમુક કામો ઉલમાએ નાજાઈઝ ઠરાવેલ છે તેને પણ લિસ્ટમાં ગણાવેલ છે. હવે ધ્યાનથી વાંચશો.

બિદઅત એટલે શું ? બિદઅતના પ્રકારો કેટલા ? કયા કયા ? તેમજ આ હદીષની શરહમાં મુહદ્દિષો તથા ફક઼ીહોએ શું ખુલાસા રજૂ કર્યા છે એનું વિગતવાર વર્ણન એ એક અલગ પ્રકરણ છે. પણ અહીં આ જ જાહેરી હદીષ તથા તેના જાહેરી અર્થ હેઠળ જ એની ચર્ચા કરીએ.

### ★ સૌથી બુરી બિદઅત એ અક઼ીદામાં નવી વાત છે ★

**બિદઅતના બે પ્રકારો છે :** **૧.** અક઼ીદામાં બિદઅત **૨.** અમલમાં બિદઅત. એમાં સારી બિદઅત તથા બુરી બિદઅત બે પ્રકાર છે, અને અક઼ીદામાં બિદઅત એ સૌથી બુરી બિદઅત છે. હવે જુઓ કે આ જ દેવબંદીઓના રજૂ કરેલા બિદઅતના ક઼ાનૂન હેઠળ સૌથી "બદ્‌તર બિદઅતી" તેઓ પોતે જ ઠરે છે ! તે જાણવા તેમની નીચે દર્શાવેલ બિદઅતોને ધ્યાનથી વાંચી જશો. શરીઅતમાં સામાન્યતઃ બિદઅત એ ચીજને કહે છે જે નબી કરીમ ﷺની જાહેરી હયાત પછી નીકળી. અહીં દેવબંદી અક઼ીદા રજૂ કરીએ છીએ જે ખરેખર નબી કરીમ ﷺ બલ્કે સહાબાએ કિરામ કે તાબઈન કે કોઈ પણ અલ્લાહના વલીના હતા નહીં, તૌહીદની આડમાં તૌહીને નબી કરતા આ નવા અક઼ીદા, દીનમાં નવી વાત, નવી માન્યતા કાઢનારા વહાબી દેવબંદીઓ પોતે જ છે, તે આ પ્રમાણે છે કે :–

**દેવબંદી અક઼ીદો નં. ૧ :–**

> *વળી, આ બાબતમાં (એટલે ગયબની વાત જાણવામાં) **નબી, વલી, જિન્નાત, શયતાન, ભૂત, પલિત** અને પરી વગેરે **સર્વ એક સરખાં** છે, જેની સાથે આ મામલો કરાશે **શિર્ક** લેખાશે અને કરનાર **મુશ્રિક** ઠરશે. (તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, મૂળ લેખક : ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૩૪, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

**નોંધ** : જ્યારે કે નબી પાક ﷺને ગયબનો ઈલ્મ અલ્લાહે અતા કર્યો એના માટે કુર્આનમાં અનેક આયતો છે, હદીષો પુષ્કળ છે (અમુક આગળ વર્ણન થશે) છતાં આ ગુસ્તાખે નબી દેવબંદીઓ જાતે જ હઠ કરીને કુર્આન કરતાં વિશેષ જેને પોતે માને છે તે તેમની કિતાબ "તક્વિયતુલ ઈમાન"ને વળગી રહીને આવા નવા કુફ્રી અક઼ીદા દીનમાં કાઢી પોતે જ "બદ્તરીન બિદઅતી" પુરવાર ઠર્યા છે, કેમ કે આવો અક઼ીદો ન કોઈ સહાબી, તાબઈ કે વલીનો હતો.

**દેવબંદી અક઼ીદો નં. ૨ :–** બીજ ઠેકાણે લખે છે :–

*અહીં આ વાત ખાતરીપૂર્વક જાણી લેવી જોઈએ કે દરેક માણસ ચાહે તે મહાનથી મહાન ઈન્સાન હોય (એટલે નબી ﷺ) કે નિકટવર્તી ફરિશ્તો, અલ્લાહ તઆલાની ઉચ્ચ શાનની સામે તો એની હૈસિયત એક ચમારથી પણ ઉતરતી કક્ષાની છે. (તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, મૂળ લેખક : ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૪૯, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

**નોંધ** : આવું ન નબી ﷺએ કે કોઈ સહાબીએ કદી વર્ણવ્યું છે ન આવા શબ્દોમાં પોતાનો અક઼ીદો જાહેર કર્યો છે, આવી નવી ગુસ્તાખીપૂર્ણ વાત તથા રજૂઆત એ દેવબંદી વહાબીઓની જ ઉપજ છે જે તેમના "સૌથી બદ્તર બિદઅતી તથા ગુમરાહ" હોવાને પુરવાર કરે છે.

**દેવબંદી અક઼ીદો નં. ૩ :–** કુર્આનની આયતનો ગલત અર્થ દર્શાવીને લખે છે કે :–

*"આ આયતથી સ્પષ્ટ થયું કે જો કોઈ માણસ એવો દાવો કરે છે કે હું એવું ઈલ્મ જાણું છું જેના વડે ગયબની વાતો માલૂમ કરી લઉં છું અને ભૂતકાળ તથા ભવિષ્યકાળની વાતો બતાવી શકુ છું તો તે સાવ જૂઠો અને 'ખુદાઈનો દાવેદાર' છે,* ***જો કોઈ માણસ કોઈ નબીને કે વલીને......... આ પ્રકારનાં (ગયબ જાણનાર) માને તો એવો માણસ 'મુશ્રિક' અને આ આયતનો મુન્કિર બની જાય છે.*** *(તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, મૂળ લેખક : ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૬૮, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

**નોંધ** : આ દાવો તો હઝરત ઈસા તથા હઝરત યૂસુફ علیہم السلام એ પણ કર્યો હતો અને તેનું તો વર્ણન કુર્આન શરીફમાં છે : وَاُنَبِّئُكُمْ بِمَا تَاْكُلُوْنَ وَمَا تَدَّخِرُوْنَ فِيْ بُيُوْتِكُمْ "અને ખબર આપુ છું તમને એ ચીજની સાથે કે ખાવ છો તમે અને જે કાંઈ ભેગુ કરો છો તમો ઘરોમાં તમારા. (સૂરએ આલિ ઈમરાન, આયત : ૪૯, તર્જુમો : દેવબંદી મૌલ્વી અશરફઅલી થાનવી)

હઝરત યૂસુફ علیہ السلام કેદખાનામાં કેદીઓને સ્વપ્નની તાબીર બતાવતાં પહેલાં ફર્માવે છે :–

قَالَ لَا يَاْتِيْكُمَا طَعَامٌ تُرْزَقٰنِهٖۤ اِلَّا نَبَّاْتُكُمَا بِتَاْوِيْلِهٖ قَبْلَ اَنْ يَّاْتِيَكُمَا ؕ ذٰلِكُمَا مِمَّا عَلَّمَنِيْ رَبِّيْ ؕ

"જે ખાવા (ભોજન) તમારી પાસે આવે છે જે તમને ખાવા માટે મળે છે, હું તેના આવતા પહેલાં તેની હક઼ીક઼ત બતાવી આપું છું. આ બતાવી દેવું તે ઈલ્મની બદૌલત (કારણે) છે જેની મને મારા પરવરદિગારે તાલીમ ફર્માવી છે." *(સૂ. યુસૂફ–૩૭, તર્જુમો : દેવબંદી મૌલ્વી અશરફ અલી થાનવી)*

આ ગયબની ખબરનો દાવો છે કે અલ્લાહે તેમને આ ઈલ્મ આપ્યો છે. તો વિચારો દેવબંદી કંથારવીની

નજરમાં હઝરત ઈસા તથા હઝરત યૂસુફ عليهما السلام શું ઠર્યા ?

તેમજ હુઝૂર ﷺ માટે કુર્આનમાં છે :– اَلرَّحْمٰنُۙ عَلَّمَ الْقُرْاٰنَؕ خَلَقَ الْاِنْسَانَۙ عَلَّمَهُ الْبَیَانَ

**(અર્થ)** :"રહમાને પોતાના મહબૂબને કુર્આન શીખવાડયું, ઈન્સાનિયતની જાન મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પેદા કર્યા, **મા કાન વમાયકૂન** (ભૂત, વર્તમાન, ભાવિ)નું વર્ણન તેમને શીખવાડયું. *(સૂરએ રહમાન, આયત–૧,૨,૩, પારા–૨૭)*

عٰلِمُ الْغَیْبِ فَلَا یُظْهِرُ عَلٰی غَیْبِهٖۤ اَحَدًا **(અર્થ)** : "તો (રબ) પોતાના ગયબ પર કોઈને માહિતગાર નથી કરતો, તેના પસંદીદા રસૂલો સિવાય." *(સૂરએ જિન, પારા–૨૯, આ. ૨૬,૨૭)*

તેમજ આકાએ દો જહાં ﷺએ પણ આ દાવો કર્યો છે, જેમ કે સહીહ બુખારી શરીફની હદીષે પાકમાં છે : "જ્યારે હુઝૂર ﷺના સાહબઝાદા ઈબ્રાહીમનો વિસાલ થઈ ગયો તો ફર્માવ્યું, "એમના માટે જન્નતમાં એક દૂધ પીવડાવનારી છે." *(સહીહ બુખારી શરીફ)*

આપે દુનિયામાં બેસીને જન્નતની ખબર આપી ! આ ગયબ ન થયું ? તેમજ આપ ﷺના વિસાલ વેળા પાક બીવીઓએ પૂછયું કે, "અમારામાંથી જલ્દી તમને કોણ મળશે ? તો ફર્માવ્યું, જેનો હાથ સૌથી લાંબો છે." (તે પત્ની પ્રથમ વિસાલ પામશે). *(સહીહ બુખારી શરીફ, ૧/૧૯૧)* આ ગયબની વાત ન થઈ ?! આ હદીષો તેમને કેમ દેખાતી નથી ?! એટલા માટે કે દિલમાં નિફાક છે. તેમજ અન્ય હદીષોમાં આ પ્રમાણે છે :–

- ★ બુખારી શરીફ તથા મિશ્કાત શરીફ (ભાગ–૨) માં હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہથી રિવાયત છે : (અર્થ) : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એક જગાએ અમારા વચ્ચે રોકાયા પછી અમને પેદાઈશની ખબર આપી, એટલે સુધી કે જન્નતી લોકો જન્નતમાં અને જહન્નમીઓ જહન્નમમાં પહોંચી ગયા ત્યાં સુધીની ખબર કહી આપી. જેણે યાદ રાખ્યું તેણે યાદ રાખ્યું અને જે ભૂલી ગયો તે ભૂલી ગયો.
- ★ મિશ્કાત બાબુલ મો'જિઝાતમાં મુસ્લિમથી અમ્ર ઈબ્ને અખ્તબની રિવાયતથી એ જ પ્રમાણે નકલ કરે છે પણ એમાં એટલું વધારે છે કે, "અમને તમામ પ્રસંગોની ખબર આપી દીધી જે કિયામત સુધી થનાર છે. તો અમારામાં મોટો આલિમ તે છે જે એ વાતોને અધિક યાદ રાખનારો હોય."
- ★ મુસ્લિમ (ભાગ–૨) માં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે (અર્થ) : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ગઝવએ બદરના આગલા દિવસે ફર્માવ્યું કે, અહીં ફલાણી વ્યકિતને (કત્લ થઈને) પડવાની જગા છે, અહીં ફલાણી વ્યકિત, અને પોતાના હાથ મુબારકથી જગા તરફ ઈશારો કરતા રહ્યા. રાવીએ ફર્માવ્યું કે, "કોઈ પણ કત્લ થનારાઓમાંથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની નિશાની કરેલી જગાએથી જરા પણ ખસ્યો નહીં, ત્યાં જ પડયો."
- ★ બુખારી શરીફમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالیٰ عنہماથી નકલ થયેલ છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બે કબરો પાસેથી પસાર થયા જેમાં અઝાબ થઈ રહ્યો હતો. કારણ એ કે એક પેશાબના છાંટાથી બચતો ન હતો બીજો ચુગલીખોર હતો. આપે એક લીલી ડાળી લઈને તેના બે ભાગ કર્યા પછી બંને કબર પર એક એક રાખી દીધી ને ફમાવ્યું કે જ્યાં સુધી આ સૂકાશે નહીં ત્યાં સુધી આ બંનેના અઝાબમાં કમી કરવામાં આવશે.

કબરમાં કોણ છે ? તેના પર અઝાબ થાય છે ? શા માટે થાય છે ? તેના અમલ શું હતા ? શું આ ગયબની વાતો નથી ? તો રસૂલે પાક ﷺ ગયબ જાણતા હતા એ હદીષથી પુરવાર થયું કે નહીં ?!

- સૂરએ આલે ઈમરાન, આયત–૧૭૯ ની તફસીર હેઠળ "તફસીરે ખાઝિન"માં છે કે, "મારી સમક્ષ ઉમ્મત પેશ કરવામાં આવી અને મને બતાવી દેવામાં આવ્યું કે કોણ ઈમાન પર મરશે અને કોણ કુફ્ર પર." આ ખબર ત્યારના મુનાફિક઼ોને મળી તો તેઓ હસી મઝાક કરવા લાગ્યા કે લો ! તેમને લોકોની પેદાઈશથી પહેલાં જ કાફિર તથા મો'મિન થનારની ખબર થઈ ! જ્યારે અમે તો તેમની સાથે રહીએ છીએ છતાં અમને તો ઓખળતા નથી ! આ ખબર હુઝૂર ﷺને થઈ તો મિમ્બર પર ઉભા થયા અને ખુદાની હમ્દો ષના કરી ફર્માવ્યું કે, "ક઼ૌમનો શું હાલ છે કે મારા ઈલ્મ પર તાણા મારે છે ! અત્યારથી લઈને ક઼િયામત સુધીની કોઈ પણ ચીજના બારામાં જે પણ તમે મને પૂછશો તેની હું ખબર આપીશ !" જાણવા મળ્યું કે **રસૂલ ﷺના ઈલ્મે ગયબનો ઈન્કાર કરવો એ મુનાફિક઼ોની જ આદત છે !**

હવે કહો ! વહાબી દેવબંદી કંથારવીઓનું ઉપરોક્ત બ્લોકમાંનું લખાણ એ તેમને બદ્તરીન બિદઅતી તથા ગુમરાહ નથી ઠરાવતું ?! કુર્આન તથા હદીષને જૂઠલાવનારાથી મહાન બિદઅતી તથા ગુમરાહ કોણ ?!

### દેવબંદી અક઼ીદો નં. ૪ :–

એ જ નવા ધર્મવાળા દેવબંદીઓની બંધારણીય કિતાબમાં છે :–

> *"જે લોકો બુઝુર્ગોને દૂરદૂરથી પોકારે છે અને એમને પોકારીને માત્ર આટલુ જ કહે છે કે, યા હઝરત ! આપ દુઆ ફર્માવો કે અલ્લાહ તઆલા અમારી હાજત પૂરી કરી આપે તો આ પણ 'શિર્ક' ગણાશે."(તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, મૂળ લેખક : ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૭૩, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

આવો કોઈ સહાબી કે તાબઈ કે બુઝુર્ગનો અક઼ીદો ન હતો, બલ્કે હદીષમાં છે કે સહાબાએ યુદ્ધમાં તથા અન્ય ઠેકાણે મુસીબતના સમયે હુઝૂર ﷺને "યા મુહમ્મદહ્ !" કહીને પોકાર્યા છે. બલ્કે હદીષોમાં ખૂદ હુઝૂરે મુસીબતમાં પોતાને પુકારવાની તા'લીમ આપી છે. *(જુઓ બુખારી)*

આ જૂઠી તૌહીદના ઠેકેદારો, શયતાની તૌહીદના ચેલાઓ પોતે પોતાને "હનફી" તથા "અહલે સુન્નત" પણ કહે છે ! પણ એ વાતો લોકોને ધોકામાં રાખવા માટે જ કરે છે. નહીં તો "અહલે સુન્નત વ જમાઅત"ના મહાન પેશવા તથા હનફીઓના ઈમામ **ઈમામે આ'ઝમ અબૂ હનીફા** رضی اللہ عنہ રસૂલે પાક ﷺની બારગાહમાં કૂફામાં (ઈરાક) રહીને આ પ્રમાણે પોકારે છે :–

"હે સમગ્ર મખ્લૂકાતથી વધુ બુઝુર્ગ ! હે નેઅમતે ઈલાહીના ખજાના ! આપની સખાવતથી મને પણ અતા ફર્માવો તેમજ આપની રજાથી મને પણ નવાજો. હું આપની સખાવતનો ઉમ્મીદવાર છું કારણ કે આપ સિવાય **યા રસૂલલ્લાહ** ! તમામ મખ્લૂકમાં અબૂ હનીફાનો કોઈ સહાયક તથા મદદગાર નથી." *(ક઼સીદએ નોઅમાની)*

જુઓ ! મુજતહિદીનના ઈમામ, તાબઈનોમાં અફઝલ, ઈમામે આઝમ અબૂહનીફા رضی اللہ عنہ કૂફા (ઈરાક)ની ધરતી પરથી પોતાના પ્યારા આક઼ા ﷺને મદદ માટે પુકારી રહ્યા છે અને તેમનાથી ભીખ માગી રહ્યા છે.

બતાવો ! દેવબંદી મનુબરી, ભડકોદ્રવી, કંથારવીના અક઼ીદા પ્રમાણે ઈમામે આ'ઝમ શું ઠર્યા ? આવા તો અસંખ્ય બુઝુર્ગોના "યા"થી પોકારવાના દૃષ્ટાંતો છે જેથી દેવબંદી તૌહીદના આધારે તો કોઈ બુઝુર્ગ "મુશ્રિક" તથા બિદઅતી હોવાના આક્ષેપથી બચી શકશે નહીં ! બલ્કે ખૂદ એ દેવબંદીઓના પેશવાઓ પણ એમના ક઼ાનૂન હેઠળ મુશ્રિક ઠરે છે. દેવબંદી મોલ્વી આશિક઼ ઈલાહી મેરઠીએ મોલ્વી રશીદ અહમદ ગંગોહીના જીવન વૃતાંતમાં "તઝકેરતુર્રશીદ" કિતાબ લખી તેમાં મોલ્વી અશરફ઼ અલી થાનવીએ ગંગોહીને સંબોધીને લખેલી મન્ક઼બત સામેલ છે તેમાં છે :–

*"યા મુર્શિદી યા મૌલાઈ યા મઝફ઼ઈ, યા મલ્જાઈ, ફ઼ી મબ્દઈ વ મોઅદી...." આ પ્રમાણે પૂરી મન્ક઼બતનો સાર આ પ્રમાણે છે : "યા મારા મુર્શિદ ! યા મારા મૌલા ! યા મારી દહેશત (ભય)માં હુંફ઼ આપનાર ! મારા દીન તથા દુનિયાના પનાહ આપનાર ! હે મારી ફ઼રિયાદ સાંભળનાર ! મારા પર દયા કરો ! ......... યા મારા મુર્શિદ ! અલ્લાહ વાસ્તે મારી મદદ ફ઼ર્માવો ! એટલા માટે કે તમે આપનારા છો અને હું તમારો ભીખારી છું." (તઝકેરતુર્રશીદ, સંપાદક : દેવબંદી આશિક ઈલાહી મેરઠી, પેજ : ૧૧૪)*

હે મુસલમાનો ! પોતાના પેશવાને "યા"થી પોકારનાર આ દેવબંદી મોલ્વી થાનવી આ દેવબંદીઓના જ ક઼ાયદા હેઠળ મુશ્રિક ઠર્યા કે નહીં ? અને છતાં આવા મુશ્રિકને પેશ્વા માનીને આ દેવબંદી મોલ્વીઓ મનુબરી તથા ભડકોદ્રવી કંથારવીઓ શું ઠર્યા ?! ઈન્સાફ઼થી જવાબ આપો ?!

હજી આગળ ચાલો ! નીચે દેવબંદી અક઼ીદો નં. ૫ રજૂ કરીએ છીએ, એવો પણ કોઈ સહાબી કે તાબઈ કે વલીનો અક઼ીદો હતો નહીં, જેથી આ અક઼ીદો રાખનાર "બદ્તરીન બિદઅતી તથા ગુમરાહ" છે. કુર્આની આયતનો ગલત અર્થ રજૂ કરતાં લખે છે :–

## દેવબંદી અક઼ીદો નં. ૫ :-

*અલ્લાહ તઆલાએ આપને જ આ હુકમ ફ઼ર્માવ્યો કે લોકોની સામે પોતાની વિસાત (હૈસિયત) વર્ણવી દો કે મને કાંઈ જ કુદરત પ્રાપ્ત નથી અને હું ગૈબ પણ જાણતો નથી. મારી કુદરતનો અંદાજો આટલેથી જ લગાડી લો કે **હું સ્વજાત (પોતાના) માટેય નફ઼ા-નુકસાનનો માલિક નથી તો બીજાઓને શું લાભ પહોંચાડી શકવાનો !** (તક઼વિયતુલ ઈમાન-ગુજરાતી, મૂળ લેખક : ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૭૪, ૭૫, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

સારાંશ કે નબી ﷺ પોતાની જાત માટે જ કાંઈ કરવા શક્તિમાન નથી તો બીજાને શું લાભ પહોંચાડી શકે ?! બોલો ! આ કોઈ મુસલમાનનો અક઼ીદો હોઈ શકે છે ?!

હુઝૂર ﷺના અલ્લાહના આપેલા અધિકારો ઈખ્તિયારો બાબતે ઘણી આયતો તથા પુષ્કળ હદીષો મૌજૂદ છે પણ આ દિલના આંધળાઓનો અક઼ીદો કેટલો નીચ તથા ગુસ્તાખીપૂર્ણ છે તે જોઈ લો !

વિચારો ! જ્યારે કે હઝરત શયખ અબ્દુલહક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ તો ફ઼ર્માવે છે કે, "બાદ અઝ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તસર" એટલે હુઝૂર ﷺની પ્રશંસા કયા શબ્દોમાં કરે ?! તો છેલ્લે એટલું કહી વાત પૂર્ણ કરી કે, "ખુદા બાદ અગર કોઈનો મહાન મર્તબો છે તો તે નબી ﷺનો છે." જ્યારે આ વહાબી આગળ હુઝૂર ﷺની આ હૈસિયત છે, દેવબંદી અક઼ીદો અલ્લાહના નબી માટે આવો છે ! જે ન

કોઈ સહાબી કે તાબઈ કે કોઈ બુઝુર્ગનો હતો જેથી આ નવો અક઼ીદો ઘડનાર વહાબી દેવબંદી કંથારવી "બદ્‌તરીન બિદઅતી તથા ગુમરાહ" છે. એ પુરવાર થાય છે. હજી આગળ જોતા ચાલો ! :–

**દેવબંદી અક઼ીદો નં. ૬ :-**

*અલ્લાહ તઆલા પોતાના બંદાઓની સાથે દુનિયામાં યા ક઼બ્રમાં કે આખેરતમાં જે વર્તાવ કરશે એની હક઼ીક઼ત અલ્લાહ તઆલા સિવાય કોઈ જાણતુ નથી. ન કોઈ નબી અને ન તો કોઈ વલી–બુઝુર્ગ આ હક઼ીક઼ત જાણે છે. તેઓ જ્યારે પોતાની હાલત જાણતા નથી તો બીજાઓની હાલત કેવી રીતે જાણી શકવાના હતા ?! (તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, મૂળ લેખક : ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૮૦, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

શું આ મુસલમાનની બોલી લાગે છે ?! આવો અક઼ીદો કોઈ સહાબી કે તાબઈ કે બુઝુર્ગનો હતો નહીં કે, **"નબી ﷺને ક઼બ્રમાં તથા આખેરતમાં–ક઼યામતમાં પોતાની શું હાલત થશે એની પણ ખબર ન હતી !"** આ નવો અક઼ીદો વહાબી મનુબરી ભડકોદ્રવી કંથારવીઓનો જ છે ! જેથી પુરવાર થયું કે સૌથી બદ્‌તરીન બિદઅતી તથા ગુમરાહ એ જ વહાબી દેવબંદી કંથારવીઓ જ છે. હુઝૂરે પાક ﷺની નીચેની સહીહ હદીષ વાંચો અને વિચારો કે આ દેવબંદીઓ નબી પાક ﷺના કેટલા મહાન ગુસ્તાખ તથા ઈસ્લામ તેમજ મુસલમાનોના કેટલા ખતરનાક દુશ્મન છે ?!

### ★ દેવબંદીઓની એક અજબની મઝાક ! ★

વળી દારુલ ઉલૂમ કંથારીયા (જિ. ભરૂચ)થી પ્રગટ થયેલ "દારુલ ઉલૂમ" માસિક સપ્ટેમ્બર–૨૦૧૧ના પેજ ૩૫ ઉપર આ બહુરૂપીઓ હદીષ વર્ણવતાં પહેલાં લખે છે કે, "આક઼ાએ દો જહાં ﷺ" હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺએ ફર્માવ્યું......" હવે વિચારો ! "આક઼ાએ દો જહાં" એટલે **બંને જહાન** એટલે **"દુનિયા તથા આખેરત"ના માલિક"** (આક઼ા એટલે માલિક). લોકોને છેતરવા મીઠી ભાષા વાપરે છે કે, "આક઼ાએ દો જહાં" જ્યારે કે તેમનો અક઼ીદો જે ઉપર વર્ણવ્યો તે એ છે કે, "નબી ﷺને દુનિયા કે આખેરતમાં ન કશો અધિકાર છે ન પોતાના માટે કાંઈ કરી શકે છે, એટલે તદ્દન આજિઝ તથા લાચાર બંદા તેમને ઠરાવી રહ્યા છે ! ન તેમને ક઼બ્રમાં, આખેરતમાં પોતાનો અંજામ શું થશે તેની ખબર છે !" અને ઉપરથી લખે છે કે "આક઼ાએ દો જહાં" તો શું આ અજબની મઝાક તથા ધોકાબાઝી નથી ?! અમે પુરવાર કરીએ છીએ આ મહાન ધોકાબાઝી જ છે કેમ કે એ જ તક઼વિયતુલ ઈમાનમાં તો પોતાનો અક઼ીદો લખે છે :–

**દેવબંદી અક઼ીદો નં. ૭ :-**

*"જેનું નામ મુહમ્મદ (સલ.) કે અલી (રદિ.) છે તે કોઈ ચીજના માલિક અને મુખ્તાર નથી." (તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, મૂળ લેખક : ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૧૨૩, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

એ જ કિતાબમાં એક ઠેકાણે છે કે :–

*"સઘળો કારોબાર દુનિયાનો અલ્લાહના ચાહવાથી જ થાય છે રસૂલના ચાહવાથી કાંઈ નથી થતું." (તક઼વિયતુલ ઈમાન)*

હે મુસલમાનો ! શું અલ્લાહે એવા રસૂલ મુસલમાનોમાં મોકલ્યા કે જે લાચાર, વિવશ, તથા ઈલ્મથી કોરા આમ માણસ જેવા હોય ?! કાંઈ જ ઈલ્મ તથા અધિકાર અતા કર્યા વિના મોકલ્યા ?! ઉપરોક્ત બ્લોકમાં જણાવેલ સાતેવ અક઼ીદા જે દેવબંદીઓના છે તેને ફરીથી વાંચો, તેની "રજૂઆતનો અંદાઝ" જુઓ અને વિચારો કે શું જે મુહમ્મદ ﷺને "અલ્લાહના રસૂલ" પણ માને અને ઉપરથી આવા અક઼ીદા પણ રાખે એ શક્ય છે ?! કોઈ સહાબી કે બુઝુર્ગના આવા અક઼ીદા હતા નહીં અને આ તેમના નવા ગુસ્તાખીપૂર્ણ અક઼ીદા છે જે પુરવાર કરે છે કે "સૌથી બદ્‌તરીન બિદઅતી તથા ગુમરાહ" આ જ વહાબી, દેવબંદી કંથારવીઓ જ છે. કેમ કે હદીષે પાકમાં તો ઈખ્તિયાર બાબતે આવું વર્ણન છે :–

- ✪ મિશ્કાત શરીફમાં સૈયદુલ મુરસલીનના ફઝાઈલમાં છે કે, "મારી પાસે જમીનના ખજાનાઓની કૂંચીઓ લાવવામાં આવી અને મને સોંપવામાં આવી."
- ✪ મિશ્કાત શરીફ અખ્લાક઼ે નબીના પ્રકરણમાં છે કે "જો હું ચાહું તો મારી સાથે સોનાના પહાડ ચાલ્યા કરે."
- ✪ મિશ્કાત શરીફ કિતાબુલ ઈલ્મમાં છે : હુઝૂર ﷺ ફર્માવે છે, "અલ્લાહ આપે છે અને હું વહેંચુ છું." ખુદા દરેક ચીજ આપે છે અને હુઝૂર દરેક ચીજ વહેંચે છે. અને દરેક ચીજ તે જ વહેંચશે જેને માલિકે દરેક ચીજ આપી હોય. આનાથી હુઝૂર ﷺની માલિકી તથા કબજો સાબિત થયો.
- ✪ મિશ્કાત શરીફમાં છે કે : હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "મેં ગ્રહણની નમાઝમાં જન્નતને જોઈ અને તેનો ઝુમખો પકડયો. જો મેં તે ઝુમખો તોડી લીધો હોત તો તમે તેને ક઼િયામત સુધી ખાતા રહેતા."

**વિચારો** ! આથી વધારે શો ઈખ્તિયાર હોય ?! સાબિત થયું કે રબની અતાથી હુઝૂર ﷺ જન્નતના પણ માલિક છે, તેની દરેક ચીજના પણ માલિક છે.

**દેવબંદી અક઼ીદો નં. ૮ :–**

*"ખુદા જૂઠ બોલવા પર ક઼ાદિર છે." (રિસાલા યકરોઝી, લેખક : ઈસ્માઈલ દહેલ્વી)*

**નોંધ** : જૂઠ એક અયબ છે અને અલ્લાહ માટે દરેક અયબ અશક્ય છે.

**દેવબંદી અક઼ીદો નં. ૯ :–**

*"નમાઝમાં હુઝૂર ﷺનો ખયાલ (ધ્યાન) આવવું એ બળદ, ગધેડા અને વ્યભિચારના ખયાલ કરતાં બદ્‌તર છે." (સિરાતે મુસ્તક઼ીમ, લેખક : ઈસ્માઈલ દહેલ્વી)*

આવા બુરા અક઼ીદા કોઈ સહાબી કે બુઝુર્ગના હતા નહીં પણ દેવબંદીઓના નવા કાઢેલા છે જેથી એઓ બદ્‌તરીન બિદઅતી તથા ગુમરાહ ઠર્યા.

ઉપરોક્ત **દેવબંદી નવ અક઼ીદા** પર જ બસ નથી, બલ્કે આ બહુરૂપીઓએ પૂરી કિતાબમાં તથા અન્ય કિતાબોમાં તેમના અન્ય મૌલ્વીઓએ આ પ્રકારની અસંખ્ય વાતો કુર્આનની આયતોનાં ખોટા અર્થઘટનો કરીને શબ્દોની ચાલબાજી સાથે પ્રદર્શિત કરેલી છે. કાફિરો તથા મૂર્તિઓ માટે ઉતરેલી આયતોને મારી મચડીને મુસલમાનો તથા નબી વલીઓ પર ફિટ કરી છે કે જે ખારજીઓનો તરીક઼ો છે. એ દર્શાવે છે કે "સૌથી બદ્‌તરીન બિદઅતી તથા ગુમરાહ' તેઓ જ છે. આવો ! હવે "અમલી બિદઅતો" સંબંધે તેઓ કેવા બિદઅતી છે તેની ઝલક પણ જોઈ લઈએ. તેમની વ્યાખ્યા પ્રમાણે જે હુઝૂર ﷺના જમાનામાં ન હતું તે બિદઅત છે અને દરેક જ બિદઅત ગુમરાહી છે. તો આવો ! આ દેવબંદી કંથારવીઓ

કેટલી ચીજો હાલ કરે છે જે હુઝૂર ﷺના જમાનામાં ન હતી તે જોઈ લો ! :–

## ★ અમલો સંબંધી દેવબંદીઓની બિદઅતો તથા ગુમરાહીઓ ! ★

- ✪ આ પણ દીનમાં નવી વાત છે કે બાળકોને "ઈમાને મુજમલ" તથા "ઈમાને મુફસ્સલ" શીખવાડાય છે. તો આ બે પ્રકાર ઈમાનના પાડવા એ બિદઅત છે જે દરેક દેવબંદીના મદ્રસામાં ચાલુ છે.
- ✪ આ પણ દીનમાં નવી વાત છે કે દરેક મુસલમાન પાંચ કલ્મા યાદ કરે છે, તે કલ્મા તથા તેની સંખ્યા, તેનાં નામો "અવ્વલ કલમા તૈયબ, દોયમ કલમા શહાદત, સોયમ કલમા તમજીદ..... વગેરે બિદઅત જ છે, સહાબા, તાબઈન, તબે તાબઈનમાં આવા પાંચ પ્રકારના કલમા નથી પઢાવાયા. આ બિદઅત પણ દેવબંદીઓને ત્યાં જોરશોરથી ચાલે છે. વળી ઝરૂરતે મુસ્લિમીન વગેરે કિતાબોમાં નિય્યતોની રચના એ પણ બિદઅત છે જેને દેવબંદીઓ ગળે લગાડીને બેઠેલા છે.
- ✪ કુર્આનના ત્રીસ પારા બનાવવા, તેમાં ઝેર, ઝબર, પેશ, જઝમ વગેરે એઅ્રાબો લગાડવા, તેની ગોલ્ડન જિલ્દો (કવરો) કરવાં, બ્લોકથી કે કોમ્પ્યુટરથી રેડી કરી પ્રેસમાં છપાવવું આ બધું જ બિદઅત છે. પહેલો પારો બીજો પારો એ કુર્આનમાં ન હતું તો આ ત્રીસ પારા દેવબંદીઓ છપાવે છે એ પણ બિદઅત જ છે, અને દરેક બિદઅત ગુમરાહી છે તો હે દેવબંદીઓ ! આ બિદઅત કરી તમે બિદઅતી ન થયા ?!
- ✪ પુસ્તકના રૂપે હદીષનો સંગ્રહ, હદીષની સનદો બયાન કરવી, તેના પર વિવેચન, હદીષના પ્રકારો પાડવા જેમ કે સહીહ, હસન, ઝઈફ, મૌઝૂઅ, મરફૂઅ વગેરે બિદઅત છે. તેમાં પડેલા આ દેવબંદીઓ પણ "મહા બિદઅતી" જ છે ! છતાં ઢોંગીઓ અન્યને બિદઅતી કહીને ભાંડે છે !
- ✪ વળી ઉસૂલે હદીષ, ફિક્હ, ઉસૂલે ફિક્હ, ઈલ્મે કલામ...... આ સઘળુ બિદઅત છે તો તેમાં પણ આ દેવબંદીઓ વ્યસ્ત છે. ફિક્હની કિતાબો કોટે લગાડીને ફરે છે ! તો એ બિદઅતી થયા કે નહીં ?! ખત્મે બુખારીનો પ્રોગ્રામ બિદઅત જ છે તે પણ ન કરો !
- ✪ નમાઝમાં મોઢેથી નિય્યત કરવી બિદઅત છે. તેની સાબિતી પણ સહાબા કે તાબઈન, તબે તાબઈનના જમાના સુધી નથી જોવા મળતી. તો આ બિદઅત તથા ગુમરાહી નથી ?! તો એના પર અમલ કરીને દેવબંદીઓ બિદઅતી થયા કે નહીં ?!
- ✪ રમઝાનમાં તરાવીહ ૨૦ રકાત દરરોજ પઢવી, જમાઅતથી પાબંદીથી પઢવી એ પણ બિદઅત છે. અને તમારે ત્યાં તો દરેક બિદઅત ગુમરાહી છે ! તો મૂરખો ! જો બિદઅતી ન થવું હોય તો એ કામ ત્યજી દો ! **અરે બેવકૂફો ! આ કામને તો હઝરત ઉમરે ખૂદ "સારી બિદઅત" કહ્યું છે ! તો પછી "દરેક બિદઅત ગુમરાહી"નો અકીદો રાખીને તમે તો ક્યાંયના રહેશો નહીં!**
- ✪ મસ્જિદોને પાકી ચણાવવી, ગુંબદો બનાવવા, પંખા તથા ટયૂબ લાઈટો લગાડવી, ડેકોરેશનો કરવાં, ગાલીચા પાથરવા, માઈકો પર અઝાનો તથા ઈફતારી માટે વ્હીસલો વગેરે પણ બિદઅત જ છે જેનાથી આ દેવબંદીઓ બાકાત નથી !
- ✪ રોઝામાં સહેરી–ઈફતારની નિય્યતો પણ દીનમાં જ બિદઅત છે જેમાં પણ એઓ સપડાયેલા છે.
- ✪ ઝકાત ફિત્રામાં હાલનુ ચલણ તથા ચેક, ડી.ડી. વગેરે આપવું, પોસ્ટથી મનીઓર્ડર કરવો બિદઅત છે તેમાંય આ દરેક બિદઅત ગુમરાહી છે કહેનારા પડીને બિદઅતી તથા ગુમરાહ બનેલા છે.

★ હજ્જ માટે એરોપ્લેન, સ્ટીમર, ટ્રેઈન, બસ, મોટરો થકી પ્રવાસ કરવો, અરફાતમાં બસોમાં જવું સૌ બિદઅત છે અને તેમના ત્યાં દરેક બિદઅત ગુમરાહી છે તો તેમાંય આ દેવબંદીઓ સપડાયેલા છે.

★ ચાર મસ્લક હનફી, શાફઈ, માલિકી, હંબલી, ચાર સિલસિલા કાદરી, ચિશ્તી, નક્શબંદી, સુહરવર્દી, આ બધું જ દીનમાં બિદઅત છે અને તમારે ત્યાં દરેક બિદઅત ગુમરાહી છે તો તમે એમાં રહીને બિદઅતી તથા ગુમરાહ જાતે જ ઠરો છો !

આ સિવાય પુષ્કળ બિદઅતોમાં આ દેવબંદીઓ કંથારવીઓ સપડાયેલા છે. સ્વાતંત્ર્ય દિને મદ્રસા પર રાષ્ટ્રધ્વજ ફરકાવવો પણ બિદઅત છે, તેને સલામી પણ બિદઅત છે કે જે હુઝૂર, સહાબા કે તાબઈએ નથી કર્યા તે કામો તમે કરો છો તો તમે બિદઅતી નથી ?! દર વરસે દસ્તારબંદીના જલસા કરો છો, ચંદાની ચોપડીઓ કમિશન પર ફેરવો છો વગેરે બિદઅત જ છે તથા પગારોથી ઈમામો, મુદર્રિસો, બાંગીઓ રાખવા બિદઅત જ છે. અને તમારે ત્યાં દરેક બિદઅત ગુમરાહી છે તો તમે બિદઅતી નથી ?! કંથારીયા દારુલ ઉલૂમ પાસે ''નકલી દાંડીયાત્રા''ની જ્યોતને હાર પહેરાવવો અને બદામનું શરબત એ યાત્રીઓને પીવડાવવું બિદઅત ન દેખાયું ?! વળી તમારા મર્કઝ દેવબંદની શતાબ્દીમાં આંજહાંની ઈંદિરા ગાંધીને બોલાવી સ્ટેજ પર ઈજ્જત આપી ખુરશી પર બેસાડયાં અને દેવબંદી મોલ્વીઓ તેણીના પગોમાં બેઠા એટલી (ગૈરુલ્લાહની) તા'ઝીમ કરી ! તો આ બિદઅત તથા શિર્ક ન થયું ?! મૌલાના વસ્તાનવીનું મૂર્તિઓ ગૈર મુસ્લિમ નેતાને ભેટ આપવું, પૂજારીઓ સાથે હવનની વિધિમાં બેસવું એ બિદઅત તથા કુફ્ર, શિર્ક કાંઈ ન જણાયું તો તેના માટે ચૂપ રહ્યા ?!

## ★ સુન્નીઓ કરે તે બિદઅત અને દેવબંદીઓ નવુ કામ કરે તે ?! ★

દારુલ ઉલૂમ કંથારીયા (જિ. ભરૂચ)ના "દારુલ ઉલૂમ" માસિક સપ્ટે. ૨૦૧૧ના પેજ : ૩૫, ૩૬ ઉપર જે વાતો બિદઅતો રૂપે વર્ણવી તેમાં જણાવ્યું કે, "દુરૂદો સલામને જોરથી પઢવું, દુરૂદો સલામ ઊભા રહીને પઢવું, અઝાન પહેલાં સલાતો સલામ, નામે પાક ﷺ પર અંગૂઠા ચૂમવા, જનાઝાની નમાઝ પછી દુઆ, મઝારોની હાજરી, ઉર્સ તથા એના સંબંધી ઘણી વાતો લખી છે, મર્હૂમોને સવાબ પહોંચાડવા તારીખો દિવસો નક્કી કરવા..... વગેરેને બિદઅત તથા ગુમરાહી કહી છે, તો ઉપર અમે તેમની વર્ણવી તે નવી વાતો જે દીનમાં નીકળેલી તથા તેઓએ જ કેટલીક કાઢેલી છે એ કોની સુન્નત છે ? પહેલાં એ બિદઅતોને તેઓ ત્યજી દે ! અમારી ચેલેંજ છે કે કયામત સુધી દેવબંદીઓ બિદઅતની કોઈ એવી વ્યાખ્યા રજૂ નથી કરી શકવાના જેનાથી ઉપર વર્ણવેલાં જે નવા કામો એઓ કરે છે તે તો બિદઅત ન ઠરે અને ફક્ત સુન્નીઓ જે કરે છે તે જ બિદઅત ઠરે.

## ★ સુન્નીઓને તથા અજ્ઞાનતામાં દેવબંદીઓથી આકર્ષાયેલાને પણ વિનંતિ ★

ઉપરોક્ત અતૂટ પુરાવાઓથી સાબિત થઈ ગયું કે દેવબંદીઓ જ અસલ મહાન તથા બદ્તરીન બિદઅતી તથા ગુમરાહ છે. આટલુ બધુ જોયા પછી સુન્નીઓએ તેમનાથી દૂરી અપનાવવી જોઈએ, તેમનાથી દોસ્તી, ઉઠક બેઠક, શાદી વહેવાર, દીકરી કે દીકરો તેમનાથી પરણાવવો વગેરે કે જે ઈસ્લામમાં હરામ છે તેના પર ચુસ્તપણે અમલ કરવો જોઈએ અને તેમનાથી સદંતર રિશ્તો કટ કરી કોઈ વહેવાર રાખવો જોઈએ નહીં. તેમની સાથે સગાઈ

વધુ પેજ નં.૨૭..પર☞

કાર્યાલય

## કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

### સૂરએ આલિ ઈમરાનની તફસીર

قَالَتْ رَبِّ اَنّٰى يَكُوْنُ لِىْ وَلَدٌ وَّلَمْ يَمْسَسْنِىْ بَشَرٌ ؕ قَالَ كَذٰلِكِ اللّٰهُ يَخْلُقُ مَا يَشَآءُ ؕ اِذَا قَضٰى اَمْرًا فَاِنَّمَا يَقُوْلُ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿۴۷﴾ وَيُعَلِّمُهُ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَالتَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ ﴿۴۸﴾ وَرَسُوْلًا اِلٰى بَنِىْٓ اِسْرَآءِيْلَ ۙ۬ اَنِّىْ قَدْ جِئْتُكُمْ بِاٰيَةٍ

**ત.....ર્જુ.....મો.....**

મરયમ બોલ્યાં, હે મારા પરવરદિગાર ! કઈ રીતે થઈ શકે છે મારે ત્યાં બાળક ?[૫૧] જ્યારે કે હાથ સુદ્ધાં નથી લગાડયો મને કોઈ પુરૂષે. ફર્માવ્યું, વાત એ જ પ્રમાણે છે (જેવી તમે કહો છો) અલ્લાહ પેદા ફર્માવે છે જે ચાહે છે[૫૨]. જ્યારે નિર્ણય કરે છે કોઈ કામ (કરવા)નો તો બસ એટલું જ કહે છે તેને કે "થઈ જા !" તો તરત જ થઈ જાય છે. અને અલ્લાહ તઆલા શીખવાડશે તેને કિતાબ તથા હિકમત, અને તૌરાત તથા ઈન્જીલ તથા (મોકલશે તેને) રસૂલ બનાવીને બની ઈસ્રાઈલના તરફથી[૫૩].

### તફસીર.........

**૫૧.** હઝરત મરયમ رضی اللہ عنہاને જ્યારે એવા બાળકની બશારત આપવામાં આવી તો કુંવારાં હતાં. આશ્ચર્યમાં ડૂબીને પૂછવા લાગ્યાં, મારા રબ ! મારા ત્યાં બાળક કેવી રીતે થશે જ્યારે કે મને આજ સુધી કોઈ માણસે હાથ સુદ્ધાં નથી લગાડયો. અમુકે લખ્યું કે આ આયતથી એ સાબિત નથી થતુ કે હઝરત ઈસા علیہ السلامની વિલાદત (જન્મ) બાપના વિના થઈ, કેમ કે અહીં તો કેવળ આગાહી કરવામાં આવી રહી છે કે તમને બાળક થશે, એટલે કે શાદી પછી. એમને જણાવવાનું કે જો હેતુ એ જ હોત તો એમાં આશ્ચર્યની કોઈ વાત ન હતી, લોકો શાદી કરતા રહે છે અને બાળકો પેદા થતાં રહે છે. એ તો શક્ય હતું કે હઝરત મરયમ આ બશારત પર શુક્રના શબ્દો જીભ પર લાવતાં, પણ આપનું આશ્ચર્યમાં પડીને ન કહેવું કે, "કઈ રીતે થઈ શકે છે મારે ત્યાં બાળક ?!" અને જો એવું કહેવામાં આવે કે હઝરત મરયમે સહીહ વાત સમજી ન હતી, તેમને એ ગલતફહમી થઈ હતી કે કદાચ હમણા બાળક જન્મનાર છે, જ્યારે કે હજી તો કેવળ બાળકના જન્મની ખબર આપવામાં આવી રહી હતી, પેદા તો તેણે શાદી પછી થવાનું હતું. જો આ વાતને સાચી સ્વીકારી લેવામાં આવે તો પછી અલ્લાહ તઆલાએ હઝરત મરયમના આશ્ચર્યનો જે જવાબ આપ્યો તે યોગ્યતાથી ઉલ્ટો જોવા મળે છે. સીધો જવાબ એ હતો કે, મરયમ ! ગભરાવ નહીં ! જ્યારે તમે શાદી કરશો ત્યાર પછી બાળક પેદા થશે, જો અલ્લાહ તઆલા કોઈ વાતને સહીહ સહીહ વાત બયાન કરવાની શક્તિ ધરાવે છે અથવા શબ્દો તથા વર્ણન શૈલીનું કોઈ વજન હોય છે તો પછી આ તાવીલ (અર્થઘટન) બલ્કે તેહરીફ (ફેરફાર) ગણકારવાને પાત્ર નથી.

**૫૨.** એક ચીજ અહીં અધિક વિચારવા લાયક છે. હઝરત ઝકરિયા علیہ السلامના આશ્ચર્યના પ્રસંગે ફર્માવ્યું : يفعل الله مايشاء "અને હઝરત મરયમના આશ્ચર્યને દૂર કરવા માટે ફર્માવ્યું : يخلق مايشاء "જવાબમાં આ તફાવત શાથી ? આ તફાવતનું કારણ સમજવા માટે "ફેઅલ" અને "ખલ્ક"નો અસલી તફાવત ધ્યાનમાં રાખવો ખાસ જરૂરી છે. "એવા

બનાવો જે પોતાના સબબોના થવાથી અસ્તિત્વમાં આવતા હોય તેને સામાન્યતઃ ''ફેઅલ'' શબ્દથી તાબીર કરવામાં આવે છે. અને જે બનાવો જાહેરી સબબો વિના ઉદ્દભવ પામે છે તેની તાબીર સામાન્યતઃ ''ખલ્ક'' શબ્દ વડે કરવામાં આવે છે. હઝરત યહયા عليه السلام ની વિલાદત મા બાપ બંનેના સબબથી હતી અને અહીં વિલાદત (જન્મ)નો સબબ સામાન્ય નિયમાનુસાર જ છે જેથી ફર્માવ્યું **يفعل الله** અને ઈસા عليه السلام નો જન્મ ફક્ત માથી થયો (બાપ વિના) અને બાપ કે જે નિયમ મુજબ સબબ છે તે મૌજૂદ ન હતો, એટલા માટે શબ્દ ''ખલ્ક'' સાથે વર્ણવ્યું.

**૫૩.** એટલે હઝરત મસીહ عليه السلام કેવળ બની ઈસ્રાઈલના માટે નબી બનાવીને મોકલવામાં આવ્યા હતા. આપની રિસાલત આખા માનવ જગત માટે ન હતી, કુર્આને હકીમના આ ફર્માનનું સમર્થન ખૂદ ઈન્જીલની વિવિધ આયતોથી થાય છે : ''એ બારને યુસૂઅએ મોકલ્યા અને તેમને હુકમ આપીને કહ્યું કે ગૈર કૌમોની તરફ ન જશો અને સામરીઓના કોઈ શહેરમાં પ્રવેશ ન કરશો બલ્કે ઈસ્રાઈલના ઘરાનાનાં ખોવાયલા ઘેટાંઓ (ભોળી પ્રજા)ની પાસે જજો અને ચાલતાં ચાલતાં એ એલાન કરજો કે આસ્માનની બાદશાહી નજીક આવી ગઈ છે.'' *(મતા, બાબ : ૧૦, આયત : ૫ થી ૮)* આ જ વાતના સમર્થનમાં બીજો હવાલો જુઓ : ''તેણે જવાબમાં કહ્યું કે મને ઈસ્રાઈલના ઘરાનાનાં ખોવાયેલ ઘેટાંઓ (ભોળા લોકો)ના સિવાય બીજા કોઈની પાસે નથી મોકલવામાં આવ્યો. (મતા, બાબ : ૧૫/૨૫)

જ્યારે મસીહ عليه السلام એ ખૂદ સ્વીકાર કર્યો છે કે મારી નબુવ્વતનું વર્તુળ બની ઈસ્રાઈલ સુધી સીમિત છે તો પછી ઈસાઈ પ્રચારકોનું બની ઈસ્રાઈલ સિવાય કોઈ અન્યને ઈસાઈયતની દા'વત આપવું યુસઅ મસીહની હિદાયતથી તદન વિરુદ્ધ વર્તન છે.

## ઈન્ડિયન મુજાહિદીનના નામે
# આતંક ફેલાવનાર કોણ ?!

કાર્યાલય

ગત તા. ૭–૯–૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટ બહાર થયેલા બોંબ વિસ્ફોટ બાદ કેટલીક ન્યૂઝ ચેનલો અને દિલ્હી પોલીસને પોતાને 'ઈન્ડિયન મુજાહિદીન'ના 'અલી સઈદ અલહુરી' તરીકે ઓળખાવી ''૧૦ વર્ષ સુધી યાદ રહે તેવો ભયાનક વિસ્ફોટ'' અમદાવાદ ખાતે કરવાની ધમકીનો email કરનાર આખરે અમદાવાદમાં રહેતો 'મોનુ બ્રહ્માનંદ ઓઝા'' નીકળ્યો જેની અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી લીધી છે.

અમદાવાદવાસીઓની જ નહીં પણ સમગ્ર દેશ અને દેશની સુરક્ષા એજન્સીઓની ઊંઘ હરામ કરી દેનાર આ ''મોનુ ઓઝા''નો પત્રકારો થકી આશ્ચર્યજનક ખુલાસો રજૂ થયો કે, ''દિલ્હી વિસ્ફોટ બાદ તેને તેના પરિવારની ચિંતા થવા લાગી જેથી તેણે અમદાવાદમાં સુરક્ષા વધે અને એલર્ટ જાહેર થાય જેથી આ પ્રકારે મેઈલ મસ્તી મસ્તીમાં કરી આપ્યો.'' જો કે પરિવારની આટલી બધી લાગણી તથા ચિંતા ધરાવનાર ''મોનુ'' પિતા સાથે ઝઘડો કરીને કેટલાય સમયથી અન્ય ઠેકાણે રહે છે ! આટલુ ભયાનક અટકચાળુ અને આટલો સરળ ખુલાસો ?! તેના સામે ન કોઈ રાજકીય વર્તુળમાંથી પ્રત્યાઘાત કે ન અન્ય ઠેકાણેથી તેના વિરુદ્ધમાં કોઈ નિવેદન બહાર પડયું ! અને બીજા દિવસથી જ વર્તમાનપત્રોમાં તો સમાચાર પણ આ બાબતે અટકી ગયા ?! મીડિયા પણ શાંત થઈ ગયું ! જો એની જગાએ કોઈ અન્ય જાતિનું નામ હોત તો ક્યાંથી ક્યાં આતંકવાદી સંગઠનો સાથે કનેકશનો તે યુવાનનાં જોડાઈ ગયાં હોત ! અને તેનું કોઈ નિવેદન પત્રકારો થકી જાહેર પણ ન થઈ શકત. ઈતિહાસ સાક્ષી છે કે ન કર્યાના ગુનાની સજાઓ વરસોથી કેવળ શંકાના આધારે ભોગવી રહેલા કેટલાય મુસ્લિમ યુવાનોની જિંદગીઓ વેડફાય ગઈ છે (જેમ કે માલેગાંવ તથા હેદ્રાબાદ વિસ્ફોટમાં) અને તેમના મા બાપ, બહેનો તથા કુટુંબ કબીલા મોહતાજીની જિંદગી તથા પરેશાનીના દિવસો કાઢી દમ તોડી ચૂક્યા. છે કોઈ આ વિરોધાભાસનો જવાબ આપનાર ?!

## દર્સે હદીષે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ **જેને ઈલ્મી વાત પૂછવામાં આવી જેને તે જાણે છે છતાં પણ તેને છુપાવે તો ક઼યામતના દિવસે તેને આગની લગામ આપવામાં આવશે[1]**. (અહમદ, અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ, અન અનસ)

હઝરત કઅબ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી[2] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે **જે એટલા માટે ઈલ્મ તલબ જેથી ઉલ્માનો મુક઼ાબલો કરે અથવા જાહિલોથી ઝઘડે, અથવા લોકોનું ધ્યાન પોતાના તરફ કરે તો તેને અલ્લાહ આગમાં દાખલ કરશે[3]**. (તિર્મિઝી, ઈબ્ને માજહ અને ઈબ્ને ઉમર)

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "જે કાંઈ તે ઈલ્મ શીખે જેનાથી અલ્લાહની રઝા શોધવામાં આવે છે (તેના બદલે) કેવળ એટલા માટે (શીખે) કે તેનાથી દુનિયાવી સામાન હાંસલ કરે[4] **તે ક઼યામતના દિવસે જન્નતની ખુશ્બુ પામશે નહીં[5]**. (અહમદ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

### સ....મ....જૂ....તી....

**૧.** જો કોઈ આલિમને દીની જરૂરી મસ્અલો પૂછવામાં આવે અને તે વિના કારણે ન બતાવે તો ક઼યામતમાં તે જાનવરોથી બદ્તર હશે કે જાનવરના મોઢામાં ચામડાની લગામ હોય છે અને એના મોઢ ામાં આગની લગામ હશે. યાદ રાખશો કે અહીં ઈલ્મથી મુરાદ હરામ, હલાલ, ફર્ઝો તથા વાજિબો વગેરે તબ્લીગી મસાઈલ છે જેને છુપાવવું હરામ છે. આલિમે શરીઅતનો મસ્અલો બતાવવો જરૂરી છે ન કે લખવો. જેથી મુફતી ફતવા લખવાનું મહેનતાણુ લઈ શકે છે. ખાસ કરીને તે ફત્વો જેના પર કેસો ચાલે છે અને મુફતીએ કોર્ટમાં હાજરી આપવી પડે છે. રબ ફર્માવે છે : وَلَا يُضَآرَّ كَاتِبٌ وَّلَا شَهِيْدٌ

**૨.** આપ અન્સારી છે. ખુઝરમી છે. ઉક઼બાએ ષાનિયાની બયઅતમાં શરીક હતા. ઈસ્લામના ખ્યાતનામ શાયરોમાંથી છે. આપ ગઝવએ તબૂકમાં રહી ગયા હતા એના પર આપનો બોયકોટ (બહિષ્કાર) કરવામાં આવ્યો. પછી અમુક અરસા બાદ આપની તથા આપના બે સાથીઓ હિલાલ ઈબ્ને ઉમૈયા તથા મરારહ્ ઈબ્ને રબીઆની તૌબા ક઼બૂલ થઈ. રબ ફર્માવે છે : وَّعَلَى الثَّلٰثَةِ الَّذِيْنَ خُلِّفُوْا આપ છેવટમાં નાબીના થઈ ગયા હતા. ૭૭ વરસની ઉંમર થઈ. સન હિ.સ. ૫૦માં વિસાલ પામ્યા.

**૩.** એટલે **જે દીની ઈલ્મ દીનના માટે ન શીખે બલ્કે ઈજ્જત અથવા માલ હાંસલ કરવા અથવા દીનમાં ફસાદ ફેલાવવા માટે શીખે તો પ્રથમ કક્ષાનો જહન્નમી છે.** એનાથી તે લોકો સબક લે જેઓ કુર્આનના તર્જુમા જોઈને અને ચાર હદીષો પઢીને મુજતહિદ ઈમામો તથા દીનના આલિમોને મોઢે લાગવાની કોશિશ કરે છે, અલ્લાહ તઆલા નેક નિયતી અતા કરે. યાદ રાખશો કે ઉલમાનો મુનાઝરો અલગ ચીજ છે અને મુક઼ાબલો અલગ ચીજ છે. મુનાઝરામાં હક઼્ની તેહક઼ીક઼નો હેતુ હોય છે, મુક઼ાબલામાં પોતાની મોટાઈનું પ્રદર્શન કરવાનો હેતુ હોય છે. જરૂરતના સમયે મુનાઝરો સારો

છે પણ મુકાબલો બુરો છે. અહીં મુકાબલાની બુરાઈનું વર્ણન છે. મુનાઝરા મુજતહિદ ઈમામોમાં બલ્કે સહાબામાં પણ થયા.

**૪.** આ હદીષ આગલી હદીષોની શરહ છે જેમાં ફર્માવવામાં આવ્યું કે ઈલ્મે દીન રઝાએ ઈલાહીના માટે હાંસલ કરો, તેને કેવળ દુનિયા હાંસલ કરવાનો ઝરીયો ન બનાવો. દુનિયાના સામાનથી રૂપિયા પૈસા પણ મુરાદ છે અને દુનિયવી ઈજ્જત તથા વાહ વાહ પણ. મિર્કાતે ફર્માવ્યું કે ઈલ્મે દીન થકી દુનિયા હાંસલ કરવાની બે સ્થિતિઓ છે : એક એ કે **દુનિયા અસલ હોય અને ઈલ્મે દીન કેવળ તેનો વસીલો હોય. આ સખત બુરુ છે,** એ જ અહીં મુરાદ છે. અને બીજી એ કે **ઈલ્મે દીનથી દીન જ હેતુ હોય પણ સ્વભાવિકપણે દુનિયા પણ હાંસલ કરવામાં આવે જેથી ફરાગતથી દીનની ખિદમત થઈ શકે, એ મના નથી.** કેમ કે હવે દીન હેતુ છે અને દુનિયા તેનો વસીલો છે. ફકીર આલિમની વાઅઝ દિલો પર અસર નથી કરતી (પ્રભાવ નથી પાડતી), ખુલફાએ રાશિદીન હઝરાતે પગારો લીધા. જેહાદનો પણ આ જ હુકમ છે કે જો કેવળ માલે ગનીમત માટે કરે છે તો બુરુ છે અને જો તબ્લીગે દીનના માટે કરે છે અને માલે ગનીમત તથા મુલ્ક તેનો વસીલો છે તો સારું છે.

**૫.** એટલે કે શરૂમાં નહીં પામે. જો કે રિયાકારીની સજા ભોગવીને અથવા હુઝૂરની શફાઅતના થકી માફી થઈ જશે.

### ✯ જશ્ને દસ્તારબંદીનો શાનનાર જલ્સો ✯

**દારુલ ઉલૂમ અન્વારે રઝા (નવસારી)** ખાતે તા. ૧૦–૭–૨૦૧૧, ૭ શાબાન હિ.સ. ૧૪૩૨ રવિવારના રોજ જનાબ હાફેઝ આદમ સાહબ કંબોલ્વી (હાલ : લેસ્ટર, યુ.કે.)ના સાહબઝાદા જનાબ ઝયનુલ આબિદીન તેમજ પૌત્ર ઝુલ્કરનૈન હાફેઝ અસ્લમે કુર્આને પાકનું હિફ્ઝ પૂર્ણ કરતાં મસ્જિદે રઝા–દારુલઉલૂમ અન્વારે રઝા નવસારી ખાતે શાનદાર જશ્ન પીરે તરીકત હઝરત સૈયદ કમરૂદ્દીનબાવા કારંટવીની સરપરસ્તીમાં, મુફતીએ મહારાષ્ટ્ર હઝરત અલ્લામા મૌલાના મુફતી મુજીબ અશરફ નાગપુરીની સદારતમાં યોજાયો જેમાં હઝરત સૈયદ અશ્રફ અશરફી કછોછવી (બાવલા મસ્જિદ, ડીલાઈલ, મુંબઈ)એ તથા અન્ય ઉલમા સાદાતે હાજરી આપી હતી. હઝરત મૌલાના ઈદરીસ અશરફી બાલાશિનોરી સાહબના બયાન બાદ છેવટમાં હઝરત મુજીબ અશરફ સાહબનું બયાન થયું હતું. છેવટમાં સાદાત તથા ઉલમાના મુબારક હાથે દસ્તારબંદી થઈ હતી જેમાં જનાબ હાફેઝ આદમ કંબોલ્વી તથા તેમના ભાઈ સુલેમાનભાઈ, મુબારકભાઈ તથા હાફેઝ અસ્લમ વગેરે તેમજ જનાબ ઉષ્માનગની બાપુ તથા જનાબ હાફેઝ આદમ વોરાસમનીવાળા, પટેલ શબ્બીર અલી રઝવી, જનાબ હાફેઝ હનીફ ઓમિન, જનાબ હાફેઝ અબ્દુર્રહીમ તથા ઘણા લોકોએ હાજરી આપી હાફેઝ થનારાઓને તથા તેમના વાલીઓને મુબારકબાદ આપી હતી.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


યાદો ભરૂચ !

### સુન્ની દા'વતે ઈસ્લામીનો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા

**તા. ૧૪–૧૦–૨૦૧૧, જુમ્આના રોજ ઈશાબાદ**

**ત્રણ દરગાહ, મુહમ્મદપુરા પાસે, ભરૂચ**

નઅતખ્વાં : **અલ્હાજ કારી રિઝવાનખાન સાહબ** (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)

મુકર્રિરે ખુસૂસી : **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)

અદાઈ : સુન્ની દા'વતે ઈસ્લામી (ભરૂચ શાખા) ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૬૮ ૪૦૨૭૭



# શિફા શરીફ

વિભાગ : ૨

મૂળ લેખક : ફક઼ીહ ક઼ાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ
ગુજરાતી અનુવાદક : મર્હૂમ ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

## નબીના નામોમાં કરામત

અલ્લાહ તઆલાના નામોમાંથી એક નામ "અલ્ કરીમ" પણ છે તેનો અર્થ ખૂબ જ ભલાઈવાળો છે. કેટલાકે કહ્યું છે કે ઉપકાર કરવાવાળો, કેટલાક કહે છે કે માફ કરવાવાળો, કેટલાક તેનો અર્થ બુલંદ બતાવે છે. હદીષે પાકમાં અલ્લાહ તબારક વ તઆલાનું એક નામ "અલ્ કરમ" પણ રિવાયત થયેલ છે. રસૂલુલ્લાહ ﷺને પણ અલ્લાહ તઆલાએ "કરીમ" બતાવેલ છે.

"બેશક ! આ આબરૂદાર રસૂલનું પઢવું છે." *(સૂરએ તકવીર, આયત : ૧૯)*

એક રિવાયતમાં છે કે આનાથી રસૂલુલ્લાહ ﷺ મુબારક ઝાતથી મુરાદ છે. કેટલાક હઝરાતનું કથન છે કે તેનાથી હઝરત જિબ્રઈલ علیہ السلام મુરાદ છે. ફખ્રે દો આલમ ﷺએ ફર્માવ્યું છે : "હું હઝરત આદમ (علیہ السلام)ની અવલાદમાં સૌથી અકરમ એટલે બુઝુર્ગ છું." પછી આ અર્થ પણ રસૂલુલ્લાહ ﷺના હક઼્ક઼માં સહીહ છે.

અલ્લાહ તબારક વ તઆલાના મુબારક નામોમાં "અઝીમ" પણ છે તેનો અર્થ છે ઊંચી શાનવાળો કે દરેક તેનાથી કમ છે. હબીબે પરવરદિગાર ﷺની શાનમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : "અને બેશક! તમારું ચારિત્ર્ય અતિ ઉચ્ચ છે." *(સૂરએ ક઼લમ, આયત : ૪)*

મુક઼દ્દસ તવરાતમાં હઝરત ઈસ્માઈલ علیہ السلامનો આ ઈર્શાદ છે કે નજીકના ભવિષ્યમાં એક મહાન નબી, એક મહાન ઉમ્મતના માટે મોકલવામાં આવશે. પછી તે "અઝીમ" છે તેનો ખુલ્ક઼ (અખ્લાક઼) અઝીમ હશે.

અલ્લાહ جل جلالهનું એક નામ "અલ્ જબ્બાર" છે તેનો અર્થ છે સુધારણા કરનાર. એક કથન એ છે કે તેનો અર્થ "કહર" ફેલાવનાર છે. એ પણ કહેવામાં આવ્યું છે કે તેનો અર્થ બુલંદ શાનવાળો છે, મુતકબ્બિર (ગર્વ કરનાર) પણ તેનો અર્થ બતાવવામાં આવ્યો છે. નબી કરીમ ﷺને પણ આ પવિત્ર નામ આપવામાં આવેલ છે. એ માટે હઝરત દાવૂદ علیہ السلامની કિતાબમાં રસૂલે કરીમ ﷺને "અલ્ જબ્બાર" નામ આપીને ફર્માવ્યું છે કે, અય જબ્બાર ! તમારી તથા તલવાર સંભાળી લો ! કેમ કે મક઼ામે મુસ્તફાની સુરક્ષા તથા નિઝામે મુસ્તફા લાગુ થવાનો સંબંધ આપના પ્રભાવની સાથે છે. નબી કરીમ ﷺ પર આ અર્થ એ રીતે લાગુ થાય છે કે આપ હિદાયત અને તા'લીમ દ્વારા ઉમ્મતની સુધારણા કરે છે અને કહરના સાથે દુશ્મનોની અથવા બની આદમ પર પોતાની ઉચ્ચ શાન અને ઈજ્જત ઉચ્ચ સ્થાનના લેહાઝથી જબ્બાર છે. અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આને હકીમમાં આપના એવા જબ્બાર હોવાનો નકાર દર્શાવ્યો છે જેમાં તકબ્બુરની બૂ આવતી હોય. અને બતાવ્યું કે આ તેમની શાનના પાત્ર નથી. જેથી આ સિલસિલામાં અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું છે : "તમે કંઈ એમની ઉપર બળજબરી કરનાર નથી." *(સૂરએ ક઼ાફ, આયત : ૪૫)*

અલ્લાહ તબારક વ તઆલાના નામોમાં એક નામ "અલ્ ખબીર" પણ છે અને એનો અર્થ દુનિયાની દરેક વસ્તુનો જાણકાર અને તેની હક઼ીક઼તનો જાણનાર છે.

અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : "તે મોટી મહેરવાળો તું કોઈ જાણકારને તેની તારીફ પૂછ." *(સૂરએ ફુર્કાન, આયત : ૫૯)*

ક઼ાઝી બકર બિન અલા رحمۃ اللہ علیہએ ફર્માવ્યું છે કે

આ આયતમાં જેને સવાલ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે તે નબી કરીમ ﷺના સિવાય બીજા છે અને મસ્ઉલ (જેનાથી સવાલ કરવામાં આવે તે) અહીં ફખ્રે દો આલમ ﷺ છે. જેમને ખબીર (જાણકાર) ગણવામાં આવ્યા છે. તેમના સિવાય બીજા હઝરાતનું કથન છે કે નબી કરીમ ﷺ જ અહીં સવાલ કરનાર છે અને જેનાથી સવાલ કરવામાં આવે છે અલ્લાહ તઆલાની મુકદ્દસ ઝાત છે.

''જેથી નબી કરીમ ﷺને ઉપરના બંને કારણોથી ખબીર ગણવામાં આવ્યા છે. કહેવામાં આવ્યું છે કે આપ આલિમ છે કેમ કે આપ ઈલ્મની તે અંત સુધી પહોંચ્યા છે કે અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના ગુપ્ત ઈલ્મો અને મહાન મઆરેફતથી પણ આપણે જાણકાર કર્યા છે અને જે ઈલ્મોને પ્રગટ કરવાની પરવાનગી મળી તેની આપે ઉમ્મતને ખબર આપી.'' *(અશ્ગાસ–૧૯૯)*

અલ્લાહ તઆલાના મુબારક નામોમાં નામ ''અલ્ ફત્તાહ'' પણ છે કે તેનો અર્થ છે પોતાના બંદા વચ્ચે હાકિમ. અથવા તેનો અર્થ છે પોતાના બંદા સંબંધી બાબતો એટલે રિઝ્ક (રોજી), રહમત વગેરેના દરવાજા ખોલવાવાળો, અથવા બંદાના દિલો અને આંખોને મઅરેફતે હક્કના માટે ખોલવાવાળા, એ પણ હોઈ શકે છે. આ પણ ''અન્નાસિર''ના અર્થમાં હોય જેવું કે અલ્લાહ તબારક વ તઆલા ﷻએ ઈર્શાદ ફર્માવ્યો છે : ''અય કાફિર ! જો તમે ફૈસલો માંગતા હોય તો એ ફૈસલો તમારા પર આવી ચૂક્યો.'' *(સૂરએ અન્ફાલ, આયત : ૧૯)*

આનો અર્થ એ છે કે اَلْفَتَّاحُ એટલે જો તમે મદદ ઈચ્છતા હોઉં તો તમારા પાસે મદદ આવી ગઈ. અને એક કથન એ છે કે તેનાથી મુરાદ છે ફત્હ અને નુસરતની શરૂઆત કરવાવાળા. અલ્લાહ તબારક વ તઆલાએ ફખ્રે દો આલમ ﷺને પણ ''અલ્ ફાતિહ''નું નામ આપ્યું છે. જેવું કે મેઅરાજ શરીફની લાંબી હદીષમાં છે જે રબીઅ બિન અનસ અન અબી અલ્ આલિયા رحمۃ اللہ علیہ વગેરે દ્વારા હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે જેમાં અલ્લાહ તબારક વ તઆલાનો આ ઈર્શાદ પણ છે કે, جَعَلْتُكَ فَاتِحاً وَّ خَاتِمًا હે મહબૂબ ! ''અમે તમને ફાતિહ અને ખાતિમ બનાવ્યા છે.'' અને આ જ હદીષમાં સરવરે કોનો મકાં ﷺનો આ ઈર્શાદ પણ છે કે આપે પોતાના મહાન હોદ્દાને લક્ષમાં રાખીને. અલ્લાહ તઆલાની હમ્દો ષના બયાન કરતાં આ પણ કહ્યું : ''અને મારા માટે મારા ઝિક્રને બુલંદ કર્યું અને મને ફાતિહ અને ખાતિમ બનાવ્યો. જેથી ફાતિહ અહીં હાકિમના અર્થમાં છે, અથવા ઉમ્મતના માટે રહમતના દરવાજાને ખોલવાવાળા અને તેમની આંખોને હક્કની મઆરેફત અને ઈમાન બિલ્લાહના માટે ખોલવાવાળા અથવા હક્કની મદદ કરવાવાળા અથવા ઉમ્મતની હિદાયતના માટે શરૂઆત કરનાર. અથવા અંબિયાએ સલફની શરૂઆત અને તેમના સિલસિલાને ખત્મ કરવાવાળા. જેવું કે ફખ્રે દો આલમ ﷺએ કહ્યું કે હું પયદાઈશને ધ્યાનમાં લેતાં તમામ અંબિયાથી પહેલો છું અને મોકલવાને ધ્યાનમાં રાખતા તમામથી છેલ્લો.''

અલ્લાહ તઆલાના મુબારક નામોમાં હદીષે પાકમાં ''અશ્શકૂર'' પણ આવેલ છે. તેનો અર્થ છે થોડા અમલનો પણ સવાબ બખ્શવાવાળો.''

એક કથન એ છે કે તેનો મતલબ પોતાની બંદગી કરનાર બંદાની તારીફ કરવાવાળો. જેમ કે અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના નેક નબી એટલે હઝરત નૂહ علیہ السلامની તારીફ કરતાં ફર્માવ્યું : ''બેશક ! તે ઘણો શુક્રગુઝાર બંદો હતો.''

અને નબી કરીમ ﷺએ પણ પોતાની તારીફ આ નામથી ફર્માવી છે : ''શું હું શુક્રગુઝાર બંદો ન બનું !'' એટલે શું હું પોતાના રબની નેઅમતોને સ્વીકાર કરવાવાળો, તેની કદર જાણવાવાળો, અને વધારે નેઅમતોના માટે પ્રયત્નો કરવાવાળો ન બનું ? જેમ કે આ વિશે અલ્લાહ તબારક વ તઆલાનો ઈર્શાદ છે : ''જો એહસાન માનશો તો હું તમને વધારે આપીશ.'' *(સૂરએ ઈબ્રાહીમ, આયત : ૭)*

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક્ સાબરી દહેગામી

**તાબે મિર્આતે સહર ગર્દે બયાબાને અરબ**
**ગાઝએ રૂએ કમર દૂદે ચરાગાને અરબ**

*(તાબા = પ્રકાશ, મિર્આત = અરીસો, સહર = સવાર, ગર્દ = ધૂળ, ગાઝા = મેકપ, રૂએ કમર = ચંદ્રનો ચેહરો, દૂદે ચરાગાને અરબ = અરબના ચરાગોના ધૂમાડા)*

**અર્થ** : અરબના મેદાનની ધૂળ સવારના આયનાની ચમક છે અને અરબના દીપકોના ધૂમાડા ચાંદના ચેહરાનો પાવડર (મેકઅપ) છે.

**અલ્લાહ ! અલ્લાહ ! બહારે ચમનિસ્તાને અરબ**
**પાક હૈં લૌષે ખિઝાં સે ગુલો રયહાને અરબ**

*(બહાર = વસંત, ચમનિસ્તાન = બગીચો, લૌષ = મિલાવટ, ઐબ, ગુલો રયહાન = ફૂલ, ખિઝાં = પાનખર ઋતુ)*

**અર્થ** : દરેક બાગ બગીચામાં વસંત અને પાનખર ઋતુ આવે છે પરંતુ બાગે મદીનાનું શું કહેવું ?! સુબ્હાનલ્લાહ ! મદીનામાં સદા બહાર રહે છે મદીના શરીફના બાગના ફૂલો પાનખરથી સુરક્ષિત છે.

**જોશિશે અબ્રસે ખૂને ગુલે ફિરદોસ ગિરે**
**છેળ દે રગ કો અગર ખારે બયાબાને અરબ**

*(જોશિશ = જોશ, અબ્ર = વાદળ, ગુલે ફિરદોસ = બાગે ફિરદોસનુ ફૂલ, ગિર પળે, રગ = નસ, ખારે બયાબાને અરબ = અરબના જંગલનો કાંટો)*

**અર્થ** : જો અરબના જંગલનો કાંટો બાગે ફિરદોસના ફૂલની રગને છેડી દે તો તેમાંથી ખૂનનો વરસાદ વરસવા લાગે એટલે કે અરબના કાંટા પર ફિરદૌસનુ ફૂલ પોતાનું ખૂન કુર્બાન કરી દે.

**તિશ્નએ નહ્રે જેનાં હર અરબી વ અજમી**
**લબે હર નહ્રે જેનાં તિશ્નએ નેસાને અરબ**

*(તિશ્ના = પ્યાસો, નહરે જેના = જન્નતોની નહેર, હર અરબી વ અજમી = અરબ અને ગૈર અરબનો દરેક રહેવાસી, લબે હર નહરે જેના = જન્નતોની દરેક નહેરના હોઠ, તિશ્નએ નેસાને અરબ = અરબના વરસાદનો પ્યાસો)*

**અર્થ** : દરેક અરબી અને ગૈર અરબી જન્નતની નહેરના પ્યાસા છે અને જન્નતની દરેક નહેરના હોઠ અરબના વરસાદના પ્યાસા છે. અર્થ એવો પણ થઈ શકે છે કે દરેક વ્યક્તિ જન્નતની નહેરનો પ્યાસો છે અને જન્નતની નહેરો શહનશાહે અરબ પ્યારા નબી ﷺના કરમ અને નવાઝિશના વરસાદની પ્યાસી છે.

**તોકે ગમ આપ હવાએ પરે કુમરી સે ગિરે**
**અગર આઝાદ કરે સર્વે ખરામાને અરબ**

*(તોકે ગમ = ગમનો ફંદો, હવાએ પર = પાંખની હવા અથવા ઉત્તેજના, કુમરી = વિલાયતી હોલો, અગર અઝાદ કરે = છોડી દે, સર્વે ખરામાને અરબ = અરબ જેના પર ફખ્ર કરે છે તે મહબૂબ)*

**અર્થ** : જો હુઝૂર સરાપા નૂર ફખ્રે અરબો અજમ ﷺ પોતાના દીદારની છૂટ આપી દે તો દીદારનો ઉત્તેજીત પક્ષીનો ફંદો પોતાની જાતે જ તૂટી જાય.

**મેહર મીઝાંમેં છુપા હો તો હમલ મેં ચમકે**
**ડાલે એક બુંદ શબે દૈ મેં જો બારાને અરબ**

*(મેહર = સૂર્ય, મીઝાન = ત્રાજવુ, બાર આકાશી બુર્જોમાંથી એક બુર્જ, તુલા રાશિ, હમલ = સાતમો બુર્જ, મેષ રાશિ, શબ = રાત, દૈ = પાનખર ઋતુનો મહિનો, માઘ, બારાને અરબ= અરબનો વરસાદ)*

**અર્થ :** સૂર્ય જો મીઝાન (તુલા રાશિ)માં છુપાઈ ગયો અને વરસાદના કોઈ સંજોગો ન હોય પણ જો શાહે અરબ પાનખર ૠતુ (માઘ)માં પણ પોતાની રહમતની એક બુંદ વરસાવી દે તો સૂર્ય હમલ (મેષ રાશિ)માં પહોંચી ચમકવા લાગે અને વરસાદ ખૂબ વરસે. આ ફક્ત અકીદતનો ઈઝહાર જ નથી બલ્કે હકીકત છે. સીરતે નબવી અને હદીષે પાકની ઘણી બધી કિતાબોમાં અનેક એવા બનાવો જોવા મળે છે. દા.ત. હુઝૂર ﷺના મુકદસ હાથથી પાણીનાં ઝરણાં વહેવા લાગ્યાં, સૂકાયેલ કૂવા પાણીથી ભરાઈ ગયા..... વગેરે. *(બુખારી, મુસ્લિમ, મુસ્નદે ઈમામ અહમદ)*

અર્થ એ કે જો વર્ષા ૠતુ ન હોય, ભલે દુકાળ પડયો હોય પણ જો પ્યારા રહમતવાળા આકા ﷺ કરમની એક બુંદ વરસાવે તો ભાદરવાનો વરસાદ વરસે.

**અર્શ સે મુઝદએ બિલ્કીસે શફાઅત લાયા તાઈરે સિદરહ નશીં મુર્ગે સુલેમાને અરબ**

*(મુઝદહ = ખુશ ખબરી, બિલ્કસ = મુલ્કે સબાની મહારાણી હઝરત સુલેમાન علیہ السلامનાં પત્ની. અહીંયાં મુરાદ શફાઅતના ધણી હુઝૂર નબીએ પાક ﷺની ખુશ ખબરી છે. તાઈરે સિદરહ નશીં = સિદરાહ જે અર્શની નીચે એક ખાસ જગ્યા છે ત્યાં જ બિરાજમાન પરવાળા જિબ્રઈલ علیہ السلام, મુર્ગ = પક્ષી, સુલેમાન علیہ السلام = મશહૂર પયગંબર જેમની હુકૂમત પૂરી દુનિયા બલ્કે હવા, પાણી, જાનવરો, પક્ષીઓ પર હતી. અહીંયાં હઝરત સુલૈમાને અરબથી મુરાદ પૂરી કાઈનાતના સરદાર રસૂલે અરબી ﷺ છે.)*

**અર્થ :** હઝરત સુલેમાન علیہ السلامને મુલકે સબાની મહારાણી હઝરત બિલ્કસની ખુશ ખબરી આપી હતી એ જ રીતે અર્શથી હુઝૂર ﷺના ખાસ ખાદિમ હઝરત જિબ્રઈલ علیہ السلام કાઈનાતના સુલૈમાન એટલે હુઝૂર ﷺ પાસે કાસિદ બનીને ઉમ્મતની શફાઅતની ખુશ ખબરી લાવ્યા.

**હુસ્ને યૂસુફ પે કટીં અંગુશ્તે ઝનાં સર કટાતે હૈં તેરે નામ પે મર્દાને અરબ**

*(હુસ્ને યૂસુફ = મશહૂર નબી યૂસુફ علیہ السلامની સુંદરતા, કટીં = કપાઈ ગઈ, અંગુશ્તે ઝના = સ્ત્રીઓની આંગળીઓ, મર્દાને અરબ = અરબના બહાદુરો)*

**અર્થ :** યા રસૂલલ્લાહ ! ﷺ હઝરત યૂસુફ علیہ السلامના જાહેરી જમાલ, સુંદરતાને જોઈને મિસ્રની ઔરતોની બેખૂદીમાં આંગળીઓ કપાઈ ગઈ પરંતુ અરબના બહાદુરો આપના નામ પર હોશો હવાસ, સુઝબુઝ સાથે પોતાનાં માથાં કપાવી દે છે.

આ શેઅર ફસાહત અને બલાગતથી ભરપૂર છે તેના એક એક શબ્દમાં હઝરત યૂસુફ علیہ السلام અને હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના શાને હુસ્નમાં સરખામણી છે.

(૧) હઝરત યૂસુફ علیہ السلامની સુંદરતા જોઈને સ્ત્રીઓની આંગળીઓ કપાઈ ગઈ પરંતુ દીવાનાઓ ફક્ત હુઝૂર ﷺનું નામે પાક સાંભળીને માથાં કપાવે છે. (૨) ત્યાં આંગળી કપાઈ ગઈ એ ભૂતકાળ છે, જયારે અહીંયાં કપાવી રહીયા છે, એ ઈસ્તેમરાર (લગાતાર) છે. (૩) ત્યાં બેખૂદી (બેહોશી)માં કપાઈ ગઈ, અહીંયાં જાણીબુઝીને ઈરાદાપૂર્વક કુર્બાની આપે છે. (૪) ત્યાં મિસ્ર હતું જયાં સંસ્કાર અને તેહઝીબ જોવા મળતી હતી જયારે અહીંયાં અરબમાં અજ્ઞાનતા અને સરકશી મશહૂર હતી. (૫) ત્યાં ફક્ત આંગળીઓ કપાઈ અહીંયાં શરીરનો સર્વોત્તમ ભાગ મસ્તક (માથુ) કપાવે છે. (૬) ત્યાં સ્ત્રીઓ હતી, અહીંયાં અરબના બહાદુરો પુરૂષ. *(વધુ માહિતી માટે જુઓ કિતાબ "સર કટાતે હૈં તેરે નામ પે મર્દાને અરબ", લેખક : અ.સત્તાર હમદાણી–પોરબંદર)*

**કૂચા કૂચા મેં મહકતી હૈ યહાં બૂએ કમીસ યૂસુફિસ્તાન હૈ હર એક ગૌશએ કિન્આને અરબ**

*(કૂચે કૂચેમેં = ગલી ગલીમાં, બૂએ કમીસ = કુર્તા મુબારકની ખૂશ્બૂ, યૂસુફિસ્તાન = હઝરત યૂસુફ علیہ السلامના રહેવાની જગ્યા, હર ગોશા = દરેક જગ્યા, કિન્આન = હઝરત યાકૂબ علیہ السلامનું શહેર)*

**અર્થ** : જ્યારે હઝરત યૂસુફ عليه السلامએ પોતાના વાલિદ હઝરત યાકૂબ عليه السلامને મિસ્રથી કુર્તો મુબારક મોકલ્યો તો હઝરત યાકૂબ عليه السلامને કિન્આનમાં તેની સુગંધ આવી. ફર્માવ્યું, મને હઝરત યૂસુફ عليه السلامની ખૂશ્બૂ આવે છે. હુઝૂર આ'લા હઝરત رحمة الله عليه ફર્માવે છે, મદીનએ પાકની ગલી ગલીમાં હુઝૂર પૂરનૂર ﷺના કુર્તા મુબારકની ખૂશ્બૂ ફેલાયેલી છે. અરબની દરેક જગ્યા યૂસુફિસ્તાન બનેલ છે કે દરેક જગ્યાએ કિન્આનની જેમ ખૂશ્બૂ આવી રહી છે.

*ક્યા મહકતે હૈં મહકને વાલે*
*બૂ પે ચલતે હૈ ભટકનેવાલે*
*–(હુઝૂર આ'લા હઝરત رحمة الله عليه)*

**બઝ્મે કુદ્સીમેં હૈ યાદે લબે જાંબખ્શ હુઝૂર**
**આલમે નૂર મેં હૈ ચશ્મએ હૅયવાને અરબ**

*(બઝ્મે કુદ્સી = ફરિશ્તાઓની મેહફિલ, યાદે લબે જાં બખ્શ = જીવન આપનાર હોઠોની યાદ, ચર્ચા, આલમે નૂર = પ્રકાશિત દુનિયા, ચશ્મએ હૈવાન = આબે હયાતનું ઝરણુ)*

**અર્થ** : હુઝૂરે પાક ﷺના જિંદગી બખ્શનાર હોઠોની ચર્ચા ફરિશ્તાઓની નૂરાની મેહફિલમાં થઈ રહી છે. પ્રકાશિત દુનિયામાં અરબનુ આબે હયાતનુ ઝરણુ વહી રહ્યું છે.

**પાએ જિબ્રીલને સરકાર સે ક્યા ક્યા અલ્કાબ**
**ખુસ્રૂવે ખૈલે મલક, ખાદિમે સુલ્તાને અરબ**

*(પાએ = મેળવ્યા, જિબ્રીલ = મશ્હૂર ફરિશ્તાઓના સરદાર હઝરત જિબ્રઈલ عليه السلام, સરકાર = હુઝૂર નબીએ પાક ﷺ, અલ્કાબ = લકબનું બહુવચન, ઉપનામ, ખુસ્રવે = બાદશાહ, સુંદર, ખૈલ = જમાઅત, મલક = ફરિશ્તા, ખાદિમે સુલ્તાને અરબ = અરબ સુલ્તાનના ખિદમત ગુજાર)*

**અર્થ** : હઝરત જિબ્રઈલ عليه السلامએ હુઝૂર ﷺની બારગાહથી કેવા કેવા ઊંચા લકબ મેળવ્યા કે આપ ફરિશ્તાઓની જમાઅતના સરદાર છે અને સુલ્તાને અરબના ખાદિમ, આ કોઈ કાલ્પનિક વાત નથી બલ્કે રિવાયતોમાં છે કે હઝરત અબ્દુલ અઝીઝ દબ્બાગ رحمة الله عليه ફર્માવે છે કે હઝરત જિબ્રઈલ عليه السلام નબી પાક ﷺની ખિદમત માટે પૈદા કરવામાં આવ્યા. *(જવાહિરુલ બેહાર, ભાગ : ૧, પેજ : ૬૪૫)*

અને આ વાતનું સમર્થન હદીષોથી થાય છે કે જંગે બદ્રમાં હઝરત જિબ્રઈલ عليه السلام ફરિશ્તાઓની ફૌજ સાથે હુઝૂર ﷺના લશ્કરમાં સામેલ થયા હતા. *(ખસાઈસે કુબ્રા, ભાગ : ૧, પેજ : ૨૦૦)*

**બુલબુલો નીલપરો કબક બનો પરવાનો**
**મહો ખુરશીદ પે હંસતે હૈં ચરાગાને અરબ**

*(બુલબુલ = મશ્હૂર પક્ષી, નીલપર = નીલકંઠ, વાદળી રંગનું પક્ષી, કબક = ચકોર નામનું પક્ષી, પરવાનો = પતંગીઓ, મહો ખુરશીદ = ચાંદ સૂરજ, ચરાગાને અરબ = અરબના ચરાગો, દીવાઓ)*

**અર્થ** : હે શમ્એ રિસાલત ﷺના પરવાનાઓ! ચૂપકીદીથી કુર્બાન થનારાઓ ! તમે બુલબુલ, નીલકંઠ, ચકોર બનીને સરકાર عليه السلامના ગીત ગાવ, હુઝૂર ﷺના દરબારના ચિરાગો ચાંદ સૂરજની રોશનીમાં જોઈને હસી મઝાક ઉડાડે છે.

**હૂર સે ક્યા કહેં મૂસા સે મગર અર્ઝ કરેં**
**કે હૈ ખૂદ હુસ્ને અઝલ તાલિબે જાનાને અરબ**

*(હૂર = જન્નતી અતિ સુંદર સ્ત્રીઓ, મૂસા = મશ્હૂર નબી, હુસ્ને અઝલ = અનાદિકાલી હુસ્ન, તાલિબ = ઈચ્છુક, જાનાને અરબ = અરબના મહબૂબ)*

**અર્થ** : હૂર જે અતિ સુંદર તો છે પણ તેને ખુદાના જલ્વા વિશે શું પૂછીએ કે તેણે કદી ખુદાનો દીદાર કર્યો નથી. પરંતુ હઝરત મૂસા عليه السلامથી અર્ઝ કરીએ કે આપે તો ખુદા પાસે માંગ કરી, હે અલ્લાહ ! ﷻ હું તને જોવા ઈચ્છું છું, પરંતુ "લન્તરાની" જવાબ મળ્યો એટલે કે હે મૂસા ! عليه السلام તમે જોઈ શકતા નથી ! (કુર્આન) વારંવાર માંગ કરવા પર ફક્ત એક તજલ્લી દેખાડવામાં આવી. ખુદાના હુસ્નના એક હિસ્સાની (તજલ્લીની) ઝલક જોઈ, પરંતુ અરબના મહબૂબની શાન તો એટલી ઊંચી છે કે તે જ હુસ્ને અઝલ હુઝૂર ﷺનો ચાહક છે અને ખુદાએ પાક

ﷺનો દીદાર બેપર્દા કર્યો જેવું કે કુર્આન અને હદીષમાં છે કે મહબૂબની નજર ન તો હટી અને ન ભટકી. *(કુર્આન)* મૈં મારા રબને સારી સૂરતમાં જોયો. *(મિશ્કાત શરીફ)*

**કરમે નઅત કે નઝદીક તો કૂછ દૂર નહીં**
**કે 'રઝાએ' અજમી હો સગે હસ્સાને અરબ**

*(કરમે નઅત = નઅત કહેવા પર મળતી બખ્શિશ, રઝાએ અજમી = ગૈર અરબી, રઝા = ઈમામ અહમદ રઝા હિંદી رحمۃ اللہ علیہ, સગ = કૂતરો મુરાદ ગુલામ, હસ્સાને અરબ = મશ્હૂર અરબી નઅતખ્વાં સહાબી હુઝૂર ﷺ જેમના માટે મિમ્બર મૂકાવતા અને જેઓ મિમ્બર પર ઊભા થઈ નઅત પઢતા અને હુઝૂર ﷺ પોતાની મુબારક ચાદર વગેરે બખ્શિશમાં આપતા)*

**અર્થ** : જે હઝરત હસ્સાન رضی اللہ عنہને નઅતના બદલામાં હુઝૂર બખ્શિશ આપતા હતા. મારી નઅતખ્વાની પર બખ્શિશમાં મને હઝરત હસ્સાન رضی اللہ عنہની ગુલામી મળે તો કોઈ મુશ્કેલ વાત નથી.

હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہની આ મહાન નમ્રતા છે કે અમુક શાયરો પોતાની શાયરીના ઘમંડમાં કોઈને કશું સમજતા નથી ! પરંતુ હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہ અરબી શાયર અને નઅતખ્વાં હઝરત હસ્સાન رضی اللہ عنہના કૂતરા (ગુલામ) બનવાની તમન્ના કરે છે.

*મુલ્કે સુખન કી શાહી તુમ કો રઝા મુસલ્લમ*
*જિસ સમ્ત આ ગએ હો સિક્કે બિઠા દીએ હૈં*


## હજ્જ યાત્રીઓ માટે અનોખી કિતાબો મંગાવો

### મા'મૂલાતે હરમૈન (ત્રણ કિતાબો)

૧. હજ્જ શા માટે કરવી ?
૨. હજ્જ કેવી રીતે કરશો ?
૩. આદાબે મદીના

લેખક : અતાએ મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ
**હઝરત મૌલાના મુહમ્મદ શાકિર અલી નૂરી રઝવી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*
અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

ફઝાઈલ, મસાઈલથી તથા સર્વ દુઆઓથી ભરપુર આ કિતાબોનું પેકેજ **'મા'મૂલાતે હરમૈન'** મેળવો. (હદિયો : રૂા. ૧૦૦)

**નોંધ** : હજ્જ સંબંધી MP3 C.D. (સીડી) જેમાં હજ્જનો તરીકો અલ્હાજ કારી રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પોતાના અનોખા અંદાઝમાં સમજાવેલ છે. એના માટે પણ દયાદરા (જિ. ભરૂચ)ના સરનામે સંપર્ક કરશો. (સંપર્ક મોબાઈલ નં. 94274 64411, ફોન નં. (02642-280011, 210411)

**ઈલ્મી ઈસ્લાહી બયાનોની C.D. મંગાવો !**

ફખ્રે ગુજરાત **હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી સાહબ**નાં ઈન્કિલાબી, ઈલ્મી, ઈસ્લાહી બયાનો અકીદા તથા અમલ સંબંધે જરૂરથી મંગાવશો.

**૧.** જુમ્આમાં ૨૦૧૧ દરમિયાન થયેલ બયાનો **૨.** રમઝાન ૨૦૦૯માં થયેલ બયાનો
**૩.** સુન્ની દા'વતે ઈસ્લામી U.K. સુન્ની ઈજતેમા–૨૦૧૧ **૪.** રમઝાન ૨૦૧૧માં થયેલ બયાનો

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)** મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, **બોનાન્ઝા STD PCO**, મોટા ચકલા–દયાદરા, ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૬૫, મો. ૯૪૨૭૪ ૩૭૫૯૦

# અવલિયા અલ્લાહની કરામતો

અઝ : અબુલ કાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

### ★ સિંહ પર સવાર થઈને શહેરમાં પહોંચ્યા ★

મેં મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીથી સાંભળ્યું, તેમણે મુહમ્મદ બિન ફરખાનથી સાંભળ્યું કે જુનૈદે તેમને કહ્યું કે અબૂ જઅફર હઝાફ ફર્માવતા હતા કે જાબિર રહબીએ મને કહ્યું કે રહબાના રહેવાસીઓ મારી સમક્ષ કરામતોનો ઈન્કાર કર્યા કરે છે. જેથી હું એક દિવસ સિંહ પર સવાર થઈને રહબામાં પહોંચી ગયો અને કહ્યું, ક્યાં છે તે લોકો જેઓ અવલિયા અલ્લાહને જૂઠલાવે છે ?! જાબિર કહે છે કે ત્યારબાદ તે લોકોએ મારાથી ઝઘડો નથી કર્યો.

### ★ એક નવયુવાનની કરામત ★

મેં મન્સૂર મગરબીને ફર્માવતાં સાંભળ્યા કે એક શખ્સની મુલાકાત ખિઝર علیہ السلامની સાથે થઈ. તેણે એમને પૂછયું કે આપે આપનાથી વિશેષ કોઈ શખ્સને જોયો છે ? તેમણે જવાબ આપ્યો. હા ! અબ્દુર્રઝઝાક્ બિન હુમામ મદીનામાં હદીષની રિવાયત બયાન કર્યા કરતા હતા અને લોકો એમની આસપાસ બેસીને સાંભળ્યા કરતા. એમનાથી થોડાક અંતરે મેં એક નવયુવાનને જોયો કે પોતાના ગુઠણો પર માથી રાખીને બેઠો છે. મેં તેને કહ્યું, અબ્દુર્રઝ્ઝાક્, રસૂલુલ્લાહ ﷺની હદીષોની રિવાયત કરી રહ્યા છે તો આપ કેમ નથી સાંભળતા ? તે નવજુવાને કહ્યું, એઓ તો મૈયતથી રિવાયત કરી રહ્યા છે અને હું અલ્લાહ عزوجلથી ગાયબ નથી. એના પર મેં એમને કહ્યું કે જો વાત આ પ્રમાણે છે તો બતાવો ! હું કોણ છું ? તેણે માથુ ઉઠાવીને કહ્યું, "તમે મારા ભાઈ અબુલ અબ્બાસ ખિઝર છો." મને જાણ થઈ ગઈ કે અમુક અલ્લાહ તઆલાના એવા બંદાઓ છે જેમને હું નથી જાણતો.

### ★ ઈબ્રાહીમ બિન અદહમના મુરીદની કરામત ★

કહે છે કે ઈબ્રાહીમ બિન અદહમનો યહ્યા નામી એક મુરીદ હતો તે એક એવા ઉપરના માળ પર ઈબાદત કરતો હતો જેને કોઈ દાદર ન હતો. જ્યારે તે કઝાએ હાજત કરવા ચાહતો તો પોતાના માળના દરવાજા પર આવીને કહેતો لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ અને હવામાંથી એવી રીતે પસાર થઈ જતો જેવી રીતે કે એક પક્ષી પસાર થઈ જાય છે. જ્યારે ફારિગ થઈ જતો તો ફરી لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ પઢતો અને માળ પર પાછો પહોંચી જતો.

### ★ સવાલ કરતાં પહેલાં જવાબ ! ★

અમને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીએ કહ્યું કે ઉમર બિન અહમદ શીરાઝી બસરીએ કહ્યું કે અબૂ મુહમ્મદ, જઅફર અલ હઝાઅ્ શીરાઝી ફર્માવતા હતા કે હું અબૂ ઉમર સતખરીની પાછળ નમાઝ પઢ્યા કરતો હતો. જ્યારે કદી દિલમાં કોઈ ખયાલ આવતો તો હું એમની પાસે ઈસ્તખર જતો. મોટાભાગે એવું થતું કે હું સવાલ કરું તે પહેલાં સામેથી તે મને જવાબ આપી દેતા ! અને ક્યારેક એવું થતું કે હું સવાલ કરતો અને તે જવાબ આપી દેતા. ત્યારબાદ હું વ્યસ્તતાને કારણ તેમની પાસે ન જઈ શક્તો. પછી એવું થતું કે જ્યારે મારા દિલમાં કોઈ મસ્અલો પેદા થતો તો તે અસ્ખરમાં બેઠા બેઠા જ મને જવાબ આપી દેતા અને મને સંબોધીને મારી સઘળી વિગત મને વર્ણવી આપતા. *(રિસાલા કુશૈરિયા)*



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

رحمۃاللہ تعالی علیہم اجمعین

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*(અનીસુલ અરવાહ : મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃاللہعلیہ)*

***(મજલિસ : ૨૦)***

### ★ મો'મિન તથા પડોશી વિશે ★

મો'મિનના બારામાં ચર્ચા ચાલી તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે મો'મિન તે શખ્સ છે જે ત્રણ ચીજોને પ્રિય રાખે છે : (૧) મૌત (૨) દરવેશી (૩) ફાતિહા. તો જે શખ્સ આ ત્રણ ચીજો પ્રિય રાખે છે તેને ફરિશ્તા ચાહે છે અને તેનો બદલો જન્નત હોય છે.

પછી ફર્માવ્યું કે ખુદાવંદે તઆલા દરવેશોને દોસ્ત રાખે છે અને ખુદાવંદે તઆલાના દોસ્ત હોય છે.

પછી ફર્માવ્યું કે અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે જે શખ્સની પાસે આઠ હજાર દિરહમ હોય તે દૌલતમંદ હોય છે. જેની પાસે એનાથી ઓછા હોય તે દરવેશ છે અને જેની પાસે એમાંથી કાંઈપણ ન હોય તે રાત દિવસ શુક્ર બજાવી લાવે તો પયગંબર ઐયૂબ علیہ السلامનો કુર્બ પામશે.

પછી ફર્માવ્યું કે મેં ખ્વાજા મૌદૂદ ચિશ્તી رحمۃاللہعلیہની ઝબાની સાંભળ્યું છે કે ખુદાવંદે તઆલા ત્રણ ગિરોહની પ્રતિ રહમતની નજરે જુએ છે અને તે લોકો અર્શની નીચે હશે. પ્રથમ તેઓ જે હમેશાં યાદે ઈલાહીમાં ધ્યાન કરતા હશે. બીજા તે લોકો જેઓ પડોશીઓ તથા પોતાની સ્ત્રીઓને ખુશ રાખે. ત્રીજા તેઓ જે દરવેશો તથા આજિઝોને ખાવા ખવડાવે છે.

પછી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે સૌથી અફઝલ નમાઝ, અને બીજા દરજા પર સદકો અને ત્રીજા દરજા પર કુર્આન શરીફ પઢવું. તો જે શખ્સ આ ત્રણેવને બજાવી લાવવામાં કોશિશ કરે છે તે મારી ઉમ્મતથી છે અને જન્નતમાં જશે.

પછી ફર્માવ્યું કે અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ تعالی وجہہ الکریم એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ પડોશીના બાબતે એટલા પ્રમાણે વર્ણન કર્યું કે મને ગુમાન પેદા થયું અને મેં પૂછયું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم શું પડોશીના ઈન્તેકાલ બાદ તેના વારસાના પડોશી માલિક થઈ શકે છે કે નહીં ? આં હઝરત صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, હા ! બની શકે છે, જો કોઈ વારસ ન હોય તો.

પછી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે જે શખ્સ પડોશીની સાથે શક્ય ત્યાં સુધી મહેરબાનીથી વર્તે તો ઈન્શાઅલ્લાહ ! કયામતના દિવસે મારી સાથે હશે અને જન્નતમાં જશે.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. **اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ**

***(મજલિસ : ૨૧)***

### ★ મો'મિનની મદદમાં ખુદાની રઝામંદી ★

હાજત રવાઈ (કોઈની હાજત પૂરી કરવા)ના બારામાં ચર્ચા ચાલી તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે **એ મો'મિનથી ખુદા તઆલા ખુશ થાય છે જે મો'મિનની જરૂરતને પૂર્ણ કરે છે,** અને જન્નતમાં એનુ ઠેકાણુ હોય છે. અને ફર્માવ્યું કે **જે શખ્સ મો'મિનની ઈજ્જત કરે છે તેની જગા જન્નતમાં હોય છે અને ખુદાવંદે તઆલા તેના સર્વ ગુનાહોને માફ કરી આપે છે.** જો બંદો કોઈનું પગરખુ (જોડા) સીધુ કરે અથવા મુસલમાનના પગેથી કાંટો કાઢે તો ખુદા તઆલા તેને સિદ્દીકો તથા શહીદોમાં ગણના કરે છે.

પછી ફર્માવ્યું કે મશાઈખ તથા અવલિયાના તબકાએ

ફર્માવ્યું છે કે જો કોઈ શખ્સ દુરૂદોના વિર્દમાં કે બંદગીમાં વ્યસ્ત હોય અને કોઈ જરૂતમંદ આવે અને તેને મળવા માગે તો તેને માટે લાઝિમ છે કે સર્વ કામ છોડીને તેના કામમાં વ્યસ્ત થઈ જાય. અને જેટલા પ્રમાણમાં શક્તિ હોય તેમાં કોશિશ કરે અને રસૂલુલ્લાહ ﷺથી હદીષમાં છે કે **જે શખ્સ પોતાના મો'મિનભાઈની હાજત પૂરી કરે છે ખુદા તઆલા તેની દુનિયા તથા આખેરતની હાજતોને પૂર્ણ કરે છે અને ક્યામતના દિવસે જન્નતમાં જશે, હઝરત આદમ** عليه السلام**નો જન્નતમાં પડોશી થશે.**

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા.

اَلْحَمْدُ اللهِ عَلٰى ذٰلِكَ

***(મજલિસ : ૨૨)***

## ★ ઈલ્મ, ઈમાન, ઈસ્લામના પ્રકારો ★

આખરી જમાનાના બારામાં ચર્ચા શરૂ થઈ તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺથી હદીષમાં છે કે, "જ્યારે આખરી જમાનો આવશે તો આલિમોને ચોરોની જેમ મારશે અને આલિમોને મુનાફિક઼ કહેશે અને મુનાફિક઼ોને આલિમ કહશે."

પછી ફર્માવ્યું કે જે શખ્સ ઈલ્મ શીખે છે એનું નામ અવલિયાના આસ્માન પર લેવામાં આવે છે. પછી ફર્માવ્યું કે ઈબ્ને અબ્બાસ رضي الله عنهماથી રિવાયત છે કે કુફ્ર, ઈમાન, ઈસ્લામ, નિફાક઼ તથા ઈલ્મમાંથી દરેકના બે પ્રકાર છે. કુફ્રના બે પ્રકાર છે, પ્રથમ તે કુફ્ર જે ખુદાવંદે તઆલાની નેઅમતોનો કરવામાં આવે છે, દા.ત. નમાઝ જમાઅત સાથે અદા ન કરવી, બીમારીઓને જોવું અને મુસલમાનોને ફાયદો ન પહોંચાડવું, આ સર્વ વાતોના સબબે ઈમાનથી ખારિજ નથી થતો. બીજુ કુફ્ર એ છે કે મુસલમાનીથી ફરી જવું અને ફર્ઝ વાતોનો ઈન્કાર કરવું, એના સબબે માણસ ઈમાનથી ખારિજ થઈ જાય છે.

ઈમાનના બે પ્રકાર છે : એક મુનાફિક઼ોનું ઈમાન હોય છે જેઓ જીભ વડે સ્વીકાર કરે છે અને દિલમાં શક ધરાવે છે. આ મુનાફિક઼ોનું કામ છે. પણ બીજા પ્રકારનું ઈમાન ખાસ મો'મિન લોકોનું કે જેઓ જીભ તથા દિલથી સમર્થન કરે છે. એ ઈમાન નેકોકાર આદમી સિવાય કોઈની કિ઼સ્મતમાં નથી હોતું.

અને ઈસ્લામના બે પ્રકાર આ છે : એક એ કે જ્યારે ખુદાવંદે તઆલાની ઈબાદતમાં મશ્ગૂલ હોય તો શક ન કરે. અને જ્યારે એની સમક્ષ સિજદો કરે તો દિલ તથા ઝબાનથી એક જ જાણે, તો આ પાકીઝા ઈસ્લામ છે. બીજો ઈસ્લામ એ છે કે જીભ વડે કહે કે હું મુસલમાન છું અને દિલ કુફ્ર રાખે અને એ વાતનો ડર ન કરે કે દીનનો શો હાલ થશે અને કેવી શર્મિંદગી ઉઠાવવી પડશે. જ્યારે જે કાંઈ દિલમાં હોય તે જ જીભ વડે કહે અને લોકો દરમ્યાન લા ઈલાહ ઈલ્લલ્લાહની શહાદતથી જિંદગી બસર કરે તો એવો શખ્સ દોઝખથી બચી જશે.

અને નિફાક઼ના બે પ્રકાર આ પ્રમાણે છે : પ્રથમ એ કે બંદો હલાલ તથા હરામ અને અમરો નેહી (જે કરવાનો હુકમ થયો અને જેનાથી રોકવામાં આવ્યા)નો ઈક઼રાર કરે અને પછી ગુનાહમાં મશ્ગૂલ થઈ જાય અને બુરાઈ કરે અને ખુદા તઆલાથી ડરે અને તૌબાની ઉમ્મીદ રાખે અને ઉમ્મીદ કરે કે ખુદા તેને બદ્કાર જાણે છે. બીજો નિફાક઼ એ છે કે જીભ વડે હલાલ તથા હરામ અને અમરો નેહીનો સ્વીકાર કરે અને દિલમાં ખયાલ કરે કે નમાઝ રોઝા તથા ઝકાત એ અમલ છે જો કરીશ તો તેનો સવાબ મળી જશે, એ નિફાક઼ છે, તેનો બદલો દોઝખની આગ છે.

અને ઈલ્મના બે પ્રકાર આ પ્રમાણે છે : **એક** ખાસ ખુદાના માટે ઈલ્મ હાંસલ કરવો અને **બીજો** સામાન્ય ઈલ્મ મેળવવો. **જે શખ્સ ઈલ્મનો એક કલમો સાંભળે એ એનાથી બેહતર છે કે એક સાલ ઈબાદત કરે.** અને જે શખ્સ એવી જગાએ બેસે છે જ્યાં ઈલ્મની ચર્ચા થાય છે તેનો સવાબ ગુલામ આઝાદ કરવા બરાબર હોય છે. અને ઈલ્મ આંધળા માટે રોશની સમાન, અને જન્નત પ્રતિ દોરનાર છે અને અલ્લાહ ﷻ ઈલ્મને દુનિયા તથા આખેરતમાં બર્બાદ નથી કરતો.

અને અમલના બે પ્રકાર છે : **પ્રથમ** જે ખુદાના માટે કરવામાં આવે, એ ખાસ છે. **બીજો** જે લોકોને દેખાડવા માટે કરવામાં આવે, તેનો બદલો નથી મળતો. અને એવું કરવું સારું નથી.


જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા.

اَلْحَمْدُ اللهِ عَلٰى ذٰلِكَ

(કાર્યચ)

મુનાફિકત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!



**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**



*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક્વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી*

## બેશરમ દેવબંદીઓ ! બેશર્મીની કોઈ હદ હોય છે !

જલંધર જિલ્લામાં રહમતઅલી નામના એક શખ્સ કોઈ સરકારી સ્કૂલમાં નોકર હતા, કિતાબ "તઝકેરતુર્રશીદ"ના કર્તા બેશરમ દેવબંદી મોલ્વી આશિક્ ઈલાહી મેરઠીએ તેમના સંબંધે લખ્યું છે કે, શરૂ શરૂમાં આ મુન્શી સાહબ કટ્ટર દરજ્જાના બિદઅતી હતા, તેમને હઝરત પીરાને પીર સૈયદ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہથી બેહદ અકીદત હતી. હાફેઝ મુહમ્મદ સાલેહ નામના એક દેવબંદી મોલ્વીની ખિદમતમાં રહીને તેમને થોડાક દિવસ કંઈ જાણવા મોકો મળ્યો. જેનાથી અમુક હદ સુધી તેમના અકીદાઓમાં પરિવર્તન થઈ ગયું. ત્યાર પછી શું બન્યું તેની વિગત કિતાબ તઝકેરતુર્રશીદના લેખકની જબાની સાંભળો, લખ્યું છે કે :

*"હાફિઝ મુહમ્મદ સાલેહ સાહબની શાગિર્દીના જમાનામાં વધુ ભાગે હઝરત મૌલાના ગંગોહીની પ્રશંસાઓ તેમના કાનોમાં પડતી હતી, પરંતુ તેનાથી તેઓ પ્રભાવિત થતા ન હતા. તેમણે એવું નક્કી કર્યું હતું કે જ્યાં સુધી હઝરત પીરાને પીર رحمۃ اللہ علیہ પોતે ખ્વાબમાં પધારીને મને હુકમ નહીં આપશે કે ફલાણા શખ્સની બયઅત લો, ત્યાં સુધી તેઓ કોઈની બયઅત લેશે નહીં. આ સ્થિતિમાં લાંબો સમય વીતી ગયો. તેઓ પોતાના વિચારો પર મક્કમ રહ્યા હતા. છેવટે એક રાત્રે હઝરત પીરાને પીર દસ્તગીર رحمۃ اللہ علیہની ઝિયારત ખ્વાબમાં થઈ. હઝરત શયખ رحمۃ اللہ علیہએ તેમને કહ્યું કે,* ***આ જમાનામાં મૌલાના રશીદ અહમદ ગંગોહીને અલ્લાહ તઆલાએ એવો ઈલ્મ આપ્યો છે કે જ્યારે કોઈ તેમની સામે હાજર થનાર સલામ કહે છે તો તેઓ (ગંગોહી) તેના દિલના ઈરાદાથી જાણકાર થઈ જાય છે*** *અને જે કાંઈ તેના માટે મુનાસિબ હોય છે તે પઢવાનું તેને તેઓ બતાવે છે."* (તઝકેરતુર્રશીદ, ભાગ : ૨, પેજ : ૩૧૨)

**જોઈ લીધું તમે ?!** માત્ર પોતાના શયખની ગયબદાનીનો સિક્કો ચલાવવાને માટે (બનાવટ કરીને)

સૈયદુલ અવલિયા સરકારે ગૌષુલવરા رحمۃ اللہ علیہની જબાન મુબારકથી એવા અક઼ીદાની જાહેરાત કરાવવામાં આવી કે **જે દેવબંદી ધર્મમાં ખુલ્લુ શિર્ક છે !** પાછી ખૂબી તો એ છે કે, આ બયાનની રજૂઆત રદ કરવા માટે પણ નથી કે પોતાના માથા પરનો આરોપ ટળી શકે, એક તરફ આ બનાવને જરૂર નજર સમક્ષ રાખો અને બીજી તરફ તક઼વિયતુલ ઈમાનનું આ લખાણ વાંચો તો તેમની તવહીદ પરસ્તીનો તમામ ભરમ ખુલી જશે અને બેશરમીપણાની હદો તોડતા તેઓ જોવા મળશે :–

*"જે વાત મારી જીભેથી નીકળે છે તે એને સાંભળી લે છે અને મારા દિલના વિચારો અને કલ્પનાઓથી તે માહિતગાર રહે છે.* ***આ બધી વાતોથી શિર્ક સાબિત થઈ જાય છે."*** *(તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ–૩૮, પ્રકાશન નંબર : ૯૬, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

દિલ પર હાથ રાખીને વિચારો કે, ગંગોહી દેવબંદી પેશ્વાની ગયબી શક્તિ સાબિત કરવાને માટે એ શ્રીમાનોને શિર્કના કેટકેટલા મોરચાઓ પરથી પસાર થવું પડયું ?!

**પ્રથમ શિર્ક** એ છે કે, હુઝૂર ગૌષુલવરા અગર ગયબદાન ન હતા તો તેમને કેવી રીતે ખબર પડી કે અમારો ફલાણો મુઅ્તક઼િદ મુરીદ થવાને માટે અમારી બશારતની રાહ જોઈ રહ્યો છે ? **બીજુ શિર્ક** એ કે, તેમની અંદર મદદ કરવાની શક્તિ છે તેનો સ્વીકાર કરવામાં આવ્યો, તેઓ વફાત પછી પણ ગમે તેમની મદદ કરવા ચાહે તો કરી શકે છે **ત્રીજુ શિર્ક** એ છે કે, સલામ કર્યા પછી, જો ગંગોહીના દિલની કૈફિયત તેમની નજર સમક્ષ ન હોતી તો તેમને કેવી રીતે ખબર પડી કે, **દેવબંદી મૌલ્વી રશીદ અહમદ ગંગોહીને અલ્લાહ તબારક વ તઆલાએ એવો ઈલ્મ આપ્યો છે કે જ્યારે કોઈ તેમની સામે હાજર થનાર સલામ કહે છે તો તે તેના દિલી ઈરાદાથી વાક઼ેફ થઈ જાય છે,** તેનાથી પોતાના ઘરના મૌલાનાની મહાનતા અને શ્રેષ્ઠતાનો એક દસ્તાવેજ બનાવવાનો હેતુ હતો, નહીં તો આ દેવબંદીઓ સરકારે ગૌષુલ્વરા رحمۃ اللہ علیہને ગયબી ઈલ્મ અને મદદ કરવાની તાકાત હોવાના હરગિઝ માનનારા નથી ! બલ્કે મૌલ્વી રશીદ અહમદ ગંગોહીએ નિદાએ **યા શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની શયઅન લિલ્લાહ** (એટલે હે શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની ! ખુદાને ખાતર કાંઈ અતા ફર્માવો) સંબંધે લખેલ છે કે :–

*"આ કલામનું પઢવું કોઈપણ રીતે જાઈઝ નથી, અગર શયખ (અબ્દુલ ક઼ાદિર જીલાની)ને આલિમુલ ગયબ અને મુતસર્રિફ (મદદ કરવાની શક્તિ ધરાવનાર) જાણીને કહે છે તો એ તદ્દન શિર્ક છે અને એવો અક઼ીદો નથી તો નાજાઈઝ છે, કેમ કે એવી સ્થિતિમાં જો કે, નિદા શિર્ક થઈ નહીં, પરંતુ શિર્કની પૂર્ણ નક઼લ છે. શિર્કની મુશાબેહત છે." (ફતાવા રશીદિયહ્, ભાગ : ૧, પેજ : ૫)*

ખૂબ ધ્યાનપૂર્વક વાંચો અને શાંત ચિત્તે વિચારો કે, હુઝૂર સરકારે ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہની રૂહાની શક્તિ અને ગયબદાનીના સવાલ પર કેટકેટલી ક઼ાનૂની બારીકીઓ કાઢવામાં આવી છે ! કેવી બાલની ખાલ કાઢવામાં આવી, પરંતુ પોતાના ઘરના બુઝુર્ગોની વાત આવી તો એ જ સરકારે બગદાદ હુઝૂર ગૌષુલવરા رحمۃ اللہ علیہના ઈલ્મ અને મદદ કરવાની શક્તિને લેશમાત્ર સંકોચ વિના ઠંડે કલેજે સ્વીકારવામાં આવેલ છે, છતાં તેમની તવહીદ જેમની તેમ બાકી છે, શું આ પરથી એમ લાગતું નથી કે, દેવબંદી ધર્મની બે શરીઅત છે ?! **હસન ભડકોદ્રવી તથા ઈસ્માઈલ મનુબરી કંથારવી બતાવે કે તેમના જ ક઼ાનૂન પ્રમાણે આ દેવબંદી મુલ્લા મુશ્રિક થયા કે નહીં ?!**

## દેવબંદી મૌલ્વી ગંગોહીજીના મુરીદનો મર્તબો !

કિતાબ ''તઝકેરતુર્રશીદ''ના લેખકે મૌલ્વી ગંગોહી સાહબના એક મુરીદને સંબંધે લખ્યું છે કે :–

*''એક શખ્સ પત્ર દ્વારા આ (ગંગોહી)ના મુરીદ થયા અને પત્ર દ્વારા જે શિક્ષણ મળ્યું તેના પર અમલ કરવા લાગ્યા, થોડાક દિવસોમાં તેમની એ હાલત થઈ ગઈ કે તમામ અવલિયાએ એઝામની પાક રૂહોથી તેમને લિક઼ા (મુલાક઼ાત) હાંસલ થઈ અને ત્યાર પછી એક પછી એક અંબિયાએ કિરામ عليهم السلام ની પાક રૂહોની મુલાકાતો થઈ, તેમને એમ લાગ્યું કે પગથી માથા સુધી રગ રગ ને બાલ બાલમાં અરવાહે તૈયબાતથી સંબંધ છે. આ સ્થિતિમાં એક પ્રકારનો નશો પેદા થતો, જેમાં ગયબની વાતો અને સરવરે આલમ ﷺ ની મજલિસની દરવાનીનું માન હાંસલ થતું. (તઝકેરતુર્રશીદ, ભાગ : ૨, પેજ : ૧૨૩)*

હવે દાનાઈ અને વિચારના આ પ્રકારના દુકાળની શિકાયત કોની પાસે કરવી કે, (મૌલ્વી ગંગોહીના) દરવાનની હક઼ીક઼ત તો એ જાહેર કરવામાં આવે છે કે, **આલમે ગયબનો કોઈ પર્દો તેની નજરની દરમ્યાન છે જ નથી ! બિલ્કુલ પાડોશમાં રહેતા મિત્રોની જેમ અંબિયા અને અવલિયાની રૂહો સાથે મુલાકાતોનો સિલસિલો જારી છે. બરઝખ અને ગયબના રહસ્યો મહેસૂસના સ્વરૂપમાં નજરો સમક્ષ હાજર છે !** પરંતુ આક઼ા ﷺ ના સંબંધે તેમનો અક઼ીદો શું છે ? તે તેમની જ જબાનથી સાંભળી લો :

*''(ઈલ્મે ગયબ જાણતા હોવા વિશે) જો કોઈ માણસ કોઈ નબી કે વલીને જિન કે ફરિશ્તાને, ઈમામ કે ઈમામના પુત્રને પીર કે શહીદને.......આ પ્રકારના માને તો એવો માણસ મુશ્રિક અને આ આયતનો મુન્કિર બની જાય છે.'' (તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ–૬૭, પ્રકાશન નંબર : ૯૬, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

શું જવાબ છે તૌહીદના ધોકાબાઝ ઠેકેદારો પાસે આ વાતોનો ?

પેજ નં. **૧૧**નું ચાલુ...

હોય, દોસ્તી હોય તો અક઼ીદા બાબતે ચર્ચા કરી લઈ તેમને સમજાવવા અને દલીલો રજૂ કરવી, છતાં ન માને તો સંબંધો કટ કરવા જોઈએ. મૌત મૈયત કે શાદીમાં તેમને ત્યાં જવું આવવું કે તેમને બોલાવવા ન જોઈએ, તો જ તમો સાચા સુન્ની કહેવાશો, નહીં તો ઢોંગી સુન્ની ગણાશો અને ખુદાની બારગાહમાં ઢોંગ ચાલશે નહીં, ત્યાં કડક પકડ થશે અને છૂટકારો મુશ્કેલ છે. જેથી દેવબંદીઓની અસલિયત જાણો અને અહલે સુન્નત પર ''મસ્લકે આ'લા હઝરત'' પર મજબૂતીથી જામી જાવ ! અને મુજદ્દિદે દીનો મિલ્લત, આ'લા હઝરત, ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ની કિતાબો વાંચી ઈમાનને મજબૂત કરો.

અને તે કલ્મા ગો ભાઈઓ જેઓ જાહિલ સુન્નીઓની બદ્અમલીઓને કે શરીઅત પર ન ચાલતા બનાવટી પીરોની અમુક અયોગ્ય હરકતોને જોઈને કે જે સુન્ની મઝહબમાં પણ હરામ છે તેને જોઈને અથવા દેવબંદીઓના જાહેરી દેખાડવાના થતા સારા અમલો, તબ્લીગ જમાતની ચલત ફિરતથી અંજાયને એ તરફ આકર્ષાયા હોય તેઓને નમ્ર વિનંતિ કે અલ્લાહે તમને પણ દિલ, દિમાગ તથા આંખ આપી છે તેના થકી ઉપરોક્ત લખાણને ઈન્સાફની નજરે ધ્યાનપૂર્વક કશાય પક્ષપાત વિના વાંચો અને તેમની અસલિયતને જાણી લો અને આ ''બદ્તરીન બિદઅતી તથા ગુમરાહો''થી દૂર થઈને પોતાની આખેરતને બચાવી લો. *(બિદઅત વિશે પૂરી સમજૂતી પામવા દયાદરાથી ''બિદઅતની હક઼ીક઼ત'' કિતાબ મંગાવો.)*

# ગલતફહમીઓ
## તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તહ્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.sc. M.ed.)

### ★ હલાલ જાનવરના પેશાબના છાંટાઓનો હુકમ ★

કેટલાય લોકો હલાલ જાનવરોના પેશાબના છાંટાઓ જો બદન (શરીર) અથવા કપડાં ઉપર લાગી જાય, તો તેને નાપાક સમજે છે ત્યાં સુધી કે આ લાગેલા છાંટાઓ ધોવાનો અથવા કપડાં બદલવાનો મોકો ન મળે તો નમાઝ પણ છોડી દે છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : "ગાય, ભેંસ, બળદનું છાણ અને પેશાબ "નજાસતે ખફીફા" છે. જ્યાં સુધી કપડાનો ચોથો ભાગ ભરાઈ ન જાય અથવા અલગ અલગ જગ્યાએ પડેલાં (છાંટાઓ અથવા છાણ)ને ભેગા કરવામાં આવે તો કપડાંના ચોથા ભાગની માત્રા જેટલો ન થઈ જાય ત્યાં સુધી તે કપડાને નાપાકનો હુકમ આપવામાં આવશે નહીં અને આવા કપડાંથી નમાઝ પઢવી જાઈઝ છે અને ધારો કે વધારે પણ ધબ્બા અથવા છાંટા લાગી ગયા હોય અને ધોવામાં ખરેખર મજબૂરી એટલે કે (હર્ઝે શદીદ) વધારે તકલીફ હોય તો નમાઝ જાઈઝ છે. *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૨, પેજ : ૧૬૧)*

હદીષ શરીફમાં છે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, "જેનું ગોશ્ત ખાવામાં આવે છે તેના પેશાબમાં વધારે વાંધો નથી એટલે કે તેમનો પેશાબ વધુ પડતો નાપાક નથી." *(મિશ્કાત, બાબે અલ તત્હરી, અલ નજાસાત, પેજ : ૫૩)*

ખુલાસો એ જ કે હલાલ જાનવર દા.ત. ગાય, ભેંસ, બળદ, બકરીનો પેશાબ નજાસતે ખફીફા છે. કપડાં અથવા શરીરના કોઈ ભાગનો ચોથો ભાગ તેનાથી ભરાઈ ન જાય ત્યાં સુધી નમાઝ પઢી શકાય છે, અને તે છાંટાઓ જે સામાન્ય રીતે ખેડૂતોનાં કપડાં ઉપર અને શરીર ઉપર પડેલાં હોય છે જેનાથી બચવું સમાન્યતઃ મુશ્કેલ છે તેનાથી તો વગર કરાહતે નમાઝ જાઈઝ છે. અને નમાઝ છોડવાનો હુકમ તો કોઈ હાલતમાં નથી ભલે પછી મજબૂરીની હાલતમાં નાપાકી કેવી હોય અને કેટલી હોય અને તેને ધોવા અને બદલવાના કોઈપણ સંજાગો ન હોય તો એમ જ (એ જ હાલતમાં, સ્થિતિમાં) નમાઝ પઢી લેવી પડશે. કપડાં ન હોય તો નગ્ન શરીરે નમાઝ પઢી લેવી જોઈએ. આ જે અજ્ઞાન (જાહિલ) વ્યક્તિઓ નાની વાતોમાં કહી દે છે કે આવી નમાઝ પઢવા કરતાં તો ન પઢવી સારી ! એ તેઓની અજ્ઞાનતા અને ગુમરાહી છે. સાચી વાત તો એ છે કે મજબૂરીની હાલતમાં નમાઝ છોડવા કરતાં દરેક પ્રકારે નમાઝ પઢી લેવી સારી છે.

### ★ પક્ષીઓની ચરકનો મસ્અલો ★

જે પક્ષીઓ ઊંચે ઉડતાં નથી પરંતુ જમીન ઉપર રહે છે જેમ કે મરઘી અને બટક તેઓની બીટ (ચરક) એટલે કે પાયખાનું મનુષ્યના પાયખાના અને પેશાબની જેમ જ "નજાસતે ગલીઝા" છે. અને જે પક્ષીઓ ઊંચે ઉડે છે અને તે પક્ષીઓમાંથી જે હલાલ પક્ષીઓ છે તેઓની ચરક પાક છે. દા.ત. કબૂતર, મેના, ઘરની ચકલીઓ વગેરે. અને જે પક્ષીઓ હરામ છે જેમ કે કાગડો, સમડી, શકરો, બાજ વગેરેની ચરક નજાસતે ખફીફા છે. તેમનો તે જ હુકમ છે જે હલાલ જાનવરોના પેશાબનો હુકમ છે.

### ★ હૈઝ અને નિફાસવાળી સ્ત્રીને અપશુકનિયાળ સમજવું જોઈએ ? ★

સુવાવડ અને માસિકવાળી સ્ત્રીઓની સાથે ખાવા, પીવામાં અને તેઓનું એઠુ ખાવામાં કોઈ પ્રકારનો વાંધો

નથી. ભારતમાં અમુક સ્થળોએ આવી સ્ત્રીઓનાં જમવાના વાસણ અલગ કરી દેવામાં આવે છે અને તેઓની સાથે ખાવા પીવાને ખરાબ સમજવામાં આવે છે અથવા તેમના વાસણોને નાપાક સમજવામાં આવે છે, જે હિંદુઓનાં રીતરિવાજ છે. આવા પાયા વગરના રીતરિવાજોથી બચવું જરૂરી છે. "અલ્બત્ત આવી હાલતમાં પતિએ પોતાની પત્ની સાથે સંભોગ કરવું હરામ છે."

## ★ નિફાસની મુદ્દત ★

લગભગ સ્ત્રીઓમાં આ રિવાજ છે કે બચ્ચાના જન્મ પછી જ્યાં સુધી ચિલ્લો પૂરો ન થઈ જાય (૪૦ દિવસ પૂરા ન થઈ જાય) ભલે પછી ખૂન આવવાનું બંધ થઈ ગયું હોય, ન નમાઝ પઢે છે, ન રોઝા રાખે છે અને ન તો પોતાને નમાઝ પઢવાને લાયક સમજે છે. આ પ્રમાણે માનવું એ નરી અજ્ઞાનતા છે. જ્યારે નિફાસનું લોહી આવવાનું બંધ થઈ જાય તે સમયથી જ ગુસ્લ કરીને નમાઝ પઢવાનું શરૂ કરી દેવું જોઈએ અને જો ગુસ્લ કરવાથી કદાચ નુકસાન થઈ જવાનો સંભવ હોય તો તયમ્મુમ કરીને નમાઝ પઢવી જોઈએ. એટલે કે નિફાસની મુદ્દત ૪૦ દિવસ જરૂરી છે એ પ્રમાણે માનવું એ નરી અજ્ઞાનતા અને ગેર સમજ છે. જ્યાં સુધી લોહી આવે ત્યાં સુધી સ્ત્રી નિફાસમાં છે એમ માનવામાં આવશે. પરંતુ જો ૪૦ દિવસ પછી પણ લોહી આવવાનું બંધ ન થાય તો ૪૦ દિવસ પછી ગુસ્લ કરીને નમાઝ પઢવી જોઈએ અને જે દિવસોમાં તેના ઉપર નમાઝ, રોઝા ફર્ઝ છે તે દિવસોમાં પતિ પત્નીનું સંભોગ કરવું પણ જાઈઝ છે.

## ★ શું બાળકને દૂધ પીવડાવવાથી માતાનું વુઝૂ તૂટી જાય છે ? ★

અમુક સ્થળોએ અજ્ઞાન લોકોમાં આ વાત પ્રચલિત છે કે, "સ્ત્રી જો બાળકને દૂધ પીવડાવે અને વુઝૂ સાથે હોય તો તેનો વુઝૂ તૂટી જાય છે." આ તદ્દન ખોટી વાત છે. બાળકને દૂધ પીવડાવવાથી બિલ્કુલ વુઝૂ તૂટી જતુ નથી અને દૂધ પીવડાવ્યા પછી ફરીથી વુઝૂ કર્યા વગર તેણી નમાઝ પઢી શકે છે.

## ★ દરેક નાપાકીને લીધે ગુસ્લ કરવું જરૂરી નથી ★

લગભગ એવું જોવા મળ્યું છે કે લોકોને પૂછવામાં આવે કે, "તમે નમાઝ કેમ નથી પઢી ?!" તો તેઓ જવાબમાં જણાવે છે કે અમે નાહયા નથી અને હકીકત એ હોય છે કે તેઓએ યા તો પેશાબ કર્યા પછી ઢેલો અથવા પાણીથી ઈસ્તિન્જા અને કપડાં ઉપર ક્યાંક કોઈ જગ્યાએ નાપાકીરૂપે પેશાબ અથવા છાણ અથવા કીચડ વગેરેની ગંદકી લાગેલી હોય છે અને તેઓ એવો વિચાર કરે છે કે આ પરિસ્થિતિમાં ગુસ્લ કરવું અને પાક થવું જરૂરી છે અને ફોગટમાં નમાઝ છોડીને મોટા ગુનેહગાર બને છે. હકીકતમાં આ બધી પરિસ્થિતિઓમાં નાહવાની જરૂરત રહેતી નથી પરંતુ કપડાં અને શરીરના જે ભાગ ઉપર ગંદકી લાગેલી હોય એને ધોવું અથવા અન્ય કોઈ રીતે આ નાપાકીને દૂર કરી દેવું કાફી છે. અથવા જે કપડાં ઉપર નાપાકી લાગેલી છે તે કપડાંને બદલી નાખવામાં આવે. આ પણ એ પરિસ્થિતિમાં કરવામાં આવે કે જ્યારે નાપાકી દૂર કરવામાં અથવા તેને ધોવા માટે શક્તિ ધરાવતો હોય. નહીંતર એમ જ આવા નાપાક કપડાંથી નમાઝ પઢવામાં આવે, અને જો ૩/૪ કરતાં વધારે પ્રમાણમાં કપડું નાપાક હોય તો ઉઘાડા શરીરે નમાઝ પઢે અને જો ૧/૪ કપડું પાક છે અને બાકીનો નાપાક છે (૩/૪) તો વાજિબ છે કે તે જ કપડાંથી નમાઝ પઢે. *(બહારે શરીઅત, ભાગ : ૩, પેજ : ૪૬)*

પરંતુ આ બધું ત્યારે જ છે જ્યારે નાપાકીને દૂર કરવા અથવા ધોવાને માટે કોઈ પરિસ્થિતિ જ ન હોય અને શરીરને છુપાવવા માટે અન્ય કોઈ પાક કપડું જ ન હોય.

આ મસ્અલાઓની વધુ વિગત જાણવા માટે કાનૂને શરીઅત, નિઝામે શરીઅત વગેરેનું વાંચન કરવું જોઈએ.

ટૂંકમાં ખુલાસો એ કે નમાઝ કોઈપણ પરિસ્થિતિમાં છોડવાની પરવાનગી નથી અને દરેક નાપાકી ઉપર ગુસ્લ કરવું ફર્ઝ નથી. ગુસ્લ ફર્ઝ થવા માટે અમુક ખાસ પરિસ્થિતિઓ છે, જેમ કે પતિ તેની પત્ની સાથે સંભોગ કરે, બંનેમાંથી કોઈનું પણ વિર્ય નીકળવું અથવા જોશ અને ઝટકાથી વિર્યનું બહાર નીકળવું, સ્ત્રીઓને હેઝ અને નિફાસ આવવું વગેરેની વિગતે જાણકારી માટે ફિકહની કિતાબનું વાંચન કરવું જોઈએ.

આવા હતા આપણા બુઝુર્ગો !

બઝ્મે અવલિયા

# હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ

કાર્યાલય

આપ તથા હસન બસરી رضی اللہ عنہ સમકાલિન બુઝુર્ગો છે. આપની ગણના પણ દીની પેશવાઓ અને રાહે સુલૂકના રહનુમાઓમાં થાય છે. આપની પયદાઈશ આપના પિતાની ગુલામીના દૌરમાં થઈ. તેમનું નામ દીનાર હતું. જાહેરી એ'તેબારથી જો કે આપ ગુલામઝાદા છે પરંતુ બાતિની તૌર પર ફયૂઝો બરકાતનો શ્રોત હતા અને કરામતો તથા રિયાઝતોના એતબારથી આપનો મર્તબો ઘણો જ બુલંદ છે.

### ★ મધદરિયે કરામતનો ઝહૂર ★

એકવાર આપ કશ્તીમાં સફર કરી રહ્યા હતા અને મઝધારમાં પહોંચીને જ્યારે નાવિકે ભાડુ માગ્યું તો ફર્માવ્યું કે મારી પાસે આપવા માટે કાંઈ નથી. આ સાંભળીને તેણે અયોગ્ય શબ્દો બોલીને આપને એટલા માર્યા કે આપ બેહોશ થઈ ગયા. અને જ્યારે હોશમાં આવ્યા તો નાવિકે ફરીવાર ભાડાની માગણી કરતાં કહ્યું કે જો તમે ભાડુ ન આપ્યું તો નદીમાં ફેંકી દઈશ ! એ જ વખતે અચાનક કેટલીક માછલીઓ મોંઢામાં એક એક દીનાર દબાવીને પાણીની ઉપર કશ્તીની પાસે આવી અને આપે એક માછલીના મોઢામાંથી દીનાર લઈને ભાડુ અદા કર્યુ. નાવિક આ હાલ જોઈને કદમોમાં ગબડી પડયો અને આપ કશ્તીમાંથી નદીમાં ઉતરી પડયા અને પાણી પર ચાલતા ચાલતા નજરોથી ઓઝલ થઈ ગયા. એના કારણે દીનાર શબ્દ આપના નામનો હિસ્સો બની ગયો.

### ★ દેખાડવાની અને ખુદાને ખાતર થતી ઈબાદતમાં ફરક ★

આપ અતિશય હસીનો જમીલ (હેન્ડસમ) તથા ખૂબ જ માલદાર હતા અને દમિશ્કમાં રહેતા હતા. અને હઝરત મુઆવિયહ رضی اللہ عنہની બનાવેલી મસ્જિદમાં એ'તેકાફ કર્યા કરતા હતા. એકવાર એવો ખયાલ આવ્યો કે કોઈ રીત અપનાવુ જેથી મને આ મસ્જિદનો મુતવલ્લી બનાવી આપે. (કદાચ આ મસ્જિદની માલી આવક વધુ હતી) જેથી આપે એ'તેકાફ પર એ'તેકાફ અને એટલા પુષ્કળ પ્રમાણમાં નમાઝો પઢી કે દરેક શખ્સ આપને દરેક વખતે નમાઝમાં મશગૂલ જોતો. પરંતુ કોઈએ પણ આપના તરફ ધ્યાન ન કર્યુ. પછી એક વરસ પછી આપ મસ્જિદથી નીકળ્યા તો ગયબી નિદા થઈ કે હે માલિક બિન દીનાર ! તારે હવે તૌબા કરી લેવી જોઈએ ! જેથી આપને પોતાની એક વરસની સ્વાર્થ માટેની દેખાવની નમાઝ તથા ઈબાદત પર સખત શર્મિંદગી તથા રંજ થયો અને આપે પોતાના દિલને રિયાથી પાક કરીને ખુલૂસ નિય્યતની સાથે એક રાત ઈબાદત કરી તો સવારના સમયે જોયું કે મસ્જિદના દરવાજે એક મજમો છે જે આપસમાં કહી રહ્યો છે કે મસ્જિદની વ્યવસ્થા બરાબર નથી જેથી આ જ વ્યક્તિને મુતવલ્લી બનાવી દેવામાં આવે અને સર્વ વ્યવસ્થાની બાબતો એને સુપ્રત કરી દેવામાં આવે. ત્યારબાદ એકમત થઈને પૂરો મજમો આપની પાસે પહોંચ્યો અને જ્યારે આપ નમાઝથી ફારિગ થઈ ચૂક્યા તો અર્ઝ કરી કે અમો સર્વ સંમતિથી તમને મસ્જિદના મુતવલ્લી બનાવવા ચાહીએ છીએ. આપે અલ્લાહ તઆલાથી અર્ઝ કરી કે, હે અલ્લાહ ! હું એક વરસ સુધી રિયાકારીભરી ઈબાદતમાં એટલા માટે મશ્ગૂલ રહ્યો કે મને મસ્જિદનું મુતવલ્લીપણુ મળી જાય, પણ એવું ન થયું ! હવે જ્યારે કે હું સાચા દિલથી તારી ઈબાદતમાં મશ્ગૂલ થયો તો તારા હુકમથી તમામ લોકો મને મુતવલ્લી બનાવવા આવી પહોંચ્યા ! અને મારા ઉપર આ બોજ નાખવા ચાહે છે, પરંતુ હું તારી અઝમતની કસમ ખાઉં છું કે ન તો હવે હું મુતવલ્લીપણુ કબૂલ કરીશ અને ન તો મસ્જિદથી બહાર નીકળીશ. આવું કહીને ફરી ઈબાદતમાં મશ્ગૂલ થઈ ગયા.

### ★ વલીઓ દુનિયાના માલથી દૂર ભાગતા ! ★

બસરામાં એક માલદાર માણસ મૃત્યુ પામ્યો અને

તેની પૂરી મિલ્કત તેની એકની એક પુત્રીને મળી જે ઘણી ખૂબસૂરત હતી. એક દિવસે તેણીએ હઝરત ષાબિત બુનાનીની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી કે હું નિકાહ કરવા ચાહું છું, પરંતુ મારી ઈચ્છા છે કે નિકાહ માલિક બિન દીનાર સાથે થતા જેથી ઝિક્રે ઈલાહી અને દુનિયાવી કામોમાં તેઓ મારી સહાયતા કરી શકે. જેથી ષાબિત બુનાનીએ એનો પયગામ માલિક બિન દીનાર સુધી પહોંચાડયો. પરંતુ આપે ફર્માવ્યું કે, હું તો દુનિયાને તલાક઼ આપી ચૂક્યો છું અને કેમ કે સ્ત્રી પણ દુનિયામાં ગણાય છે, એટલા માટે તલાક શુદા સ્ત્રી સાથે નિકાહ જાઈઝ નથી.

**ફાયદો** : આ પરથી જાણવા મળ્યું કે, **(૧) ''અલ્લાહના વલીઓ માલની પાછળ દોટ નથી મૂક્તા.''** અને એ પણ જાણવા મળ્યું કે : **(૨) તે સમયની સ્ત્રીઓ પણ કેટલી નેક હતી કે માલ દૌલતથી એશ કરવાને બદલે ઈબાદત પ્રતિ લગાવ રાખીને એવા પતિની તલાશ કરતી હતી કે જે તેને ઈબાદતમાં સાથ આપે.** જ્યારે આજે માલદાર સ્ત્રીઓ અય્યાશી કરાવે, છૂટથી ફેશનમાં જીવાડે, મોજ મજા કરાવે તેવા પતિની તલાશમાં રહે છે. તો તેમણે આ પરથી બોધ લેવો જોઈએ.

## ★ એક અધર્મીથી મુનાઝરો અને કરામત ★

કોઈ અધર્મી સાથે આપનો મુનાઝરો થઈ ગયો અને બંનેવ પોત પોતાને હક્ક઼ પર કહેતા રહ્યા. ત્યાં સુધી કે લોકોએ એવો ફેંસલો કર્યો કે બંનેના હાથ આગમાં રાખવામાં આવે, જેનો હાથ આગથી સલામત રહે એને હક્ક઼ પર માનવામાં આવે. જેથી એવું જ કરવામાં આવ્યું અને બંનેમાંથી કોઈના હાથને નુકસાન ન પહોંચ્યું ! લોકોએ ફેંસલો કરી આપ્યો કે બંનેવ હક્ક઼ પર છે. પરંતુ આપે રંજીદા થઈને અલ્લાહ તઆલાથી અર્ઝ કરી કે સિત્તેર વરસ મેં ઈબાદતમાં ગુજાર્યા પણ તેં મને એક અધર્મીના બરાબર કરી આપ્યો ?! નિદા આવી કે હે માલિક બિન દીનાર ! તમારા હાથની બરકતથી જ એક અધર્મીનો હાથ પણ આગથી બચી ગયો. અને જો તે એકલો આગમાં હાથ નાખી દેત તો યક઼ીનન સળગી જાત !

**ફાયદો** : જાણવા મળ્યું કે અધર્મીઓ, બદ્‌મઝહબોથી મુનાઝરો કરવો, તેમની રદ કરવી એ બુઝુર્ગોનો તરીક઼ો રહ્યો છે. આજકાલ કેટલાક બનાવટી પીરો, બુઝુર્ગીનો ઢોંગ રચીને વહાબી દેવબંદી સૌની સાથે મેલજોલ રાખે છે, સૌના વહાલા રહે છે, ઉપરથી કહે છે કે, ''બુઝુર્ગોને એના સાથે કાંઈ લેવા દેવા નથી ! બુઝુર્ગોને ત્યાં સૌને આવકાર આપવામાં આવે છે ! વગેરે.'' જાણવા મળ્યું કે સાચા વલી અધર્મીઓની બદ્‌અક઼ીદાઓની રદ કરતા હોય છે.

## ★ વલીના અખ્લાક઼ આવા હોય છે ! ★

એકવાર એક યહૂદીના મકાનની પાસે આપે ભાડે મકાન લઈ લીધું અને આપનો ઓરડો યહૂદીના દરવાજા સાથે જોડાયેલ હતો. જેથી યહૂદીએ દુશ્મનીમાં એક એવી નીક બનાવી જેના થકી બધી નાપાકી ગંદકી આપના મકાનમાં ધકેલતો રહેતો અને આપની નમાઝની જગા નાપાક થતી રહેતી. તે ઘણા સમય સુધી આ કાર્ય કરતો રહ્યો પણ આપે કદી તેને ફરિયાદ ન કરી. એક દિવસે તે યહૂદીએ જાતે જ આપને અર્ઝ કરી કે મારી નીકના કારણે તમને તકલીફ નથી થતી ? આપે ફર્માવ્યું કે નીકથી જે ગંદકી પડે છે તેને ઝાડુ લઈને દરરોજ ધોઈ નાખુ છું, એટલે મને કોઈ તકલીફ નથી ! યહૂદીએ કહ્યું કે તમને આટલી તકલીફ વેઠયા પછી પણ ગુસ્સો ન આવ્યો ?! ફર્માવ્યું, ખુદા તઆલાનો હુકમ છે કે **જે લોકો ગુસ્સા પર ક઼ાબૂ પામી લે છે તેમના ન કેવળ ગુનાહો જ માફ કરી દેવામાં આવે છે બલ્કે તેમને સવાબ પણ મળે છે.** આ સાંભળીને યહૂદીએ કહ્યું કે, યક઼ીનન ! આપનો ધર્મ ઘણો જ ઉમદા છે, કેમ કે એમાં દુશ્મનોની તકલીફો પર સબ્ર કરવાને સારું કહેવામાં આવ્યું છે ! જેથી આજે હું સાચા દિલથી ઈસ્લામ સ્વીકાર કરું છું.

**ફાયદો** : આ મુસલમાનની શાન છે ! **જ્યારે આજે તો પડોશી સાથે રોજ જંગ થતી જોવા મળે છે ! બલ્કે સગા ભાઈ સાથે તેમજ સગા સંબંધી સાથે પણ મામૂલી વાતે ઝઘડા તથા અનબન થતી રહે છે.** આ પરથી બોધ લઈને એ વાતોથી તૌબા કરીને આપણે ગુસ્સાને ત્યજી સબ્રથી કામ લઈને સારા અખ્લાક઼ આપણા તરફથી દર્શાવવા જોઈએ. તો જ્યારે યહૂદી જેવો ઈસ્લામનો કટ્ટર દુશ્મન સારા અખ્લાક઼થી

આકર્ષાયને મુસલમાન થઈ શકે છે તો બે મો'મિન ભાઈ વચ્ચે કેમ સમાધાન કે મેળ મહોબ્બતના ભાવો ન જાગે ?!

**★ વ્યાજખોર તથા ઓછુ જોખનારનો અંજામ ! ★**

આપ કોઈ બીમારની ખબર લેવા માટે તશરીફ લઈ ગયા અને તે મરણની નજીક હતો એટલા માટે આપે તેને કલ્મો પઢવાની તલ્કીન કરી. પરંતુ તે કલ્મો પઢ વાને બદલે વારંવાર દસ અને અગ્યાર કહેતો રહેતો. પછી જ્યારે આપે અધિક આગ્રહ કર્યો તો તેણે કહ્યું કે **મારી સામે આગનો એક પહાડ છે અને જેવો હું કલ્મો પઢવાનો ઈરાદો કરું છું તો તેવી તે આગ મારા પ્રતિ લપકે છે.** આપે જ્યારે લોકોને એના સંબંધે પૂછયું તો તેમણે જણાવ્યું કે, **એ વ્યાજ ખાનારો પણ હતો અને ઓછુ તોલનારો પણ હતો.**

**ફાયદો** : વ્યાજ ખાનારાઓ તથા કાંટી મારનારાઓએ આના પરથી બોધ ગ્રહણ કરવો જોઈએ અને દુનિયાના મામૂલી માલ ખાતર હમેશાંની દોઝખ વહોરવી ન જોઈએ.

**★ આ જ અલ્લાહવાળાની શાન હોય છે ! ★**

કોઈ સ્ત્રીએ આપને ''રિયાકાર'' નામથી અવાજ આપ્યો. તો આપે ફર્માવ્યું કે ૨૦ વરસથી કોઈએ મને મારું અસલી નામ લઈને પુકાર્યો ન હતો, પરંતુ શાબાશ! તેં સારી રીતે ઓળખી લીધો કે હું કોણ છું ?! પછી ફર્માવ્યું કે જ્યારે મેં મખ્લૂક઼ને સારી રીતે ઓળખી લીધી તો મને એની તદન પરવા નથી રહી કે મને કોઈ નેક કહે અથવા બુરો કહે, એટલા માટે કે મેં દરેક સારો તથા બુરો કહેનારાને અતિશયોક્તિ કરનારો જોયો, જેથી લોકો ભલે મને નેક કહે કે બુરો કહે, હું તેમનાથી ક઼યામતના દિવસે કોઈ બદલો નહીં લઉં.

**★ આપનાં સોનેરી કથનો ★**

જેના થકી ક઼યામતના દિવસે કોઈ ફાયદો હાંસલ ન થાય તેની સોહબતથી શો ફાયદો ? કેમ કે દુનિયાવાળાઓ તો ફાલુદાની જેમ છે જે જાહેરમાં સારા દેખાવ વાળો અને બાતિનમાં ખરાબ સ્વાદવાળો હોય છે. અને આ દુનિયાથી એટલા માટે બચવું બેહતર છે કે એણે આલિમોને પણ પોતાના તાબે કરી લીધા છે. ફર્માવ્યું કે, જે નિરર્થક વાતો અધિક કરે છે અને ઈબાદત ઓછી કરી છે એનો ઈલ્મ થોડો, દિલ આંધળુ અને ઉંમર બેકાર છે કેમ કે મારી નજીક ઈખ્લાસથી બેહતર કોઈ અમલ નથી.

આપે ફર્માવ્યું કે મેં આસ્માની સહીફાઓમાં જોયું કે અલ્લાહ તઆલાએ હુઝૂરે અકરમ ﷺની ઉમ્મતને બે એવી નેઅમતો અતા ફર્માવી છે જે જિબ્રઈલ તથા મીકાઈલને પણ અતા નથી થઈ. પ્રથમ નેઅમત એ છે કે, **''તમે મને યાદ કરો હું તમારો ચર્ચો કરીશ.''** અને બીજી નેઅમત એ છે કે, **''તમે મને પુકારો હું તમારી દુઆ ક઼બૂલ કરીશ.''**

ફર્માવ્યું કે તૌરાતમાં અલ્લાહ તઆલાનો આ ક઼ૌલ મેં પઢયો છે કે હે સિદ્દીક઼ો ! મારા ઝિક્ર સાથે દુનિયામાં આરામની સાથે જિંદગી ગુજારો. કેમ કે દુનિયામાં મારો ઝિક્ર ઘણી જ મહાન નેઅમત છે અને આખેરતમાં એનાથી અજરે અઝીમ હાંસલ થશે.

ફર્માવ્યું કે અમુક આસ્માની કિતાબોમાં છે કે જે દુનિયાને પ્રિય ગણે છે તેની સાથે મારો અદના વર્તાવ એ છે કે હું ઝિક્ર તથા મુનાજાતની લિજ્જતથી એને ખાલી કરી દઉં છું. અને જે શખ્સ દુનિયાની ખ્વાહિશોની તરફ દોડે છે તેને ધોકો આપવાની શયતાન એટલા માટે ફિકર નથી કરતો કે તે તો પોતે જ ગુમરાહ છે.

**★ સબ્રનું ફળ, વહેલો જન્નતમાં પ્રવેશ ! ★**

કોઈ બુઝુર્ગે ખ્વાબમાં જોયું કે આપને તથા હઝરત મુહમ્મદ વાસેઅને જન્નતની તરફ લઈ જવામાં આવી રહ્યા છે. એ બુઝુર્ગના દિલમાં ખયાલ આવ્યો કે, જોઉં કે માલિક બિન દીનાર જન્નતમાં પ્રથમ પહોંચે છે કે મુહમ્મદ વાસેઅ ?!

હઝરત માલિક બિન દીનારને પ્રથમ જન્નતમાં દાખલ કરવામાં આવ્યા એ જોઈને પૂછયું કે મુહમ્મદ વાસેઅ તો માલિક બિન દીનાર કરતાં અધિક આમિલ તથા કામિલ હતા ! ફરિશ્તાએ જવાબ આપ્યો કે એ તમે સહીહ કહો છો પરંતુ મુહમ્મદ વાસેઅની પાસે પહેરવા માટે બે લિબાસ હતા અને માલિકની પાસે કેવળ એક હતો જેથી સબ્ર તથા સંયમની નિસ્બત માલિક બિન દીનાર પ્રતિ અધિક છે એટલા માટે એમને પ્રથમ જન્નતમાં મોલકવામાં આવ્યા.

# વિશ્વમાં પ્રસરતુ બેહયાઈનું કાબૂ બહાર પુર !

:: કાર્યાલય ::

દરેક સમાજ તથા સંસ્કૃતિમાં શરમ, હયા તથા સંયમી સમાજ વ્યવસ્થાને મહત્વ આપવામાં આવતુ રહ્યું છે. પહેલાંના જમાનામાં કોઈ વ્યક્તિ સમાજના શરમ હયાના નીતિ નિયમો બહાર જતી તો તેની ટીકા થતી, ક્યાંક સમાજ બહાર તેને કરી દેવામાં આવતી. પણ ક્રમે ક્રમે બેશર્મી તથા નાલાયકીનું સામ્રાજ્ય એ રીતે વધતું ગયું કે પશ્ચિમી દેશો તથા અમેરિકા વગેરેમાં પૂરો સમાજ બેહયાઈના પુરમાં ખેંચાઈ ગયો અને હવે એ પુરનાં પાણી **T.V., Internet** થકી વિશ્વભરમાં ખૂબ ઝડપભેર ફેલાઈ રહ્યાં છે જેનાથી દરેક સભ્ય સમાજે બચવા ઉપાયો કરવા જોઈએ. દરેક ઘરવાળાં શરમ હયા બાળકોને, યુવાન દીકરા દીકરીઓને સમજાવે તથા એ પ્રમાણે જીવે તો આખો સમાજ શરમ તથા હયાવાળો બની જશે. જો દરેક પોતાના ઘરને સુધારી લે તો આપોઆપ સમાજ સુધરી જશે.

જેવી રીતે નાદાન બાળક દીવાના પ્રકાશ તરફ આકર્ષાયને દીવાને પકડવા ઘસડાયને નજીક જાય છે તો તેની મા તેને પકડી રાખે છે જેથી બાળક રડવા લાગે છે, તેને આ પાબંદી ગમતી નથી, પણ મા એની ભલાઈ સમજે છે જેથી તેને રોકે છે. એ જ પ્રમાણે રબ તઆલા માનવોની ભલાઈના ખાતર જ બેહયાઈના માર્ગે કે જેમાં તેની બર્બાદી જ છે, જેથી એ તરફ જતાં માનવીને રોકવા હુકમો આપે છે.

જેથી જ ઈસ્લામ ધર્મમાં શરમ તથા હયાને ઈમાનનો હિસ્સો દર્શાવ્યું છે એટલું મહત્વ એનું છે. અને સર્વની સામાન્ય બુદ્ધિ એ વાતને સ્વીકારે છે કે શરમ તથા હયા સાચવીને જીવવામાં જ મનની શાંતિ, સર્વ પ્રકારની સલામતી સમાયેલી છે અને પશ્ચિમી બેશર્મોનું અનુસરણ જિંદગીને અવ્યવસ્થિત તથા માનસિક, આર્થિક તથા શારીરિક બીમારીઓનું ઘર બનાવી દે છે અને એના રવાડે ચડી કુકર્મોના અંતે કેટલાય યુવાનો અને ખાસ કરીને યુવતીઓ આપઘાત કરતી આપણે જોઈ જ રહ્યા છીએ. ઈસ્લામે સ્ત્રીને શરમનાં અંગો ઢાંકવાનો તથા પુરૂષોને નિગાહોને પણ નીચી રાખવાનો હુકમ આપ્યો છે કે જેથી ઝિના કે બળાત્કાર સુધી વાત પહોંચે જ નહીં. બેહયાઈમાં તણાય ગયેલા યૂરોપ અમેરિકીઓની હાલત જાણવા આવો નીચેના લખાણને વાંચી લો અને તેનાથી ચેતીને તમારા સમાજને બચાવો.

પોતાની રીતે પોતાની ઈચ્છા મુજબ જીવન વ્યતિત કરવાની આઝાદીના હક્કનું સૂત્ર આજકાલ આખા વિશ્વમાં એટલા જોર શોરથી પોકારવામાં આવી રહ્યું છે કે જો કોઈએ તેની વિરુદ્ધ કોઈ સત્ય તથા વાસ્તવિક વાત પણ કહી તો એની ખૈર નથી ! અફસોસજનક વાત એ છે કે આ પ્રકારની સર્વ આઝાદીઓનો નારો સામાન્યતઃ સ્ત્રીઓ તરફથી પોકારવામાં આવે છે અને તેણીઓને જ સૌથી અધિક ગુલામી તથા પોતાના પર લાગુ થતી પાબંદીઓનો એહસાસ સતાવી રહ્યો છે. અસલમાં કેટલાક બેશર્મોએ પોતાની બેહયાઈને યોગ્ય ઠરાવવા માટે તેમજ મોજ મજા, સ્વચ્છંદતા તથા ભરપુર નાણા કમાવા માટે નિત નવા તરીકા અપનાવવા માંડયા છે અને માનવ અધિકાર તથા આઝાદીના પ્રદર્શન તથા સ્વતંત્ર જીવન પદ્ધતિના નામ પર આ અમલને સ્વીકાર પાત્ર બનાવવાની કોશિશ કરવામાં આવી રહી છે, જેને આધુનિકથી આધુનિક સમાજમાં પણ લોકો સ્વીકારવા તૈયાર થતા નથી જોવા મળતા.

અસલમાં થોડાક દિવસો અગાઉની વાત છે કે અમેરિકામાં સ્ત્રીઓની વધતી જતી બેહયાઈ તથા નગ્નતાપૂર્ણ ફેશનોના કારણે સ્ત્રીઓ સાથે થનારા છેડતી તથા બળાત્કારના વધી રહેલા બનાવોના પર સમીક્ષા કરતાં ન્યૂયોર્ક સિટીના પોલીસ ઓફિસર મીકાઈલ સંગૂનીતીએ એ નિવેદન આપ્યું હતું કે :–

"આજે સ્ત્રીઓની છેડતી તથા બળાત્કાર સંબંધે જે જુર્મો થઈ રહ્યા છે અને તેમની ઈજ્જત તથા આબરૂને જે નિશાનો બનાવવામાં આવી રહ્યો છે, તો તેનું મોટુ કારણ એ છે કે સ્ત્રીઓ ખૂબ જ અયોગ્ય ડ્રેસ પહેરી રહી છે એટલા માટે સ્ત્રીઓએ જોઈએ કે જ્યારે તેણીઓ બહાર નીકળે તો એવો (ભડકાવનારો) લિબાસ પહેરવાથી બચે જેનાથી બેશર્મી છલકાતી હોય જેથી તેણીઓને છેડતી કે બળાત્કારનું નિશાન બનાવવામાં ન આવે."

પોલીસ ઓફિસરના આ નિવેદને એક કયામત ખડી કરી આપી. બીજા જ દિવસે યોર્ક યુનિવર્સિટીની વિદ્યાર્થીનીઓએ અતિશય બેહયા સ્ટાઈલમાં એક વિરોધ પ્રદર્શનનું જુલૂસ કાઢયું અને એનું નામ "છીનાળની ચાલ" રાખવામાં આવ્યું ! અમુકે પોતે પહેરેલા ટી શર્ટ પર લખ્યું કે, **"This dress**

**is not for rap !"** અને એ દર્શાવવાની કોશિશ કરવામાં આવી કે, "અમે નગ્ન થઈ ઘુમીએ, જેવો ફાવે તેવો લિબાસ પહેરીએ, લિબાસ પહેરીએ કે ન પણ પહેરીએ ! એના પર કોઈને વાંધો ન હોવો જોઈએ. આ વાંધો ઉઠાવનારા સ્ત્રી સ્વાતંત્ર્યના વિરોધીઓ છે. અને જે લોકો સ્ત્રીઓ સાથે બળ જબરી કરે છે તેમણે સ્ત્રીઓ પ્રતિ જોવાને બદલે પોતાના દિમાગની બેહયાઈ તરફ જોવું જોઈએ." બિચારા પોલીસ ઓફિસર પર એટલુ સખત દબાણ કરવામાં આવ્યું કે તેણે પોતાનું નિવેદન પરત લેવામાં જ ભલાઈ સમજી.

યોર્ક યુનિવર્સિટીની વિદ્યાર્થીનીઓ થકી કાઢવામાં આવેલ "છીનાળની ચાલ" જુલૂસ તેના વિષય તથા સ્ટાઈલ તથા તૌર તરીક઼ાઓના કારણે આખા વિશ્વની સ્ત્રી આઝાદી માટે અવાજ ઉઠાવનારી બેહયા સ્ત્રીઓની સંસ્થાઓમાં એટલુ પ્રિય બન્યું કે અમેરિકાથી લઈને ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, બ્રિટન તથા અન્ય પશ્ચિમી દેશોમાં આ વિષય હેઠળ રંગબેરંગી જુલૂસો કાઢવામાં આવ્યાં.

હિંદુસ્તાન પણ હાલમાં દુનિયાના એડવાન્સ દેશોથી ખભ્ભે ખભ્ભા મિલાવવાની કોશિશમાં લાગેલું છે અને ખાસ કરીને પશ્ચિમી સંસ્કૃતિ તથા તરીક઼ાઓનું અનુસરણ કરીને ખૂબ જ જલ્દી એ પ્રગતિ પામેલ દેશોની હરોળમાં આવવા ચાહે છે અને એના કારણે અહીં પણ સ્ત્રી આઝાદી તથા સ્ત્રીને સમાન હક્ક઼નો નારો બુલંદ કરવામાં આવી રહ્યો છે. પ્રથમ તો સજાતિય સંબંધને કાયદેસર કરવાની ચળવળ ચલાવવામાં આવી. કહેવાતા બુદ્ધિજીવીઓ (ખરેખર ડફોળો!) ની સંસ્થાઓએ એના સમર્થનમાં પણ સૂત્રો પોકારવાં શરૂ કરી આપ્યાં અને આપણા ઉદાર દિલ લીડરોએ તેને સ્વીકારવાનું એલાન કરતાં તેને કાયદેસર સ્વરૂપ આપી દીધું, ત્યાર બાદ હવે આ નારો બુલંદ કરવામાં આવ્યો છે. ફરક એટલો છે કે અમેરિકામાં એના સમર્થનમાં જ્યારે જુલૂસ કાઢવામાં આવ્યાં તો તેનું નામ "છીનાળની ચાલ" રાખ્યું હતું અને અહીં એનો હિંદી તર્જુમો કરીને તેને "બેશર્મી માર્ચ" (બેહયાઈભરી કૂચ)નું નામ આપવામાં આવ્યું.

સર્વ ખરાબીઓ છતાં હિંદુસ્તાનમાં હજી પણ આપણી પૂરાણી સંસ્કૃતિની હુંફ બાકી છે એટલા માટે અહીં "બેશર્મી માર્ચ" કાઢનારી યુવતીઓએ પોતાની સ્ટાઈલો તથા લિબાસ વગેરેથી એ બેશર્મી તથા નગ્નતાનું પ્રદર્શન તો ન કર્યું જે હિંદુસ્તાનથી બહારના સરઘસોમાં જોવા મળ્યું હતું પણ પ્રવચનો તથા માંગણીઓમાં બિલકુલ તે જ બોલી બોલવામાં આવી અને પુરૂષોની ગંદી માનસિક્તાને જ સંપૂર્ણપણે બેશર્મી તથા બેહયાઈનો મૂળ જિમ્મેદાર ઠરાવવામાં આવી.

પશ્ચિમી બેહયા સંસ્કૃતિના પ્રતિનિધિઓ વિશ્વભરમાં એને ફેલાવવામાં વ્યસ્ત છે અને હવે તો તેમની એલચી કચેરીઓ પણ વ્યવસ્થિતપણે આ કાર્ય કરી રહેલ છે. પાછલા દિવસોમાં પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં અમેરિકી એલચી કચેરી તરફથી સજાતિય સંબંધના સમર્થનમાં ન કેવળ પ્રોગ્રામ કરવામાં આવ્યો બલ્કે પ્રેસ કોન્ફરન્સ થકી તેનો પ્રચાર પણ કરવામાં આવ્યો અને સજાતિય સંબંધની ચળવળની મજબૂતી વધારવા માટે પોતાના સમર્થનનું કાયદેસર એલાન પણ કરવામાં આવ્યું. દિલ્હીમાં પણ "બેશર્મી માર્ચ"માં એલચી કચેરીની બેશર્મ યુવતીઓની એક ખાસ્સી સંખ્યા મૌજૂદ હતી જે પોતાની નગ્નતાના થકી આ ચળવળની રંગતમાં વધારો કરી રહી હતી અને ખૂબ બેધડક અંદાઝમાં આ ચળવળને મજબૂતી પહોંચાડવાની કોશિશ કરી રહી હતી. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે આ બેશર્મી જુલૂસની ફક્ત ગોઠવણમાં જ કેવળ એ એલચી કચેરીઓ અમલી રીતે પોતે રોલ અદા કરી રહી ન હતી બલ્કે દરેક પ્રકારની આર્થિક મદદ તથા આયોજનના માર્ગદર્શન માટેનો રોલ ભજવી રહી હતી.

દિલ્હીમાં કાઢવામાં આવેલ "બેશર્મી મોરચો" મીડિયાની દિલચશ્પીના કારણે પૂરા દેશમાં જોવા તથા સાંભળવામાં આવ્યો અને આ પ્રોગ્રામના મૂળ હેતુનો પયગામ હિંદભરમાં પહોંચાડવાની કામયાબી હાંસલ કરવામાં આવી. પરંતુ જંતર મંતર (દિલ્હી) ખાતે થનારા આ પ્રદર્શન પ્રતિ આકર્ષણનો અંદાજો એનાથી લગાડી શકાય છે કે આ "બેશર્મી માર્ચ"માં જેટલી છોકરીઓ શરીક હતી એના કરતાં આ "બેશર્મી માર્ચ"ને જોવાવાળા યુવાનો તથા આમ લોકો, ફોટોગ્રાફરો વગેરે શહેરીઓ ત્યાં મૌજૂદ હતા. આ જુલૂસ જંતર મંતરથી નીકળીને પાર્લામેન્ટ સ્ટ્રીટ પર જઈને ખત્મ થઈ ગયું અને ત્યાંથી અમુક લોકો જંતર મંતર પર આવીને બેસી ગયા. છોકરીઓ જેને સ્કૂલ કોલેજોએથી લાવવામાં આવી હતી તે થોડી જ વારમાં પોતપોતાના ઘરે ચાલી ગઈ. *(નઈ દુન્યા–દિલ્હી)*

આવા ગંભીર સમયે મુસલમાનોની દીની ફરજ બને છે કે આ પ્રવાહમાં પોતાની ઔલાદ ન ખેંચાય જાય તેના માટે ભરપુર કોશિશ કરે અને ઘરનો માહોલ નેકીઓવાળો, નમાઝોની પાબંદીવાળો તથા દીની આદાબથી ભરપુર રાખે અને ખરાબીઓથી ઘરના માહોલને બચાવે.

## અહલે સુન્નતનો સર્વમાન્ય અક઼ીદો........

# "આલિમુલ ગયબ" ખુદા સિવાય કોઈ જ નથી !

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

*શૈતાનની જેવી તૌહીદના બની બેઠેલા ઠેકેદાર વહાબી દેવબંદીઓ "અહલે સુન્નત વ જમાઅત" પર ગલત ગલત આક્ષેપો મૂકીને શિર્ક શિર્કની બૂમો પાડે છે અને જૂઠા આક્ષેપો પણ લગાડે છે. જેમ કે કહે છે કે સુન્નીઓ નબી ﷺ ને "આલિમુલ ગયબ" કહે છે, જ્યારે કે આ તદ્દન જૂઠી વાત છે. સુન્નીઓ રસૂલે પાક ﷺ ને "આલિમુલ ગયબ" નથી કહેતા, "આલિમુલ ગયબ" તો કેવળ અલ્લાહ જ છે પણ નબી ﷺ ને "આલિમે ગયબ" (ખુદાની અતાથી ગયબના જાણનાર) માને છે કે જે કુર્આન હદીષથી સાબિત અક઼ીદો છે. આ વહાબી દેવબંદીઓ "આલિમુલ ગયબ" તથા "આલિમે ગયબ"માં શું ફરક છે તે કદી સમજાવતા નથી. જેથી અહીં લોકોની ગલત ફહમી દૂર કરવા તથા વહાબીઓના જૂઠા આક્ષેપોનું ખંડન કરવા અત્રેનો લેખ જરૂરથી વાંચશો અને આ બદ્અક઼ીદા કઝ્ઝાબ વહાબી દેવબંદીઓની અસલિયતને સમજી લઈ તેમનાથી દૂર રહેશો. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

અહલે સુન્નત વ લ જમાઅતની એ વાત પર સંમતિ છે કે ઈલ્મ એક એવી સિફત (ખૂબી) છે જે અલ્લાહ તબારક વ તઆલા માટે હમેશાં હંમેશથી સાબિત છે, અને બ્રહમાંડનો દરેક રજકણ, દરેક ટીપા, દરેક પાંદડાનો તેને દરેક સમયે ઈલ્મ છે. એક પળ માટે પણ સિફતે ઈલ્મથી તેનું ખાલી હોવું મુહાલ (અશક્ય) છે. કુર્આનની અસંખ્ય આયતો આના પર સાક્ષી છે : **اِنَّ اللّٰهَ بِكُلِّ شَيۡءٍ عَلِيۡمٌ** *(સૂ. મુજાદિલા, પારા : ૨૮, આયત : ૭)*

**وَاَنَّ اللّٰهَ قَدۡ اَحَاطَ بِكُلِّ شَيۡءٍ عِلۡمًا** "અલ્લાહનો ઈલ્મ દરેક વસ્તુને ઘેરેલ છે." *(સૂ. તલાક઼, પારા : ૨૮, આયત : ૧૨)*

એક સ્થળે આ પ્રમાણે ફર્માવ્યું :– **وَعَلَّمَكَ مَالَمۡ تَكُنۡ تَعۡلَمُ** "અને તેણે આપને એ સૌ શીખવાડી દીધુ જે આપ જાણતા ન હતા." *(સૂ. નિસાઅ, પારા : ૫, આયત : ૧૧૩)*

જાણવા મળ્યું કે અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના બંદાઓને પણ સિફતે ઈલ્મથી નવાઝયા છે. ખૂદ અલ્લાહ ﷻ ફર્માવે છે : (ભાવાર્થ) : રહમાને પોતાના મહબૂબને કુર્આન શીખવ્યું, ઈન્સાનિયતની જાન મુહમ્મદને પેદા ફર્માવ્યા, મા કાન વ મા યકૂનનું બયાન આપને શીખવ્યું. *(સૂ. રહમાન, પારા : ૨૭, આયત : ૧ થી ૪)*

### ★ ખુદાનો ઈલ્મ જાતી છે મખ્લૂક઼નો અતાઈ છે ★

ઉપરોક્ત આયતોમાં જાણવા મળ્યું કે અલ્લાહ તબારક વ તઆલા પોતે ઈલ્મવાળો છે અને પોતાના બંદાઓને પણ તેણે ઈલ્મની સિફત (ગુણ) અતા ફર્માવી. જેથી નિશ્ચિતરૂપે ઈલ્મના બે પ્રકાર જાતી અને અતાઈ થશે. અને સર્વ મુસલમાનોનો અક઼ીદો છે કે જમીન, આસ્માન, દરિયા, પહાડ, ચાંદ, સૂરજ તથા સમસ્ત જગતનો સર્જનહાર અલ્લાહ તબારક વ તઆલા છે જે ખાલિક઼ે કાઈનાત, ખલ્લાક઼ે આ'ઝમ, બદીઉસ્સમાવાતે વલ્ અર્દ઼ છે. જ્યારે દરેક વસ્તુનો સર્જનહાર અલ્લાહ તબારક વ તઆલા છે તો હવે દરેક વસ્તુનો દરેક ગુણ પણ અલ્લાહ તઆલાનો અતા કરેલ હશે. કોઈ મખ્લૂક઼ અલ્લાહ તબારક વ

તઆલાની પેદા કરેલ હોય અને એનો કોઈ ગુણ એનો પોતાનો હોય એવું કોઈ બુદ્ધિવાળો કદાપી વિચારી પણ નથી શકતો. પરંતુ બુરું થાય સહીહુલ અકીદા મુસલમાનોને કાફિર, મુશરિક કહેનાર વહાબી, દેવબંદીઓનું કે ખુદા જબ દીન લેતા હૈ તો અકલેં છીન લેતા હૈ. અહલે સુન્નત વલ જમાઅતના અકીદા જે સંદતર કુર્આન તથા હદીષના મુજબ છે છતાં વહાબીઓ અહલે સુન્નત વ જમાઅત પર આક્ષેપો મૂકતા હોય છે. અત્રે ઈલ્મે ગૈબની વ્યાખ્યા અને ઈલ્મે ગૈબ સંબંધત એહલે સુન્નતના મૂળ સિદ્ધાંતો રજૂ કરવામાં આવે છે જેથી વાંચકો સમક્ષ ઈલ્મે ગૈબની હકીકત અને પરિભાષાકિય અર્થ સ્પષ્ટ થઈ જાય અને કોઈ શંકા કુશંકા બાકી ન રહે.

**ઈલ્મે ગૈબની વ્યાખ્યા :** ઈલ્મે ગૈબ એ ઈલ્મને કહેવામાં આવે છે જે ન શારીરિક રીતે જાણી શકાય ન બુદ્ધિ દ્વારા જાણી શકાય. જેમ કે જન્નત દોઝખનો ઈલ્મ, કયામતનો ઈલ્મ, ફરિશ્તાઓનો ઈલ્મ..... વિગેરે. એ જ પ્રમાણે સેંકડો માઈલ દૂર ઘટનારી ઘટનાઓ અને માના પેટમાં પોષણ પામતા બાળક કે બાળકી વિશે કોઈ યંત્રની મદદ વિના બતાવી દેવું વગેરે.

## ★ ઈલ્મે ગૈબ વિશે મૂળ સિદ્ધાંતો ★

- ઈલ્મે ગૈબ જાતી **અલ્લાહ તબારક વ તઆલાની સાથે ખાસ છે અને જરૂરિયાતે દીનમાંથી છે માટે અલ્લાહ તબારક વ તઆલા સિવાય અન્ય કોઈ માટે ઈલ્મે ગૈબ જાતીને માનનાર કાફિર અને ઈસ્લામથી ખારિજ છે.**
- સર્વ મખ્લૂકાતના ઈલ્મો ભેગા થઈને પણ અલ્લાહ તબારક વ તઆલાના ઈલ્મ બરાબર નથી થઈ શકતા. **આ પણ જરૂરિયાતે દીનમાંથી છે અને આનો મુન્કિર કાફિર છે.**
- એ વાત પર સર્વ સંમતિ છે કે અલ્લાહ તબારક વ તઆલાની અતાથી અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ને ઘણો બધો ગૈબનો ઈલ્મ છે. આ પણ જરૂરિયાતે દીનમાંથી છે, તેનો ઈન્કાર કરનાર પણ કાફિર છે કારણ કે એ નબુવ્વતનો જ ઈન્કાર કરે છે.

આની સમજૂતી એ છે કે ઈલ્મે ગૈબ અતાઈના બે દરજ્જા છે :–

## ★ નબીમાં શું ખૂબીઓ હોવી જોઈએ ?! ★

**પ્રથમ દરજ્જો :** હુઝૂર ﷺ અને બીજા અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام એક પૂરતા પ્રમાણમાં ગૈબ જાણતા હતા એટલા માટે કે "નબી"નો અર્થ છે ગૈબની ખબર આપનાર, જેમ કે અરબી ભાષાના પ્રસિદ્ધ શબ્દકોશ અલ્મુન્જીદના તર્જુમા મિસ્બાહુલ્લુગાતમાં છે : નબીનો અર્થ અલ્લાહ તબારક વ તઆલાના ઈલ્હામથી ગૈબની ખબરો આપનાર, ભવિષ્યની આગાહી કરનાર છે. એ સિવાય નબીની વિશિષ્ટતાઓમાં ગૈબનું જાણવું પણ છે.

અલ્લામા અબ્દુલ બાકી ઝર્કાની અલલ્ મવાહિબમાં લખે છે : નબુવ્વત એ ગુણ છે જે નબીની સાથે ખાસ છે જેના કારણે નબી અન્યોથી વિશિષ્ટ થાય છે. નબી અમુક પ્રકારની વિશિષ્ટતાઓ સાથે સુસજ્જ હોય છે : **(૧)** એ કે નબી અલ્લાહ ﷻ અને તેની સિફતો તથા ફરિશ્તા અને આખેરતથી સંબંધિત બાબતોની હકીકત જાણે છે. પુષ્કળ જાણકારી અને કશ્ફની અધિક્તાના કારણે નબીનો આ ઈલ્મ અન્યોના ઈલ્મોથી વિશિષ્ટ હોય છે. **(૨)** નબીમાં એક શક્તિ હોય છે જેનાથી ફરિશ્તાઓને જુએ છે જેવી રીતે આંખવાળામાં એક શક્તિ છે જેના લીધે એ આંધળાથી વિશિષ્ટ છે. **(૩)** નબીમાં એક એવી શક્તિ હોય છે જેનાથી જાણી લે છે કે ગૈબમાં શું હશે ? *(ભાગ : ૧, પેજ ૧૯)*

એટલા માટે નબી ત્યારે જ નબી કહેવાશે જ્યારે ગૈબ જાણતો હોય આ દરજ્જામાં **ما كان وما يكون** (જે થયું અને જે થશે)નો સર્વ ઈલ્મ સામેલ નથી. બલ્કે પૂરતા પ્રમાણનો ઈલ્મ જરૂરી છે, જેમ કે દરેક મુસલમાનને દીની વાતોનો ઈલ્મ છે પરંતુ દરેક મુસલમાન આલિમ નથી કહેવાતો, દરેક આલિમ એ છે જે દીનના પૂરતા ઈલ્મથી વાકેફ હોય. આ

દરજજામાં દસ, વીસ બલ્કે સો, બસો વાતોનું ન જાણવું આલિમ હોવાના વિરુદ્ધ નથી. સૈયદોના ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ વિશે નક્લ થયેલ છે આપે પણ અમુક સવાલોના જવાબમાં (لا ادری) હું નથી જાણતો ફર્માવ્યું. એ જ રીતે જયારે નબી પૂરતા પ્રમાણમાં ઈલ્મે ગૈબ જાણે છે તો દસ, વીસ અથવા સો બસો ગૈબની વાતો પર આ રીતે વાકેફ ન થવાથી આ નબીના ગૈબ જાણવાના વિરુદ્ધ નથી. જેમ કે ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہનું અમુક સવાલોના જવાબમાં હું નથી જાણતો કહેવું આપના ઈમામે આ'ઝમ અને મુજતહિદે આ'ઝમ હોવાના વિરુદ્ધ નથી.

**બીજો દરજજો** : એ છે કે નબી સર્વ **ما كان وما يكون**ને જાણે. આ દરજજો હુઝૂર ﷺને નુઝૂલે કુર્આનની તકમીલ (પરિપૂર્ણતા)ની સાથે પ્રાપ્ત થયો. સંપૂર્ણ કુર્આન નાઝિલ, થવા પછી કોઈ એવી ઘટના નથી જે આ દા'વાના વિરુદ્ધ હોય માટે જે આયતો અથવા હદીષોથી જાહેરમાં આપના તથા ઈલ્મે ગૈબની નફી થાય છે તેનાથી યા તો ઈલ્મે જાતી મુરાદ છે અથવા તે ઘટના નુઝૂલે કુર્આનની સંપૂર્ણતા પહેલાંની છે અને આ અહલે સુન્નત વલ જમાઅતના અક઼ીદા વિરુદ્ધ નથી.

અહલે સુન્નત વલ જમાઅતનો અક઼ીદો ઈલ્મે ગયબ બાબતે આટલો સ્પષ્ટ હોવા છતાં અહલે સુન્નત પર શિર્ક અને બિદઅતના ફત્વા લગાડવા ક્યાંનો ઈન્સાફ છે ?!

હજુ અધિક સંતોષ માટે અહલે સુન્નત વલ જમાઅતનો અક઼ીદો કેટલો સાવચેતીપૂર્ણ છે, એ જોઈએ.

### ★ આલિમુલ ગયબ એટલે શું ? ★

આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામે અહલે સુન્નત, શયખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ ઈલ્મે ગૈબના સુબૂતમાં ઘણી કિતાબો અને અસંખ્ય ફત્વા લખ્યા છતાં અલ્લાહ તબારક વ તઆલા સિવાય અન્ય કોઈના માટે આપ "આલિમુલ ગૈબ" બોલવાની ઈજાઝત નથી આપતા. કારણ કે "આલિમુલ ગૈબ" અલ્લાહ તબારક વ તઆલાના એ વિશેષ નામો પૈકી છે જેનો ઉપયોગ બીજા માટે જાઈઝ નથી. અર્થાત **હુઝૂર ﷺ માટે એમ બોલવું જોઈએ કે આપ ﷺને અલ્લાહ તબારક વ તઆલાની અતાથી ઈલ્મે ગૈબ પ્રાપ્ત હતો.** અલ્લાહ તબારક વ તઆલાની અતાથી આપ ﷺ ગૈબ જાણતા હતા. જે કાંઈ થયું અને થશે અલ્લાહ તબારક વ તઆલાએ સૌ આપ ﷺને બતાવી દીધું. કોઈ વસ્તુ આપનાથી છુપાયેલી નથી. **પરંતુ "આલિમુલ ગૈબ"નો શબ્દ આપના માટે બોલવો જાઈઝ નથી. "આલિમુલ ગૈબ"** તેને કહેવામાં આવે છે **જેને કોઈના બતાવ્યા વિના સ્વયં ગૈબનો ઈલ્મ હોય.** અને અલ્લાહ તબારક વ તઆલાનાં જે નામો એના માટે ખાસ છે એ બીજા માટે બોલવાં જાઈઝ નથી, જેમ કે કોઈ ગમે એટલો દયાળુ અને કૃપાળુ હોય પરંતુ તેને "રહમાન" અથવા "અર્હમુર્રાહિમીન" નથી કહી શકતા, કેટલીય બખ્શિશ કરનાર હોય એને "વહ્હાબ" નથી કહી શકતા, કેટલીય રોજી રોટી આપતો હોય એને "રઝ્ઝાક઼" નથી કહી શકતા. કેટલીયે નવી નવી વસ્તુઓ બનાવી લે એને "ખલ્લાક઼" નથી કહી શકતા. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : ખુદાએ તઆલા સિવાય બીજાને "ક઼ય્યૂમે જહાં" કહેનારને ફુક઼હાએ કિરામે કાફિર કહ્યો છે." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧૫, પેજ : ૨૮૦)*

### ★ આલિમુલ ગયબ અને આલિમે ગયબનો તફાવત સમજો ★

એને આ રીત સમજો કે આલિમનો અર્થ છે જાણનાર, તો હવે કોઈ કેટલીયે અંગ્રેજી, હિંદી, સંસ્કૃત અને સાઈન્સ જાણી લે, ગમે એટલી કલાઓ વિદ્યાઓ શીખી લે પરંતુ એને "આલિમ" કહેવામાં નથી આવતો, કેમ કે શરીઅતની પરિભાષામાં આલિમ એને કહેવામાં આવે છે જે દીનનો પૂરતો ઈલ્મ ધરાવતો હોય. અને "આલિમ"ના શબ્દથી સામાન્યતઃ એ જ સમજવામાં આવે છે. એ જ રીતે

**''આલિમુલ્ ગૈબ''નો અર્થ ''સ્વયં કોઈના બતાવ્યા વિના ગૈબ જાણનાર'' અને આ કેવળ અલ્લાહ તબારક વ તઆલાની જ શાન છે.**

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : અમારી તહકીક઼માં ''આલિમુલ ગૈબ''ના શબ્દનો પ્રયોગ હઝરતે ઈઝ્ઝત عزوجل સાથે ખાસ છે. એનાથી સામાન્યતઃ ઈલ્મ બિઝ્ઝાત સમજવામાં આવે છે.

હુઝૂર صلی اللہ علیہ وسلم નિઃસંદેહ અસંખ્ય ગૈબની વાતો અને **ما کان وما یکون** ''માકાન વ મા યકૂન'' (ભૂત, વર્તમાન, ભાવિ)ને જાણતા હતા, પરંતુ આલિમુલ ગૈબ માત્ર અલ્લાહ તબારક વ તઆલાને કહેવામાં આવશે. જે રીતે હુઝૂર صلی اللہ علیہ وسلم ઈઝ્ઝતો જલાલવાળા છે, આપના બરાબર કોઈ ઈજ્જત અને શાનવાળો ન છે ન થઈ શકે છે. પરંતુ ''મુહમ્મદ અઝ્ઝ વ જલ્લ'' કહેવું જાઈઝ નથી. બલ્કે અલ્લાહ તબારક વ તઆલા માટે عزوجل **(અઝ્ઝ વ જલ્લ)** અને હુઝૂર માટે મુહમ્મદ صلی اللہ علیہ وسلم **(સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)** બોલવામાં આવશે. સારાંશ કે અર્થમાં બરાબરી હોવા માટે તેના ઉપયોગનું જાઈઝ હોવું જરૂરી નથી ન કોઈ શબ્દના બોલવાની મનાઈ માટે અર્થમાં બરાબરીની મનાઈ જરૂરી છે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૨૯, પેજ : ૪૦૫)*

*(જરૂરી નથી કે કોઈ બે શબ્દો અર્થમાં બરાબર હોય તો તેમને એકબીજાની જગ્યાએ બોલવું પણ જાઈઝ હોય અને એ પણ જરૂરી નથી કે કોઈ શબ્દનું બોલવું મના હોય તો અર્થમાં બરાબર પણ ન હોય)*

એ સિવાય નબીરએ આ'લા હઝરત, ફકીહુલ અસ્ર, મુફ્તી મુહમ્મદ અખ્તર રઝા مدظلہ العالی ''દિફાએ કન્ઝુલ ઈમાન''માં ફર્માવે છે : ''બેશક ! 'આલિમુલ ગૈબ'નો ઉપયોગ અલ્લાહ તબારક વ તઆલા સિવાય કોઈના માટે જાઈઝ નથી, પરંતુ અલ્લાહ તબારક વ તઆલાની અતાથી તેના બંદાઓ માટે ઈલ્મે ગૈબ સાબિત છે.'' *(દિફાએ કન્ઝુલ ઈમાન, પેજ : ૮૪, પ્રકાશિત : ઈદારા સુન્ની દુનિયા, ૮૨–સોદાગ્રાન, બરેલી શરીફ)*

ઈસ્લામ અને સુન્નિયત તથા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની તા'લીમાતના મહાન પ્રચારક હઝરત મુફ્તી મુહમ્મદ જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

હુઝૂર صلی اللہ علیہ وسلم 'આલિમે ગૈબ' એટલે કે ગૈબ જાણનાર જરૂર છે, પરંતુ હુઝૂર صلی اللہ علیہ وسلمને 'આલિમુલ ગૈબ' કહેવું જાઈઝ નથી. ''એહલે સુન્નત વ જમાઅતના ઉલમાએ આમ જ કહ્યું છે.'' અને બેશક ! હુઝૂર صلی اللہ علیہ وسلم હય્ય અર્થાત જીવંત છે, હદીષે પાકમાં આવ્યું છે :–

''અલ્લાહ તબારક વ તઆલાએ જમીન પર હરામ ફર્માવી દીધું કે તે નબીઓના શરીરને ખાય તો અલ્લાહ તબારક વ તઆલાના નબી જીવંત છે, રિઝ્ક઼ પામે છે. પરંતુ હુઝૂર صلی اللہ علیہ وسلمને 'ક઼ય્યૂમ' કહેવું જાઈઝ નથી, કારણ આ અલ્લાહ તબારક વ તઆલાના વિશેષ નામોમાંથી છે. જેમ કે ''રહમાન''. *(ફતાવા ફૈઝુર્રરસૂલ, ભાગ : ૧, પેજ : ૨૨૪)*

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

૧. **પઠાણ યુવતી** : ઉમર : ૨૮ વર્ષ, ઊંચાઈ : ૫.૨, એજ્યુ. B.A.C.D. 1St, કલાસ, હાલ : ટ્યૂશન ટીચર, હોબી : નમાઝ, કુકીંગ, દીની સાહિત્ય વાંચન. બિઝનેમેન કે જોબવાળો યુવાન પસંદગી પાત્ર (વડોદરા તરફ), Mob. 94277 87176

૨. **શેખ યુવતી** : ઉમર : ૨૨ વર્ષ, એજ્યુ. ૧૨ કોમર્સ–નર્સિંગ કોર્સ ૧ વર્ષ, Mob. 81411 07077

ચેતવણી : **સુન્ની બરેલ્વી સિવાય અન્ય ફિર્કાવાળા કે સુલેહકુલ્લીએ સંપર્ક જ કરવો નહીં.**

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ચીનમાં આતંકવાદના નામે ધર્મ સ્વતંત્રતા પર તરાપ !

કાર્યવાહ

ચીનમાં અલગતાવાદી મુસ્લિમોને કડક હાથે ડામવા માટે ચીની સરકારે સીધે સીધી ચીની મુસલમાનોની ધાર્મિક સ્વતંત્રતા પર તરાપ મારતાં તેમને રમઝાનની ફર્ઝ ઈબાદતોથી અળગા રાખવાના ફર્માન જારી કર્યાં હતાં.

આ વરસે રમઝાનુલ મુબારકમાં ચીનના ઝનઝિયાંગ વિસ્તારમાં મુસલમાનો પર રોઝા, બાજમાઅત નમાઝ, તરાવીહ, ઈફ્તાર.... વગેરે પર પાબંદી લગાડી છે.

અહેવાલમાં જણાવ્યું છે કે, રોઝા પર પાબંદી, ઈફ્તાર પર પાબંદી, તરાવીહ પર પાબંદી, સરકારી કર્મચારીઓ પર ઈબાદતની પાબંદી, સરકારી કચેરીઓમાં બપોરનું જમણ ફરજિયાત, બપોરના ભોજનમાં ભાગ ન લેવા પર બોનસમાં કાપ, મુસ્લિમ વિસ્તારોમાં બપોરના ભાગમાં રેસ્ટોરેન્ટ બળપૂર્વક ખોલાવવામાં આવ્યા. ૧૮ વર્ષથી નાની વયે રોઝા રાખવા સરકારી ગુનો. ચીની સરકારે રમઝાન દરમ્યાન ઝનઝિયાંગના વિસ્તારના મુસ્લિમોનું જીવન દુષ્કર બનાવી નાખ્યું છે. ચીનના ઉત્તરપૂર્વીય વિસ્તાર ઝનઝિયાંગમાં યુગુરુ મુસ્લિમોને દબાવવા માટે ચીની સરકારે ઉકત પાબંદીઓ લગાડી છે.

ઝનઝિયાંગ વિસ્તારમાં ઓફીસ કે દુકાનમાં ઈફ્તાર કરવાની મનાઈ, કોઈને ઈફ્તાર માટે આમંત્રણ આપવાની મનાઈ, અઝાન આપવાની મનાઈ કરવામાં આવી, છતાં કોઈ અદાયગી કરે તો નોકરીમાંથી હાથ ધોઈ બેસે અથવા વેપાર કરવાનો લાયસન્સ રદ કરી દેવામાં આવે. રમઝાનથી પહેલાં ઝનઝિયાંગ વિસ્તારમાં હિંસા ફાટી નીકળી હતી. જેમાં ૧૧ જણ માર્યા ગયા હતા. યુગુરુ મુસલમાનો પર હિંસાનો આરોપ લગાડવામાં આવ્યો, મુસ્લિમ યુવકોને ગોળીઓ મારવામાં આવી. નિર્દોષ લોકોની ધરપકડો કરવામાં આવી જે હજી જેલમાં સબડી રહ્યા છે. ઝનઝિયાંગ વિસ્તારમાં મુસ્લિમોની ઈબાદતો પર એટલી પાબંદીઓ લગાડવામાં આવી છે તેનાથી સ્પષ્ટ થાય છે કે ચીની સરકાર મુસ્લિમોથી કેટલી ગભરાય છે ! તેઓ મુસ્લિમોની ધાર્મિક સ્વતંત્રતા પર રોક લગાડી ઈસ્લામને ફેલાતો અટકાવવા માંગે છે.

વર્લ્ડ યુગુર કોંગ્રેસે એ વાતને સ્પષ્ટ કરી છે કે રમઝાનુલ મુબારક દરમ્યાન ઝનઝિયાંગમાં સરકારે સ્થાનિક મુસ્લિમો પર મુશ્કેલીઓના પહાડ તોડયા છે. કદમ કદમ પર પાબંદીને લીધે મુસલમાનો માટે રમઝાનુલ મુબારકમાં પરંપરાગત ઈબાદત કરવી અતિ કઠિન બની છે. ઝનઝિયાંગમાં સરકારે રમઝાનુલ મુબારકથી પહેલાં મુસ્લિમ કર્મચારીઓ પાસેથી સોગંદનામા પર હસ્તાક્ષર લીધા હતા જેમાં રોઝા, નમાઝથી દૂર રહેવું, અને સામૂહિક રીતે ઈબાદત ન કરવાનો ઉલ્લેખ હતો. આશ્ચર્યજનક રીતે સરકારી કચેરીઓમાં બપોરનું ભોજન મોકલવામાં આવતું જેને ખાવું ફરજિયાત હતું. જે કોઈએ જમવાનો ઈન્કાર કર્યો તેમને વાર્ષિક બોનસથી વંચિત રાખવામાં આવ્યા છે. *(નઈ દુન્યા–દિલ્હી)*

**અલ્લાહ તઆલા મગફેરત ફર્માવે** : ''બરકાતે ખ્વાજા'' (માસિક)ના ખાસ ચાહક તથા ''શિફા શરીફ'' લેખમાળાના રજૂકર્તા (અનુવાદક) **હાજી ગુલામહુસૈન આદમભાઈ મો'મિન પાટડીવાળા** (હાલ : જુહાપુરા–અમદાવાદ)નો ઈન્તેકાલ ૯ શવ્વાલ, હિ.સ. ૧૪૩૨, તા. ૮–૯–૨૦૧૧ જુમેરાતે થઈ ગયો છે. મર્હૂમ સારા એવા સુન્ની લેખક તથા અનુવાદક હતા. આપે સીરતે સૈયદુલ મુરસલીન ﷺ નામની કિતાબ ત્રણ ભાગમાં સંપાદિત કરી પ્રસિદ્ધ કરી હતી તેમજ કીમીયાએ સઆદત, શિફા શરીફ વગેરે કેટલીક કિતાબો પણ અનુવાદ કરી છે. આપ પ્રખર સુન્ની તથા દીની સંસ્થાઓથી સંપર્કમાં રહેનારા દીની હમર્દદ હતા. છેલ્લા શ્વાસ સુધી આપ દીનો સુન્નિયતની ખિદમતમાં લાગેલા રહ્યા. આપના ઈન્તેકાલથી સુન્ની જગતને એક નિઃસ્વાર્થ કલમકારની ખોટ ઊભી થઈ છે. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે તથા કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# ઈસ્લામી જગતમાં... જાગૃતિની નવી લહેરની ભીતરમાં

:: લેખક ::
ડોકટર ગુલામ ઝર્કાની

અનુવાદક : મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી
(સદરુલ્ મુદર્રિસીન દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

ગત કેટલાય મહીનાઓથી અરબ વિશ્વમાં અત્યાચારી શાસન વિરુદ્ધ પ્રજાની બેચેની કોઈથી છુપી નથી. ટયુનિસથી પ્રારંભ થનાર લોક જાગૃતિની ઉઠેલી લહેરના લીધે ઉઠી રહેલાં આંદોલનોએ ધીરે ધીરે કેટલાયે દેશોને પોતાની લપેટમાં લઈ લીધા છે. ટયુનિસમાં જ્યારે અત્યાચાર, હિંસા, ભ્રષ્ટ્રાચાર તેમજ જુલ્મ તથા અંતિમવાદ વિરુદ્ધ લોકોએ સડકો ઉપર આવી વિરોધ પ્રદર્શન કર્યું, તો કોઈના ખ્વાબો ખ્યાલમાં પણ એ વાત ન હતી કે રાષ્ટ્રપ્રમુખ ઝૈનુલ આબેદીન બિન અલીની વરસો જૂની મજબૂત સત્તા આટલા જલ્દી જમીન ધ્વસ્ત થઈ જશે. પરંતુ દુનિયાએ જોયું કે દેશનો સર્વ શક્તિમાન વ્યક્તિ પણ કઈ રીતે પૂછડી દાબીને રાતના અંધારામાં રફૂચક્કર થઈ ગયો ! એટલા માટે જ કહેવામાં આવે છે કે મોટા મોટા ટેન્કરોને તોડી નાખનારી વિશાળ યુદ્ધ તોપો, આસ્માનને ચીરીને ધરતી ઉપર આગના ગોળા વરસાવનારા ભયાનક લડાયક વિમાનો પણ પ્રજાની સામૂહિક શક્તિના આગળ માથુ ઝુકાવવા મજબૂર થઈ જાય છે. બિલ્કુલ એ જ સાબિત થયેલી હકીકતની જાહેરાત ટયૂનિસની ધરતી ઉપર વરસો બાદ આપણને જોવા મળી. ટયૂનિસમાં મળેલ સફળતાથી હિંમત ભેગી કરીને ઈજીપ્તની ધરતી ઉપર પણ પ્રજાના વિરોધ પ્રદર્શનોની એક પરંપરા શરૂ થઈ ગઈ. અને અમુક સપ્તાહોની હિંસા બાદ પ્રમુખ હોસ્ની મુબારકની સત્તા પણ ખતમ થઈ. ત્યાર બાદ તો આસપાસના કેટલાયે દેશોમાં આ પ્રકારના આંદોલનો શરૂ થઈ ગયાં. તેમાં લીબિયા, યમન, શામ (સીરિયા), ઉરદૂન તથા બેહરીનનાં નામો વિશેષ રૂપે લઈ શકાય છે. ઉપરોક્ત દેશોમાં સત્તાધીશ વર્ગોએ કઈ રીતે કત્લ, ખૂન, હિંસાનું બજાર ગરમ કર્યું છે તેની વિગત દરેક વાંચક દરરોજ ન્યૂઝ પેપરોમાં વાંચતા રહે છે. એટલા માટે અહીંયાં અમે એ મુદ્દાને છોડીને માત્ર અમુક ગુપ્ત હકીકતોથી પર્દો ઉઠાવવા માંગીએ છીએ જેને અમે આંખો વડે નજીકથી જોઈ છે.

## ★ લીબિયામાં મોઅમ્મર ગદ્દાફીનું શાસન ★

ઈ.સ. ૧૯૮૮માં વર્લ્ડ ઈસ્લામિક મિશન લંડનના પ્રયાસોથી જે છ વ્યક્તિઓ ઉપર આધારિત ઈન્ડિયન તાલિબે ઈલ્મો (વિદ્યાર્થીઓ)નો કાફલો ઈલ્મ પ્રાપ્તિ માટે લીબિયા ગયો હતો તેમાં હું (લેખક ડોકટર ગુલામ ઝુર્કાની) પણ સામેલ હતો. અમારા માટે ''ઈસ્લામી દા'વત કોલેજ તરાબુલ્સ'' તરફથી સ્કોલરશિપ શરૂ થઈ ચૂકી હતી. મૌલાના શાહિદ રઝા નઈમી (સેક્રેટરી વર્લ્ડ ઈસ્લામિક મિશન–યૂરોપ) સતત અમારા સંપર્કમાં રહ્યા. વિઝા તથા એર ટિકિટથી લઈને લીબિયામાં રહેવા તથા ખાવા પીવાની વ્યવસ્થાના દરેક મોકા ઉપર મૌલાનાએ અમારી સાથે રહીને દરેક શક્ય સહાયતા કરી. સમય પર અમે છ વ્યક્તિ લીબિયા એર લાઈન્સની ફલાઈટ દ્વારા તરાબલ્સ (ત્રિપોલી) પહોંચી ગયા. એરપોર્ટ ઉપર ''રાબતાએ આમ''ના તંત્રી કિસ્વરી સાહેબ ઉપસ્થિત હતા, તેમની સાથે અમે જેવા કોલેજની બાઉન્ડ્રીમાં પહોંચ્યા તો અમે જાણ્યું કે આ કોલેજમાં વિશ્વના લગભગ ૫૦ દેશોના મુસ્લિમ વિદ્યાર્થીઓ તા'લીમ પ્રાપ્ત કરે છે. વિશ્વના વિવિધ પ્રાંતોમાંથી આવેલા વિદ્યાર્થીઓની સાથે રહેતાં અમને તેમની

સંસ્કૃતિ, રહેણી કરણી તથા આદતોને નજીકથી જોવાનો મોકો મળ્યો. ખરેખર આ કોલેજમાં અમારા ખાવા પીવા તથા રહેવા સહેવાની વ્યવસ્થાથી લઈને તા'લીમ સુધીની વ્યવસ્થા પ્રશંસાને પાત્ર હતી.

લીબિયામાં રોકાણ દરમિયાન એ ભેદ ખુલ્યો કે લોકો કેવા જુલ્મ તથા અત્યાચારના હેઠળ અહીંયાં જીવન પસાર કરી રહ્યા છે. સરકારી નિગરાની હેઠળ ચાલતા બજારની ગગનચુંબી ઈમારતો ઉભી તો છે પરંતુ સામાનના કબાટો માતમ કરી રહ્યા છે. નાનીથી નાની વસ્તુને લેવા માટે જરૂરતમંદોની લાંબી લાંબી લાઈનો લાગે છે. દૌલત તથા નાણાનો ફુગાવો છતાં પાણીની અછત, હોટલો તથા બેકરીઓ ઉપર એક બે રોટીઓની પ્રાપ્તિ માટે આપસમાં ધક્કા મુક્કી થાય છે, ન તો પર્સનલ (વ્યક્તિગત) દૈનિક પત્ર છાપવાની પરવાનગી છે ન તો પોતાની લખેલી કિતાબો (પુસ્તકો)ની પ્રસિદ્ધિનો મોકો, ન તો પોતાની મરજીથી પ્રોગ્રામ કરવાની પર્મિશન, ન તો સરકારી બાબતોમાં મોઢુ ખોલવાની કોઈને ઈજાઝત છે. એમ સમજો કે ડરતાં ગભરાતાં આહો ભરતાં જેમ તેમ જીવન વ્યતિત થઈ રહ્યું છે.

## ★ એક અફસોસનાક તથા દયાજનક ઉદાહરણ ★

એકવાર અમે અમારા રહેઠાણ નજીક એક દુકાન પાસે ઉભા હતા. તે દુકાનનો માલિક ચહેરા મોહરાથી થોડોક ધાર્મિક જણાઈ રહ્યો હતો. મને તે ઘડીઓ સારી રીતે યાદ છે જ્યારે અમારા એક સાથીના ચહેરા ઉપર સજેલી દાઢી જોઈને તેની આંખો ભરાઈ આવી. થોડીવાર તો તે એકીટશે જોતો રહ્યો. જ્યારે દિલી ભાવનાઓનાં મોજાંઓ બેકાબૂ થઈ ગયાં તો તેણે (દુકાન માલિકે) ઘણી ઝડપભેર દાઢીને પોતાના હાથો વડે પકડી અને આંગળીઓને સંપૂર્ણ અકીદત તથા મહોબ્બતની સાથે પોતાની આંખો સાથે લગાડી ચૂમવા લાગ્યો. અમે તેને કાંઈ કહીએ તે પહેલાં જ તે બોલી ઉઠયો કે તમારા ચહેરા ઉપર આ દાઢી ઘણી સુંદર તથા ભલી લાગે છે ! અમારા સાથીએ દાઢી છૂટતાંની સાથે જ કહ્યું, "તમે પણ તેને પોતાના ચહેરા ઉપર સજાવી લો કે આ રસૂલુલ્લાહ ﷺની સુન્નત છે, તેનાથી માત્ર ચહેરાની સુંદરતામાં વધારો નહીં થાય બલ્કે તેની સાથે સાથે સુન્નતે હબીબ ﷺ ઉપર અમલ કરવાના કારણે ઘણો સવાબ પણ મળશે. આ સાંભળતાંની સાથે તેનું સબ્ર તથા ધૈર્યનું પાત્ર છલકાઈ ઉઠયું અને આંખોથી આંસૂઓનો સમંદર વહેવા લાગ્યો. અમે આશ્ચર્યની સાથે ક્યારેક તેની તરફ જોતા તો ક્યારેક અંદર અંદર એકબીજા તરફ જોતા. થોડીકવાર પછી દુઃખ તથા દર્દની સ્થિતિ મધ્યમ પડી તો ઈશારાની ભાષામાં તે માત્ર આટલુ જ બોલી શક્યો કે હું દાઢી રાખી લઉં તો સરકારી હોદ્દેદારોના કાન ઉભા થઈ જાય છે ! અને પછી અત્યાચાર તથા જુલ્મનો દરવાજો ખુલી જાય છે.

અમે થોડીવાર સુધી તો અચંબામાં પડી ગયા કે આ ઈસ્લામી દેશ છે, જ્યાંના રહેવાસીઓ પણ મુસલમાન છે તથા સત્તાધારી વિભાગ પણ મુસલમાન છે, પરંતુ હાય રે સમયની માયાજાળ ! પોતે મુસ્લિમોના ઘરમાં જ ઈસ્લામી સંસ્કૃતિ સાથે રહેવા ઉપર પ્રતિબંધ ?!

## ★ એક દર્દનાક દાસ્તાન ★

ભારતના કોઈપણ આલિમે દીનની લખેલી ધાર્મિક કિતાબો અરબમાં પણ સન્માનની દૃષ્ટિથી જોવામાં આવે છે. ત્રિપોલીમાં એક ઉચ્ચ તા'લીમ પામેલ લીબિયન પ્રોફેસરના દિલમાં વિચાર આવ્યો કે કેમ ન તે કિતાબને અરબીમાં ભાષાંતર કરી પ્રકાશિત કરવામાં આવે. આ હેતુથી તેમણે અમારા એક બાંગ્લાદેશી વિદ્યાર્થીની સહાયતા પ્રાપ્ત કરી. તે (બાંગલાદેશી વિદ્યાર્થી) તા'લીમી પ્રવૃત્તિઓમાંથી ફુરસદનો સમય કાઢી અરબીમાં ભાષાંતર કરતો અને પ્રોફેસર સાહબને આપી દેતો. લીબિયામાં અંગત તથા વ્યક્તિગત રીતે કિતાબ પ્રકાશિત કરવાની સહૂલત ન હતી એટલા માટે અરબી ભાષામાં ભાષાંતર થયેલ કિતાબ ટયુનિસ મોકલી દેવામાં આવતી અને તે કિતાબ ત્યાંના પ્રકાશન કેન્દ્રો દ્વારા છપાઈને લોકો સુધી પહોંચતી. આ કામ ઘણી સારી રીતે તથા સાવધાનીથી થઈ રહ્યું હતું એવામાં અચાનક

આ વાતની ખબર અહીંયાંની ગુપ્તચર સંસ્થાઓ સુધી પહોંચી ગઈ. મારા સાથીએ બતાવ્યું કે આજે ગુપ્ચર વિભાગના જિમ્મેદારોએ મારી સાથે (બાંગલાદેશી સાથી સાથે) એક લાંબી વાતચીત કરી છે અને તેઓ મારી ભાષાંતર કરેલ કિતાબના વિશે તપાસ કરી રહ્યા હતા. તેઓ જાણવા માંગતા હતા કે આ કિતાબના મુદ્દાઓ કયા પ્રકારના છે. સંપૂર્ણ રાઝદારીની સાથે મારા સાથીએ એ પણ બતાવ્યું કે અહીંયાંની પોલીસે પ્રોફેસર સાહબની પણ ધરપકડ કરીને તેમને જેલ ભેગા કરી આપ્યા છે. આ સાંભળતાં જ હું અચંબામાં પડી ગયો કે પ્રશાસન વિભાગની નજરમાં કોઈ ધાર્મિક કિતાબનું પ્રકાશન પણ કેટલો મોટો ગુનો છે ! પ્રોફેસર પોતાની આ કોશિશ વડે કોઈના દિલને ઠેસ પહોંચાડવા માંગતા ન હતા અન ન તો કોઈના ઉપર અત્યાચાર તથા જુલ્મ કે ન ગુપ્ત રીતે ષડયંત્ર રચી રહ્યા હતા, તે તો માત્ર દીને મતીનની સરબુલંદી માટે પોતાની શક્તિ મુજબ અલ્લાહ તથા તેના રસૂલ ﷺની રઝામંદીના ખ્વાહિશમંદ હતા, પરંતુ પોતાના સમધર્મ તથા હમ મઝહબની આ નિખાલસતાથી ભરપૂર અદના કોશિશને નકારી કાઢવામાં આવી. બેશક ! આ દુનિયાના તુચ્છ આરામના બદલામાં આખેરતની હમેશાં હમેશની નેઅમતોને બેદર્દીની સાથે ઠુકરાવી દેવાના સમાન છે. વિચારું છું તો દિમાગ ફાટવા માંડે છે કે માણસ દૌલત તથા સત્તાના નશામાં એટલો બદ્મસ્ત કઈ રીતે થઈ જાય છે કે તેને પોતાના ખાલિકે હક઼ીક઼ીની બારગાહમાં હાજરીનો ખયાલ પણ નથી આવતો ! તે એવું પણ ભૂલી જાય છે કે અલ્લાહ તઆલાની સર્વ વ્યાપી શક્તિ કોઈપણ પળે તેની જાહેરી શાનો શૌકતને માટીમાં મેળવી શકે છે.

જો અહીંયાં સુધી જ વાત રોકાઈ જાત તો સામાન્ય સ્થિતિમાં તેને થોડીવાર માટે કદાચ સહન કરી લેવામાં આવત પરંતુ ઉપરોક્ત ઘટનાના તેનાથી પણ વધુ અત્યાચારી તથા હિંસક, ખૌફનાક તથા ડરામણા પાસાને જરા દિલને થામીને સાંભળો ! મને મારા સાથીએ બતાવ્યું કે પ્રોફેસર સાહબના વિશે તેમના ઘરવાળાઓ કાંઈ પણ જાણતાં નથી અને તેમનામાં એટલી હિંમત પણ નથી કે તેઓ પ્રશાસનને પૂછે કે તેમને (પ્રોફેસરને) કયા અપરાધની સજામાં જેલમાં રાખવામાં આવ્યા છે ?! અથવા અપરાધની સાબિતી માટે કેસ કઈ રીતે ચલાવવામાં આવશે ?! અથવા કમસે કમ એટલું તો જણાવે કે તેઓ જીવી રહ્યા છે કે પછી તેમને મૌતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે ?! મને (મૂળ લેખકને) વિશ્વાસ છે કે આપણા તો આપણા પરાયા પણ આવા પ્રકારના માનવતા વિરુદ્ધ વર્તાવ પ્રત્યે પોતાની ભાવનાઓને કાબૂમાં નહીં રાખી શકે. સમજદાર તથા પ્રમાણિક લોકો માટે આ ઘટનાથી એ અંદાજો લગાડવો મુશ્કેલ નથી કે લીબિયાની પ્રજા કયા પ્રકારના જુલ્મ તથા અત્યાચાર, ખૌફ તથા દહેશતની છાયામાં જીવન પસાર કરવા માટે મજબૂર છે.

મને સારી રીતે યાદ છે કે આવી પરિસ્થિતિથી દિલગીર થઈને મેં કહ્યું હતું કે અવનવી મુશ્કેલીઓ હોવા છતાં હિંદુસ્તાન આવા પ્રકારના મુસ્લિમ દેશોની તુલનામાં મુસ્લિમો માટે અનેક ઘણો બેહતર તથા ઉમદા દેશ છે. જુલ્મ તથા અન્યાય, અત્યાચાર તથા એકબીજાનો હક્ક઼ મારવા જેવા અપરાધો અહીંયાં (હિંદુસ્તાન)માં પણ થાય છે, પરંતુ એટલા પ્રમાણમાં નહીં કે પ્રતિ ક્ષણ જીવન તથા મૃત્યુની કશ્મકશ દરમ્યાન જિંદગી સિસકીઓ (ધ્રુસ્કાં) લેતી હોય એવું મેહસૂસ થાય, અત્યાચાર તો ક્યારેક ક્યારેક અહીંયાં પણ થઈ જાય છે પરંતુ ન્યાય માટે પ્રદર્શન કરવા ઉપર પ્રતિબંધ પણ નથી, બેકસૂરોના લોહીથી હોળી અહીંયાં પણ રમવામાં આવે છે, પરંતુ એવું નથી કે ગમ ખાનારા તથા હમદર્દ દૂર દૂર સુધી દેખાતા ન હોય. ઘરો અહીંયાં પણ લૂટાઈ છે તથા ફૂંકાય છે, પરંતુ એવું તો નથી જ કે કોઈ આવા ખૂંખાર, હિંસક હાથોને લગામ આપવાની હિંમત સુદ્ધાં ન કરી શકે.

### ★ સીરિયાનું અત્યાચારી શાસન ★

વિશ્વના કેટલાયે દેશોના વિદ્યાર્થીઓ પોતાની ઈલ્મી પ્યાસ બુઝાવવા માટે અમારી કોલેજ (લીબિયા)માં એડમિશન મેળવતા હતા તે

વિદ્યાર્થીઓમાંથી અમુક સીરિયાના પણ હતા. અમે પોતાની શૈક્ષણિક વ્યસ્તતાઓમાંથી થોડો સમય કાઢી ક્યારેક ક્યારેક ઈસ્લામી જગતની વર્તમાન પરિસ્થિતિઓ અંગે વાર્તાલાપની એક બેઠકનું આયોજન કરતા હતા. આવી જ એક બેઠકમાં જેમાં અમે હિદુસ્તાની વિદ્યાર્થીઓની સાથે સાથે સીરિયાના વિદ્યાર્થીઓ પણ સામેલ હતા. રાષ્ટ્રપ્રતિ હાફિઝ અલ્ અસદની પોલીસીઓ વિશે વાત નીકળી. અમારા સાથે મૌલાના ડોકટર સૈયદ અલીમ અશરફે (આસિસ્ટંટ પ્રોફેસર મૌલાના આઝાદ યુનિવર્સિટી), હાફિઝ અલ અસદની રાજય વ્યવસ્થાની કડક નીતિના ઉપર ટીપ્પણી કરી તો અમે અનુભવ્યું કે સીરિયન તાલિબે ઈલ્મોના ચેહરા ઉપર કોઈપણ જાતનો પ્રત્યાઘાત ન હતો. થોડીવાર સુધી તો તેઓ મજબૂર થઈને માથુ ઝુકાવીને અમારી વાત સાંભળતા રહ્યા, ત્યાર બાદ તેઓએ પૂરેપૂરી કોશિશ કરી કે અમે આ ટોપિકને બદલી નાખીએ. માત્ર એટલુ જ નહીં બલ્કે જ્યારે મૌલાના અલીમ અશરફે જનતાના પ્રદર્શનને સખતાઈથી કચડવા માટે હમ્સ શહેરમાં હાફિઝ અલ અસદ દ્વારા અત્યાચાર તથા જુલ્મ કરવાની વાત કરી તો તેઓ બધા દામન ખંખેરીને તે વાતને હક઼ીક઼તના વિરુદ્ધ ઠરાવવા લાગ્યા. ખ્યાલ રાખો કે સીરિયાનું "હમ્સ" શહેર તે શહેર છે જે સાદાત તથા મશાઈખે કિરામના રૂહાની મર્કઝ હોવાના હિસાબે પ્રચલિત તથા મશ્હૂર હતું. અહીંયાની ગલીઓ સૂફિયાએ કિરામના પાકીઝા ક઼દમોની બરકતોથી રહમતો અન્વારની છાયામાં હમેશાં મુનવ્વર તથા ઉજ્જવળ રહેતી હતી.

બેઠક બરખાસ્ત થઈ ચૂકી હતી. અને અમે પોતાના ઠેકાણે પાછળ ફરી રહ્યા હતા. પરંતુ આ વાત અમારા માટે આશ્ચર્યજનક હતી કે આટલી મોટી ઐતિહાસિક સત્યતા તથા હક઼ીક઼તને કઈ રીતે ત્યાંના નાગરિકો જૂઠ તથા હક઼ીક઼ત વિરુદ્ધ ઠરાવે છે ?! એ કઈ રીતે શક્ય બને કે તે ભેદ જે આંતર રાષ્ટ્રીય મીડિયાનાં માધ્યમ દ્વારા જાહેર થઈ ચૂક્યું હોય તેને આટલી સખતાઈની સાથે જૂઠલાવી દેવામાં આવે ? ટૂંકમાં અમે એકબીજાને સલામ કરી રૂખસત કર્યા અને બિસ્તર ઉપર પડી ગયા.

આ વાત હજુ પણ મારા દિમાગમાં છે કે બીજા દિવસે હું તે સીરિયન વિદ્યાર્થીઓમાંથી એકની સાથે બપોરના ખાવા માટે ડાઈનિંગ હોલ તરફ જઈ રહ્યો હતો. તો વાત પાછી હાફિઝ અલ્ અસદના ઈશારા ઉપર કરવામાં આવતા અત્યાચાર તથા જુલ્મ, ક઼ત્લેઆમ તથા ખૂનરેઝીના વિશે શરૂ થઈ ગઈ. સખત વ્યાકૂળતાની ભાવનાની પીડાઈને હું બોલી ઉઠયો કે તું પણ કેટલો લાગણીહીન છે કે મુસ્લિમો સાથે થઈ રહેલા અન્યાય પ્રત્યે વિરોધ પ્રદર્શન કરવું તો દૂરની વાત છે પણ તમે બધા અત્યાચારી કૃત્યો ઉપર પડદો નાખવાની કોશિશ કરો છો ! મેં મારી વાત હજુ પૂરી પણ ન કરી હતી કે તે વિદ્યાર્થી બોલી ઉઠો કે, "શૈખ ઝર્કાની ! તમારી વાત સાચી છે, કાલે તમારા સાથીએ હમ્સ શહેરમાં શાસનના ઈશારે થતા જે અત્યાચાર તથા હિંસાની વાત કરી હતી તેમનો ન કેવળ એક એક શબ્દ સાચો છે, બલ્કે હક઼ીક઼તમાં તો તેનાથી પણ વધીને છે !"

આ હક઼ીક઼તના સ્વીકાર પર હું હક્કો બક્કો થઈ ગયો, યક઼ીન જાણો ! ક્યારેક હું તેના ચહેરા તરફ જોતો અને ક્યારેક ગત રાતના થયેલા સીરિયન પ્રશાસનના સમર્થનની વાસ્તવિક્તા જાણવાની કોશિશ કરતો તો ક્યારેક એના હાલના ઘટસ્ફોટ પર વિચારતો. આ બંને વિચારોમાં એટલો વિરોધાભાસ હતો કે ઘણા પ્રયત્નો કર્યા બાદ પણ હું કોઈ એવો માર્ગ ન કાઢી શક્યો કે જેથી બંને વિરોધાભાસી વાતોનું સંતુલન કરી શકું, હું એકીટશે તેના તરફ જોતો રહ્યો. મારી પ્રશ્નાર્થ નજરોનો ઈશારો સમજીને સીરિયન વિદ્યાર્થી બોલી ઉઠયો :–

"શૈખ ઝર્કાની ! હક઼ીક઼તમાં વાત એ છે કે જ્યારે આપણે એકઠા મળીને બેઠા હતા તો વિશ્વાસની સાથે કોઈને પણ ખબર ન હતી કે આપણામાં કોણ હુકૂમતનો જાસૂસ છે ! બસ એ જ કારણ હતું કે અમે પ્રશાસન વિરુદ્ધ કોઈ પણ પ્રકારની ઝબાન ન ખોલવામાં સલામતી સમજી."

આ વાસ્તવિક્તા પ્રત્યે મારા આશ્ચર્યનો પાર ન રહ્યો અને જિજ્ઞાસાપૂર્વક હું પૂછી બેઠો કે, "માની લો કે તેમાં કોઈ વ્યક્તિ હુકૂમતનો જાસૂસ પણ હોત તો તે તમારું શું બગાડી લેતો ?!"

મારા આ સવાલ પર તેની આંખોમાં પાણી આવી ગયું અને તે ભરાયેલા અવાજમાં બોલ્યો, "શૈખ ઝર્કાની ! તમે નથી જાણતા કે પ્રશાસન કેટલુ ખૂંખાર તથા જાલિમ અને અત્યાચારી છે. તેને એવી ભણક પણ લાગી જાય કે મેં શાસન વિરુદ્ધ ઝબાન ખોલી છે તો મારું નામ બાગી લોકોમાં (વિદ્રોહીઓમાં) ગણી લેવામાં આવે. બસ ! પછી શું ? હું જેવો એરપોર્ટ પર પહોચું કે ધરતી પરથી ગાયબ જ થઈ જાઉં ! અને તેના વફાદાર કાર્યકરો મારી સ્વતંત્રતાને છીનવી લે અને મને અંધારી કોટડીમાં ધકેલી દેવામાં આવે અને પછી મારી સહાયતા તથા ફરિયાદ આપવા માટે કોઈ નજીક આવવાની પણ હિંમત ન કરી શકે !"

હું આશ્ચર્યચકિત થઈને દુઃખ તથા પીડાની ગહેરાઈઓથી નીકળી રહેલ એક એક શબ્દને સાંભળ તો રહ્યો. આ કોઈ બનાવટી ઘટના કે કહાની ન હતી કે જેનો વાસ્તવિક્તાથી કોઈ સંબંધ ન હોય, બલ્કે આ એક એવા ભયાવહ તથા દહેશતમાં ગળાડૂબ માહોલની સાચી છબી હતી જેની ભયાનક છાયામાં આપણા (મુસ્લિમો) પોતાના જીવનને વિતાવવા માટે મજબૂર છે.

જુલ્મ તથા અત્યાચારની આ અંતિમ સીમા છે કે ભાલા બરછી વડે ઘાયલ કર્યા બાદ ધ્રુસ્કાં લેવા કે તડપવાનો હક્ક઼ પણ છીનવી લેવામાં આવે. આ દુઃખભરી દાસ્તાનનું બીજુ પાસુ પણ જુઓ કે અત્યાચારના ભોગ બનેલા પોતાના વતનથી હજારો માઈલ દૂર છે, પરંતુ ખૌફ તથા દહેશતની એ સ્થિતિ કે એક જગ જાહેર હકીકતના ચહેરાથી પડદો ઉઠાવવાની હિંમત તો ઘણી દૂરની વાત છે, શરીરની સંપૂર્ણ શક્તિઓને ભેગી કરીને પણ પોતાના માથાને હા ભરવા માટે હલાવવાની શક્તિ નથી ધરાવતા ! આથી સ્પષ્ટ છે કે જ્યારે આટલા દૂર રહીને ખૌફ તથા ભયની આ સ્થિતિ છે તો તે લોકોની દયાજનક પરિસ્થિતિને કોણ સમજી શકે છે જેમના રાત દિવસ આવી જ ભયાનક છાયામાં ગુજરતા હશે ?!

## ★ સઊદી અરબનું અત્યાચારી શાસન ★

કેટલાક મહિનાઓથી અરબ જગતમાં ફેલાઈ રહેલ અજંપા તથા અશાંતિ ઉપર એક ઉપર છલ્લી નિગાહ દોડાવો. હક઼ીક઼તના આઈનામાં દેખાઈ રહેલ તસ્વીર જોનારને જાતે જ શર્મિંદા કરી આપશે, નિઃસહાય પ્રદર્શનકારીઓ ઉપર બેદર્દીથી ગોળીઓનો વરસાદ વરસાવવામાં આવે છે, પોતાના જાઈઝ અધિકારોની માગણી પર ભારે ભરખમ તોપોનાં મોઢાં ખોલી દેવામાં આવે છે, સુશીલ તથા સચરિત્ર ધરાવતી સ્ત્રીઓની ઈજ્જતના દામનને બેહયાઈની સાથે તાર તાર કરી દેવામાં આવે છે. માસૂમ બાળકોની જિંદગી તારાજ તથા બેનૂર કરી દેવામાં આવે છે. શાંત વિરોધ પ્રદર્શનોના વિરુદ્ધ સૈન્યબળના ઉપયોગ માટે નવા નવા ક઼ાયદાઓ તથા આક્ષેપોની બોછાર કરવામાં આવે છે, અને બેશર્મી તથા નિર્લજ્જતાની હદ તો એ છે કે તે અત્યાચારોનો ભોગ બનેલા નિઃસહાય નાગરિકો વિરુદ્ધ પોતાના તે આક઼ાઓ તથા સ્વામીઓ (બ્રિટન, અમેરિકા)થી પણ મદદની ભીખ માંગવામાં આવે છે, જેમના હાથો તથા દામન પહેલીથી નિર્દોષ મુસ્લિમોના ખૂનથી રંગાયેલા છે !

શાંતિપ્રિય નાગરિકોના પ્રદર્શનોને બળપૂર્વક કાર્યવાહી દ્વારા રોકવા અંગે ઈસ્લામના દુશ્મન તત્વોથી મદદ લેવાની વાત નીકળી છે તો દૈનિક ન્યુઝ પેપર "જંગ"માં છપાયેલ આ સમાચારોને પણ વાંચી લેવામાં આવે જેથી કોઈ વાત પૂરાવા વિનાની ન રહી જાય :–

"સંયુક્ત આરબ અમીરાતે અરબ દેશોમાં ચાલી રહેલી બગાવતોના પગલે વિશ્વસ્તરે બદ્નામ અમેરિકાની સિક્યુરિટી કંપની બ્લેક વોટરની સેવા પ્રાપ્ત કરી છે. આ ફોર્સ સંયુક્ત આરબ દેશોમાં ' રિફલેક્સ રિસ્પોન્સ"ના નામે કામ કરશે. જેનું કામ આશંકિત અવામી બગાવત (લોક બળવા)ને રોકવાની સાથે સાથે ઓઈલ પાઈપ લાઈનો તથા

ઊંચી ઊંચી ઈમારતોને આતંકવાદીઓના હુમ્લાથી બચાવવું તેમજ વિશેષ ઓપરેશન કરવાનું રહેશે. અમેરિકી દૈનિક પત્રએ દાવો કર્યો છે કે બ્લેક વોટર અબૂધાબી માટે આઠસો (૮૦૦) કર્મચારીઓ ઉપર આધારિત ફોર્સની તૈયારી કરી રહ્યું છે, જેનો ટ્રેનિંગ કેમ્પ ઝેડ મિલેટ્રી સીટીના નામે પ્રખ્યાત અમીરાતી બેસમાં છે. આ ફોર્સની તૈયારીમાં લગભગ ૫૩ કરોડ ડોલરનો ખર્ચ આવશે.'' *(જંગ, ૧૬ મે ૨૦૧૧)*

સહનશીલાતનું બંધન હજુ પણ જો સલામત છે તો દિલ થામીને ઉપરોક્ત રહસ્યનો આ ભાગ ખાસ કરીને વાંચો :–

''જો અન્ય અરબ દેશોની જેમ અબૂધાબીમાં લોકતંત્ર ઈચ્છુકો તરફથી અવામી બગાવત (લોક બળ વા)નો ખતરો દેખાશે તો બ્લેક વોટરની આ ફોર્સ પ્રદર્શનકારીઓ સાથે કામ પાર પાડશે (તેમને ઠેકાણે પાડશે).''

વર્તમાન પરિસ્થિતિમાં યમન હોય અથવા લીબિયા, સીરિયા હોય કે બેહરીન અરબ જગનનો ખૂણે ખૂણો દારૂ ગોળાના નિશાના પર છે. એ અલગ વાત છે કે ક્યાંક પરિસ્થિતિ કાબૂથી બહાર છે તો ક્યાંક પ્રશાસન પોતાના નાગરિકોને જૂઠો દિલાસો આપીને ચૂપ રાખવાના પ્રયાસો કરે છે. બેશરમીની અંતિમ હદ તો એ છે કે પોતાની સત્તાની સલામતી માટે ઈસ્લામની માનમર્યાદા તથા પવિત્રતાને પણ પોતાના સ્વાર્થ ખાતર ભેટ ચઢાવવામાં આવે છે. અત્યારે મને સઊદી અરબમાં થઈ રહેલ આંદોલનો તથા વિરોધ પ્રદર્શનો બાદ વિદેશમંત્રાલયની ઓફિસથી પ્રસિદ્ધ કરવામાં આવેલુ તે બયાન યાદ આવે છે જે મીડિયા દ્વારા આખી દુનિયામાં જાહેર કરવામાં આવ્યું :–

''સઊદી શાસનના કાયદાઓ મુજબ કોઈપણ પ્રકારનાં વિરોધ પ્રદર્શનો, જુલૂસો તેમજ ધરણાઓની પરવાનગી નથી, કેમ કે આ ઈસ્લામી શરીઅત તથા સઊદી સંસ્કૃતિની પરંપરાઓના વિરુદ્ધ છે.''

પ્યારા વાંચકો ! તમે જોઈ રહ્યા છો કે **સત્તાની હવસના નશામાં ઈસ્લામી શરીઅતના પવિત્ર દામનને કઈ રીતે ગંદો કરવામાં તથા બેશરમીની સાથે અપવિત્ર બનાવવામાં આવી રહ્યો છે !** વિચારવામાં આવે તો દિમાગની નસો ફાટી જશે કે હરમૈન શરીફૈનના હાકિમો (માલિકો)નો નાજાઈઝ કબજો અને શરીઅત મુજબ અને અન્યાય તથા અત્યાચાર, અંતિમવાદ તથા હક્ક દબાવવા વિરુદ્ધ ઉઠી રહેલા આંદોલનો તથા અવાજો ''શરીઅત વિરુદ્ધ છે !

શાસનની સુરક્ષા જાળવવાની હવસમાં શરીઅતને બદ્‌નામ કરનારી જાહેરાતો માત્ર પ્રશાસનના મેઝથી પ્રસિદ્ધ કરવામાં આવી હોય તો કદાચ વધુ અફસોસનાક ન હોત, કેમ કે તેઓ આંત્રિક રીતે તો બાદશાહના પૂજારી છે, પરંતુ આ પરિસ્થિતિનું સૌથી અફસોસનાક પાસુ એ છે કે પોતાના અંતર તથા ઝમીરને વેચી ખાનારા પ્રપંચી સઊદી આલિમો પણ પોતાના સઊદી આકાઓના સમર્થનમાં બયાનો આપવા લાગ્યા છે ! અન્ય તો અન્ય પણ ''કાબાના ઈમામ'' પણ કોઈનાથી પાછળ રહેવા માગતા નથી ! ભરોસો ન થતો હોય તો લોહીના આંસૂની તૈયારી સાથે આ બયાનને વાંચો ! :–

ઈમામે કા'બા શૈખ ઓસામા ખય્યાતે કહ્યું છે કે, ''સઊદી અરબમાં આંદોલન તથા વિરોધ પ્રદર્શનનું એલાન એ શૈતાની કાર્ય છે. મુસ્લિમો આવી માંગણીઓ કરનારાઓથી સાવધાન રહે.''

મસ્જિદે હરામમાં જુમ્આના ખુત્બામાં શૈખ ઓસામા ખય્યાતે કહ્યું છે કે, ''શૈતાન ગુમરાહકુન (ગુમરાહ કરનારા) ખ્વાબ દેખાડી મુસ્લિમોને બગાવત પ્રત્યે પ્રોત્સાહિત કરવા માંગે છે. શૈતાનની કોશિશ છે કે તે મુસલમાનોને ઝઘડાઓમાં પરોવી દે.''

કા'બાના ઈમામનું કહેવું હતું કે, ''પ્રજાને આંદોલનો, ધરણાઓ તથા વિરોધ પ્રદર્શનો પ્રત્યે ઉત્તેજીત કરનારી ટી.વી. ચેનલો તથા અન્ય માધ્યમો શૈતાનનો માર્ગ દેખાડી રહ્યાં છે, આવા લોકો નાપાક શક્તિઓનો હાથો બન્યા છે અને પ્રજાને અફરા તફરી

તરફ લઈ જઈને જનતાના લોકહિતને તબાહ તથા નાબૂદ કરવા માંગે છે." *(દૈનિક પત્ર "જંગ", ૧૩ માર્ચ ૨૦૧૧)*

હવે જ્યારે "કાબાના ઈમામ" પોતાની ગુલામીને પુરવાર કરવા માટે આગળ વધે તો પછી "મુક્‍તદી" કેમ કરીને તેનાથી પાછળ રહી શકે છે ! આ પ્રકારની પ્રેમભાવનાની આછેરી ઝલક જોવાની ખ્વાહિશ હોય તો "જમાઅતુસ્સુન્નહ પાકિસ્તાન"ના જિમ્મેદારોનું આ વર્ણન વાંચો :–

"જમાઅતુસ્સુન્નહ પાકિસ્તાનના કેન્દ્રિય પ્રબંધક સૈયદ અશરફ કુરૈશી તથા અન્ય રહનુમાઓ જેમ કે સૈયદ આમિર નજીબ, અશ્રફ હુસૈન અસીરી તથા હાફિઝ હનીફ સલ્ફીએ કહ્યું છે કે, અરબ જગતમાં થઈ રહેલ પ્રજાકીય ચળવળો તથા વિરોધ પ્રદર્શનોની લહેરથી અમેરિકા તથા અન્ય ઈસ્લામ દુશ્મન તત્વો લાભ ઉઠાવવા માંગે છે. એક વિશેષ લોબી અરબ જગતના રાજાઓના અમુક પગલાંઓને બુનિયાદ બનાવીને સઊદી શાસન વિરુદ્ધ નેગેટિવ પ્રોપેગન્ડા કરી રહી છે જેની જમાઅતુસ્સુન્નહ સખત શબ્દોમાં નિંદા કરે છે. તે રહનુમાઓ કહે છે કે, 'ખાદિમુલ હરમૈન' (બંને હરમના કહેવાતા ખાદિમ) શાહ અબ્દુલ્લાહ સઊદી પ્રજાના દિલો ઉપર રાજ કરે છે." *(દૈનિક પત્ર "જંગ", ૨૧ માર્ચ ૨૦૧૧)*

પ્યારા વાંચકો ! સાચી વાત એ છે કે વર્તમાન પરિસ્થિતિમાં અરબ દેશોનો ગહેરાઈથી અભ્યાસ કરવામાં આવે તો આમ કહેવું ૧૦૦ ટકા સાચુ ઠરશે કે એ હકીકત નિશ્ચિત છે કે જો પેલેસ્ટાઈન સ્વતંત્ર નથી તો બીજી હકીકત એ પણ છે કે સમગ્ર અરબ જગત પણ સ્વતંત્ર નથી, પરિણામના આધારે તે બંનેમાં કોઈ અંતર તથા ફરક નથી, ફરક માત્ર એટલો છે કે ત્યાં (પેલેસ્ટાઈનમાં) બીજાઓનો કબ્જો છે, અને અહીંયાં (અરબ દેશોમાં) કહેવાતા "આપણાઓ"નો કબ્જો છે. એટલું યાદ રાખો કે ઈસ્લામ ન્યાય, બરાબરી, પક્ષપાત તથા હક્ક તથા સત્યની દૃષ્ટિએ આપણા તથા બીજાઓમાં કોઈ જાતનો ભેદભાવ નથી ધરાવતો, જો લોકોના અધિકારો, માન મર્યાદાઓ તથા તેમની મૂળભૂત સ્વતંત્રતાના ઉપર છાપો મારનારાઓ આપણાના વેશમાં હોય તો પણ ખોટુ છે અને બીજાઓના વેશમાં હોય તો પણ ખોટુ છે.

## ★ ક્રાંતિકારી સુધારણાની આશા ★

અરબ જગતમાં ચોતરફ ફેલાયેલી વ્યાકૂળતા તથા બેચેની છતાં એ કહેવું સમયથી પહેલાં ગણાશે કે આવનાર સમય નિશ્ચિત રીતે પ્રજાની ઈચ્છાઓ મુજબ થઈ જશે. ઈતિહાસ સાક્ષી છે કે ભૂતકાળમાં કેટલીયેવાર રાજનૈતિક સુધારણા અંગેના મોટા મોટા દાવાઓ સાથે અમુક અરબ પ્રદેશોમાં ક્રાંતિકારી ચળવળો તથા આંદોલનો ચલાવવામાં આવ્યાં, પરંતુ પરિણામ રૂપે તે (ચળવળો તથા આંદોલનો) માત્ર ચહેરાઓના બદલાવ સુધી સીમિત રહી, નવા સત્તાભારીઓએ પણ પોતાની પકડ મજબૂત કરવા માટે તે જ માર્ગ અપનાવ્યો જે તેમના આગલાઓ કરી ચૂક્યા હતા. ટયુનિસના પૂર્વ રાષ્ટ્રપતિ ઝૈનુલ આબેદીન, લીબિયાના મોઅમ્મર ગદાફી તથા ઈજીપ્તના પૂર્વ રાષ્ટ્રપતિ હોસ્ની મુબારક વગેરે આ હકીકત તથા વાસ્તવિકતાના સૌથી ઉત્તમ ઉદાહરણો છે. મોઅમ્મર ગદાફીએ પણ લગભગ ચાલીસ વરસો પહેલાં લીબિયામાંથી રાજાશાહીનો ખાત્મો એ નારાની સાથે જ કર્યો હતો કે તેઓ દેશમાં લોકતંત્રની સ્થાપ્ના કરશે જે માનવતાની માન મર્યાદા, ન્યાય તથા પ્રેમભાવના ઉપર આધારિત હશે, પરંતુ દુનિયાએ જોયું કે માત્ર ચહેરાઓ બદલાયા પણ સ્થિતિ એની એ જ રહી !

અલ્લાહ કરે હવે જે ચળવળો તથા આંદોલનો ચાલી રહ્યાં છે તેમના (નેતાઓ) ભૂતકાળથી સબક લઈને પોતાના વતનને નવા યુગમાં દાખલ કરે, તેની સાથે સાથે સમગ્ર જગતના મુસ્લિમોની પણ અખ્લાકી જવાબદારી છે કે તેઓ અંગત સ્વાર્થ તથા સ્વલાભોથી પર થઈને પોતાના મુસલમાન ભાઈઓનું સમર્થન તથા મદદ કરે.

*–(હવાલો : જામેનૂર, સપ્ટે. ૨૦૧૧)*

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

### ★ બરકાતે ખ્વાજા ગમ્યુ ! ★

મુહિબ્બે અહલે સુન્નત, નાશિરે મસ્લકે આ'લા હઝરત જનાબ પટેલ શબ્બીર અલી રઝવી સાહબ અને તમામી અંજુમને રઝાએ મુસ્તફા, સલામો રહમત વ ઈદ મુબારક. ખુદાએ પાક પરવરદિગાર બંને જહાનની દૌલતોથી માલામાલ કરે. (આમીન). સાથે જણાવવાનું કે "બરકાતે ખ્વાજા" (માસિક)ના તંત્રી લેખમાં "આતંકવાદના નામે મુસ્લિમોની વગોવણી એ નાઈન્સાફી છે" તેની રજૂઆત સરસ અંદાજમાં કરેલ છે. અને અન્ય લેખમાં મુનાફિક઼ોના દોરંગી પ્રોગ્રામોની પોલ ખોલેલ છે. હઝરત અલ્લામા મુશ્તાક઼ અહમદ નિઝામી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે *"દેવબંદી બોલતે હૈં મગર સમઝતે નહીં !"* આપે "મિયાં કી જૂતી મિયાં કે સર"નું ઉદાહરણ આપેલ છે. રબ્બે કદીર સૌને સમજની તૌફીક઼ આપે. (આમીન) ફક્ત સગે ખૈરુલ બશર – *લિ. અબ્દુસ્સત્તાર રઝવી (વઢવાણસિટી)*

**માપલ્લી** : મીરાંદાતાર શરીફથી સૈયદ સાહબ જણાવે છે કે સૈયદ નિષારમિયાં મુનસફમિયાંની નેક દુખ્તર સૈયદ સમીનાબાનુની શાદી સૈયદ મુહમ્મદમિયાં હુસૈનીના નેક ફરઝંદ સૈયદ મુશ્તાકમિયાં સાથે તા. ૨૭–૩–૨૦૧૧ના રોજ થઈ તેની ખુશીમાં રૂા. ૨૦૦/– "બરકાતે ખ્વાજા" (માસિક)ને મોકલ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**સુરેલી** : (જિ. આણંદ) ખાતે તા. ૨૩–૫–૨૦૧૧ ૧૯ જમા. આખર હિ.સ. ૧૪૩૨ના રોજ હાજી અમાનુલ્લાહખાન ગુલાબખાનનો ઈંતેકાલ થઈ ગયો. મર્હૂમ પાકા સુન્ની દીનદાર હતા.

**દયાદરા** : મુક઼ામે તા. ૧૩–૯–૨૦૧૧ના રોજ **શફીક઼ ઈસ્માઈલ ચીના (અકુજી)**નો ઈંતેકાલ થઈ ગયો છે. તેમજ ૨૯–૮–૨૦૧૧ના ૩૦ રમઝાન શરીફ હિ.સ. ૧૪૩૨ના રોજ **ઈબ્રાહીમ અહમદ કાપડીયા**નો ઈંતેકાલ થઈ ગયો. તથા તા. ૧૭–૯–૨૦૧૧ના રોજ **એમણાબેન વલી લશ્કરી**નો ઈન્તેકાલ થઈ ગયો.

**જંબુસર** : સૈયદ શાહનવાઝહુસૈન વકીલ સાહેબનાં વાલિદા સૈયદા કુબ્રા બીબી બહેનનો ઈન્તેકાલ પુરમલાલ તા. ૧૩–૮–૨૦૧૧ના રોજ થયેલ છે. તેમના જનાઝાનાની નમાઝ હઝરત સૈયદ મોઈનુદ્દીનબાવા (ખાનક઼ાહે એહલે સુન્નત–વડોદરા)એ પઢાવી હતા. મર્હૂમાના સવાબ અર્થે રૂા. ૧૫૦/– "બરકાતે ખ્વાજા" (માસિક)માં લિલ્લાહ આપેલ છે. જઝાકલ્લાહ !

**હાલોલ** : કાસમભાઈ આદમભાઈ વાંટીઆ તરફથી મર્હૂમ આદમભાઈ ભાઈજીભાઈ તથા મર્હૂમા મરયમબેન આદમભાઈના બંનેના ઈસાલે સવાબ અર્થે "બરકાતે ખ્વાજા" (માસિક)ને રૂા. ૫૦૦/– લિલ્લાહ મળેલ છે. જઝાકલ્લાહ !

**રોઝા ટંકારીઆ** : થી સુબાભાઈ યાકૂબભાઈ તરફથી રૂા. ૫૦૦ મર્હૂમ હસન યાકૂબભાઈના ઈસાલે સવાબ અર્થે "બરકાતે ખ્વાજા" (માસિક)ને મળ્યા છે. જઝાકલ્લાહ !

### ખિલાફત અર્પણ

**કારંટાશરીફ** : લિ. પીરઝાદા ફરીદમિયાં આર. કુત્બી (એસ.ટી.વાળા) સાહેબ લખી જણાવે છે કે, ગુજરાતના મશહૂરો, મઅરૂફ વલીએ કામિલ હઝરત શાહ કુત્બે મહમૂદ દાદા કારંટવી رحمۃ اللہ علیہના સજ્જાદા અને ગુજરાતના મશહૂર આલિમે બાઅમલ ફાઝિલે બોમ્બે હઝરત અલ્લામા વ મૌલાના હાજી પીર સૈયદ ગુલામ મહમૂદ ઈબ્ને હાજી પીર હમઝામિયાં કુત્બી કારંટવી (હાલ ગોધરા : માજી ખતીબો ઈમામ શાહી જામા મસ્જિદ)ને પીરે તરીકત સૈયદ ક઼મરૂદ્દીનબાવા સાહેબ પીરઝાદા કારંટવી દરિયાઈ અશરફી સાહબે ચિશ્તી, નક઼શબંદી, સુહરવર્દી, અશરફી, બરકાતી, રઝવી વગેરે તમામ સિલસિલાઓની ખિલાફતો ઈજાઝત આપી છે.

**રોઝા ટંકારીઆ** : જનાબ યાકૂબ મૂસા વલી તરફથી તેમના મર્હૂમા વાલિદા બીબીબહેન મૂસા વલીના ઈસાલે સવાબ અર્થે રૂા. ૫૦૦/– "બરકાતે ખ્વાજા" (માસિક)ને મળ્યા છે. જઝાકલ્લાહ !

**ભોજ** : (તા. પાદરા) ખાતે ઈસ્માઈલભાઈ ગુલામરસૂલ નોબારાનાં પત્ની સાહેબા મુમતાજબીબીનો તા. ૨૩–૮–૨૦૧૧ના રોજ, ૨૨–રમઝાન શરીફ હિ.સ. ૧૪૩૨ના દિવસે ઈન્તેકાલ થયો છે. તેમના સવાબ અર્થે રૂા. ૧૫૧/– "બરકાતે ખ્વાજા" (માસિક)ને મળ્યા છે. જઝાકલ્લાહ !

**નેનપુર** : (તા. મહેમદાબાદ) ઈનુસભાઈ મુહમ્મદભાઈ વોરાનો તા. ૧–૧૧–૨૦૧૦ના રોજ ઈન્તેકાલ થયો છે. તેમના સવાબ અર્થે "અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"ને રૂા. ૩૫૦/– લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ !

ઉપરોક્ત સર્વ મર્હૂમોની રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મગફેરત ફર્માવે તથા જન્નતમાં આ'લા મકામ અતા ફર્માવે, કુટુંબીજનોને, સગાંઓને સબ્રે જમીલ આપે. (આમીન) **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરી સર્વ મર્હૂમોને ઈસાલે સવાબ કરવામાં આવ્યો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને મફ્ત કિતાબ મેળવો

**સ્કીમમાં ભાગ લો**

તા. **૧–૧૦–૨૦૧૧**થી "બરકાતે ખ્વાજા (માસિક)ના **નવા ગ્રાહક** થનારને તેમજ **રિન્યુ કરાવનાર**ને નીચેની કિતાબ મફતમાં મળશે.

**તોહફાએ નજાત (ભાગ–૯)** યા'ને **"મૌતને ભૂલશો નહીં !"** (પેજીસ : ૪૮૦)

લેખક : હઝરત મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળા (હાલ : પ્રેસ્ટન)

**સ્કીમમાં ભાગ લો**

## અણમોલ કિતાબ મંગાવો

(કિતાબ) **શેરે ખુદાના કૌલ...** (પેજીસ : ૧૧૫) હદિયો : રૂા. ૪૦/–

સંપાદક : મુહમ્મદ અમીન એ ચોલા (નૂરી)

ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર, જામનગર–૩૬૧ ૦૦૧મો. ૯૮૨૪૮ ૩૬૫૦૦

(હઝરત અલી શેરે ખુદા کرم اللہ وجہہ الکریم ની મુબારક ઝબાનથી રજૂ થયેલા કલેમાત જે દુનિયા તથા આખેરતની ભલાઈ માટે અનુસરણીય અણમોલ વાતો છે જેને કિતાબરૂપે એક જગાએ જમા કરવામાં આવેલ છે જેથી આ કિતાબ મંગાવો, વાંચો, વંચાવો.) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**આયોજિત જમવા રહેવા સાથે** 3 X 2 લકઝરી બસ

**બસ ઉપડવાની તારીખ : ૨૨–૧૦–૨૦૧૧, રાત્રે : ૧૧ વાગ્યે.**

**પ્રવાસના સ્થળો : સાથે, ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, જયપુર, ફતેપુર, સીક્રી, આગ્રા, સીમલા, કુલ્લુ, મનાલી, કલીયર શરીફ, હરિદ્વાર, મસૂરી, દિલ્હી અજમેર,, મીરાદાતાર પરત ધોળકા.**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૬,૫૦૧/– | રૂા. ૩,૫૦૧/– | ૧૪ |

**બસ ઉપડવાનું સ્થળ** : તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૮૯૮૭૯૮૮૬૨, ૯૭૨૪૬૫૯૮૫૩**

**નોંધ** : **૧.** રૂા. ૧૦૦/– ગાઈડ ખર્ચ તથા યાત્રીવેરો વગેરે યાત્રિકોએ અલગથી આપવાનો રહેશે. **૨.** હરિદ્વારથી મસૂરી સ્વખર્ચે જવાનું. રહેશે. **૩.** મસૂરી પ્રવાસ દરમ્યાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે. **૪.** તા. ૦૫–૧૧–૨૦૧૧ના રોજ સવારની ચા તેમજ જમવાનું સ્વખર્ચે રહેશે. **૫.** રૂા. ૨,૦૦૧/– ડિપોઝીટ કરી મનપસંદ સીટ બુક કરાવી લેવી.

# દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ

ઠે. ચાર રસ્તા બસ સ્ટેન્ડ પાસે, મુ.તા. આમોદ, જિ. ભરૂચ
ફોન : (૦૨૬૪૨) ૨૪૬૧૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૬૮ ૪૦૨૭૭
Web. :www.barkatekhwaja.net Email : anjuman2006@hotmail.com


દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ (જિ. ભરૂચ) દિન પ્રતિ દિન પ્રગતિના પંથે આગેકૂચ કરી રહ્યું છે. અલ્હમ્દુલિલ્લાહ ! તજવીદના મામલે અતિગંભીરતાથી વિચારીને કુર્આન સહીહ ઉચ્ચાર તથા સહીહ ક઼િરાઅતના ક઼ાયદા સાથે હાફિઝો, આલિમો સૌ પઢે એને અહીં ખૂબ જ જોર દેવામાં આવે છે જેના માટે ઉમદા હાફિઝ તથા ક઼ારીઓ થકી હવે અહીં **ત્રણ હિફ્ઝ કલાસ** શરૂ થયેલા છે, **આલિમ કલાસ પાંચમી જમાઅત** સુધી પહોંચ્યો છે જેમાં ઉમદા મિસ્બાહી આલિમો તનતોડ મહેનત કરી રહ્યા છે. હાફિઝ, આલિમ દરેક વર્ગના તલબા માટે **કમ્પલસરી અંગ્રેજી સ્પીકિંગ, રીડીંગ, રાઈટીંગ**ની તા'લીમ તથા **કોમ્પ્યુટરની તા'લીમ** થઈ રહી છે. સફેદ પોશાક, સફેદ અમામા શરીફની, સુન્નતોની પાબંદી સાથે તા'લીમ થાય છે તથા દર જુમેરાતે આસપાસના ગામમાં તર્બિયતી કાફલા રવાના થાય છે. દીની અખ્લાક઼ી તર્બિયત સાથે હાફિઝ આલિમની પઢાઈ ચાલે છે. વિશેષમાં **''બરકાતે ખ્વાજા મોર્ડન એજ્યુકેશન સેન્ટર''** શરૂ કરવા માટે જગાની ખરીદી ભારે કિંમતમાં થઈ છે જેના પર બાંધકામ કરી **''દીની–દુનિયવી ઉમદા શિક્ષણ''** શરૂ થશે. ઈન્શાઅલ્લાહ ! અન્ય ઘણા કામો કરવાનાં છે.

**અલ્લાહને ખાતર** તમારી તથા તમારા મર્હૂમોની આખેરત સવાંરવા માટે **ફક્ત લિલ્લાહિયતની સાથે** આ સંસ્થા તરફ ધ્યાન કરશો એવી નમ્ર વિનંતિ છે. તેહરીકે **''સુન્ની દા'વતે ઈસ્લામી''** હેઠળ ચાલતા અહલે સુન્નત વ જમાઅત, **મસ્લકે આ'લા હઝરત**નો ડંકો વગાડવા કમર કસી ચૂકેલા આ ઈદારાને જરૂરથી સાથ આપશો અપાવશો. અમારી હમદર્દી તથા હોસલા અફઝાઈ કરનાર આ મુજાહિદોને અલ્લાહ બંને જહાનમાં જઝાએ ખૈર આપે.

**✪ અલ્લાહ તઆલા જઝાએ ખૈર અતા કરે ! ✪**


★ જનાબ મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળા (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી, યુ.કે. બ્રાન્ચ, પ્રેસ્ટન), મુબારકભાઈ ઘંટીવાળા, અબ્દુલ્લાહભાઈ દયાદરવી ★ જનાબ મૌલાના ઈસ્માઈલ ખોજબલવી ★ જનાબ હાફેઝ ઈકબાલ દરબાર દયાદરવી ★ જનાબ મૌલાના મોહસિન હવેલીવાલા દયાદરવી ★ જનાબ હાફેઝ હસન હલદરવી ★ જનાબ મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચણવી ★ જનાબ હાફેઝ રોશન મુહમ્મદ શેઠ દયાદરવી (બોલ્ટન) ★ જનાબ શફીકભાઈ અસૂર્યાવાળા ★ જનાબ મુહમ્મદભાઈ મોજીવાળા–સીતપોણવી (લંડન) ★ જનાબ હાફેઝ યૂસુફ મોરીશ દયાદરવી ★ જનાબ હાફેઝ આદમ સાહબ કંબોલ્વી (લેસ્ટર) ★ જનાબ મૌલાના મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી દયાદરવી (લેસ્ટર) ★ જનાબ મૌલાના ઈકબાલ મિસ્બાહી (બોલ્ટન) ★ જનાબ મૌલાના મોહસિન મક્કી સેગવાવાળા ★ જનાબ હુસૈન ઈબ્રાહીમ પટેલ, જનાબ હનીફ દાઊદ પટેલ (દયાદરવી), જનાબ હાફેઝ શોએબ શેઠ તથા જનાબ અબ્દુલ્લાહભાઈ મીમ સેગાવાવાળા, જનાબ ઈબ્રાહીમ હવેલીવાલા, જનાબ ફારૂક પટેલ, જનાબ યૂસુફભાઈ રાવલ્યા(લુસાકા) ★ જનાબ મૌલાના ઈસ્માઈલ પગુથણવી, જનાબ હાફેઝ હિંગલ્લાવાલા, જનાબ આરિફ અઝીઝ માસ્તર દયાદરવી (મલાવી) ★ જનાબ મૌલાના મક઼સૂદ વાગરાવાળા તેમજ નામી અનામી જે ભાઈઓ પણ સહકાર કરે છે તેમને રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં બંને દુનિયામાં બેહતરીન બદલો આપે. (આમીન)

**✪ પટેલ શબ્બીર અલી રઝવી (પ્રમુખ)** **✪ હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાલા (નાઝિમે આ'લા)**



**આલમી તેહરીક઼ સુન્ની દા'વતે ઈસ્લામી થકી**

# હાજીઓના ટ્રેનિંગ કેમ્પની જાહેરાત



હજ્જ તથા ઝિયારતે હરમૈન શરીફૈન માટે જનારા ખુશનસીબ સુન્ની બહેનોને હજ્જના અરકાન, મસાઈલ તથા આદાબે મદીના શીખવાડવા માટે નીચે પ્રમાણે ટ્રેનિંગ કેમ્પોનું આયોજન કરવામાં આવેલ છે જે તારીખો નોંધી લઈ જે તે શહેરના હાજીઓ ત્યાં હાજર રહી સહીહ અરકાન, મસાઈલ શીખે એવી વિનંતિ છે.

| | |
|---|---|
| **તા. ૨૫–૯–૨૦૧૧**<br>**ચિશ્તિયા મસ્જિદ, તાંદલજા–વડોદરા**<br>સવારે ૯.૦૦ થી સાંજના ૪.૦૦ વાગ્યા સુધી સુધી<br>(મો. ૯૮૨૫૯ ૭૯૨૭, ૯૭૨૫૬ ૭૬૫૫૨) | **તા. ૮–૧૦–૨૦૧૧**<br>**સબજી ફરોશ હોલ, દાહોદ**<br>સવારના ૯.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી<br>(મો. ૯૪૨૬૩ ૫૮૫૫૬) |
| **તા. ૩૦–૯–૨૦૧૧**<br>**દારુલ ઉલૂમ ગુલશને અજમેર,**<br>**બાવા રયહાન દરગાહ પાસે–ભરૂચ**<br>જુમ્આ બાદથી મગરિબ સુધી<br>(મુંબઈથી જનાબ ખાલિદભાઈ મુબલ્લિગ આવશે)<br>(ફોન : ૨૫૫૭૦૮, મો. ૯૮૨૪૧ ૩૬૨૫૭) | **તા. ૧૬–૧૦–૨૦૧૧**<br>**દારુલ ઉલૂમ ફૈઝે ઈમામ**<br>**અહમદ રઝા–બોડેલી**<br>સવારના ૯.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી<br>(ફોન : ૦૨૬૬૫–૨૨૦૮૮૬) |
| **૨–૧૦–૨૧૧**<br>**દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ**<br>સવારના ૯.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી<br>ઠે. ચાર રસ્તા, બસ સ્ટેન્ડ પાસે,<br>જંબુસર રોડ, **આમોદ** (ફોન : ૦૨૬૪૧–૨૪૬૧૯૨,<br>મો. ૯૪૨૬૮ ૪૦૨૭૭) | **તા. ૧૭–૧૦–૨૦૧૧**<br>**મસ્જિદે રઝા, મેમણ કોલોની, નસવાડી**<br>સવારના ૯.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી<br>(મો. ૯૪૨૭૪ ૫૩૬૫૦, હાજી સઈદભાઈ શેખ) |

નોંધ : દરેક પ્રોગ્રામમાં **જનાબ હાફેઝ અબ્દુર્રહીમ બરકાતી ભોલાવવાળા** (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) હજ્જનો તરીકો સમજાવશે.

મિન જાનિબ : **સુન્ની દા'વતે ઈસ્લામી (ભરૂચ શાખા) ભરૂચ** મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## છે કોઈ હદીષોના પ્રચારનો ચાહક ?!

**નુઝહતુલ કારી શરહે બુખારી** એટલે **"બુખારી શરીફની શરહ (ભાગ–૩)"** હાલમાં છપાઈને આવવાની તૈયારી છે. તો પોતાના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે આ કામમાં કોણ છે જે અમારી મદદ કરે ?! અંદાજીત ખર્ચ **રૂા. સાડા ત્રણ લાખ** (૫૦૦૦ કોપી)નો ખર્ચ થયો છે. તો અમારા આ સાહસમાં અલ્લાહ વ રસૂલની મહોબ્બતને ખાતર કોણ છે જે અમને ટેકો કરે ?! **રૂા. ૩૦૦/–** ભરી **"અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"**ના **મેમ્બર** થનારને આ કિતાબ તથા વરસભર છપાતી અન્ય કિતાબો ફ્રીમાં ઘેર બેઠાં મળશે. (ભાગ : ૪નો અનુવાદ પણ પૂર્ણ થયો છે.)

**સંપર્ક કરો :–** તંત્રી બરકાતે ખ્વાજા, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧